

પેજ-08

અશ્નૂર કૌરના લક્ઝરી ઘરમાં વરસાદનું પાણી ઘૂસ્યું...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

સેમસન સહિત 3 સ્ટાર્સ પર લટકી તલવાર, વાઇસ-કેપ્ટન પર પણ ખતરો મંડરાયો



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 31.00 | 27.00 |
| સુરત | 28.00 | 27.00 |

પેજ 5




માઈક્રોસોફ્ટમાં ફરી છટણીનું ભૂત ધૂણશે! 5000 લોકોની નોકરી સામે ...

03 JULY-2026 FRIDAY

દોહામાં અમેરિકા-ઈરાન વાટાઘાટથી શાંતિની નવી આશા, કતાર...



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 77502.12 ▲ | 579.48 |
| નિફ્ટી | 24175.70 ▲ | 169.85 |
| સોનું | 146293.00 ▲ | 1863.0 |
| ચાંદી | 229690.0 ▲ | 1465.0 |

વર્ષ-15 । અંક-230 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ - 04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### જાપાન સાથે મળીને ભારતમાં ૧૦૦૦ ખાતર પ્લાન્ટ સ્થપાશે | ૧૦ વર્ષમાં ૧૦ ટ્રિલિયન યેનના રોકાણનું લક્ષ્ય નિર્ધારિત

# મોદીએ જાપાનના પીએમને 'નાની બહેન' ગણાવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

ભારત અને જાપાન વચ્ચેના આર્થિક સંબંધો હવે એક નવી ઊંચાઈ પર પહોંચી રહ્યા છે. જાપાનના વડાપ્રધાન સાને તાકાઈચી તેમની ત્રણ દિવસની ભારત મુલાકાતે આવ્યા છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંબંધોને વધુ મજબૂત બનાવતા તેમને પોતાની 'નાની બહેન' તરીકે સંબોધિત કર્યા હતા. આ મુલાકાત દરમિયાન બંને દેશોએ આર્થિક ભાગીદારીને નવી ગતિ આપવા માટે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. બંને નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદમાં ભારત અને જાપાનને વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ ગણાવી હતી. આ મુલાકાત માત્ર આર્થિક જ નહીં, પરંતુ વ્યૂહાત્મક રીતે પણ ખૂબ જ મહત્વની માનવામાં આવે છે. બંને દેશો વચ્ચે વધતો જતો સહયોગ એશિયાઈ ક્ષેત્રમાં સ્થિરતા અને વિકાસ માટે પાયાનો પથ્થર સાબિત થશે.



**રોકાણ અને ઉદ્યોગ માટે 'જાપાન બિઝનેસ વીક' :** ભારત-જાપાન જોઈન્ટ ઈકોનોમિક ફોરમમાં વડાપ્રધાન મોદીએ જાપાની કંપનીઓને ભારતની વિકાસ યાત્રામાં સહભાગી બનવા આમંત્રણ આપ્યું છે. જાપાની રોકાણકારોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે સરકારે 'જાપાન બિઝનેસ વીક' શરૂ કરવાની જાહેરાત કરી છે. આ વ્યવસ્થા હેઠળ વડાપ્રધાન કાર્યાલય (PMO) ના વરિષ્ઠ અધિકારીઓ સીધા જ જાપાની રોકાણકારો સાથે વાતચીત કરીને તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવશે. બંને દેશોએ આગામી ૧૦ વર્ષમાં ભારતમાં ૧૦ ટ્રિલિયન યેનનું રોકાણ કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય રાખ્યું છે.

**નેતૃત્વની મુલાકાત અને ભાવનાત્મક સંબંધ :** જાપાનના પીએમ સાને તાકાઈચીની આ પ્રથમ ભારત મુલાકાત છે. રાષ્ટ્રપતિ ભવન ખાતે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. હૈદરાબાદ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં મોદી અને તાકાઈચીએ હસ્તધૂનન કરીને બંને દેશોની મિત્રતાને ફરી દોહરાવી હતી. પીએમ મોદીએ તેમના સંબોધનમાં કહ્યું કે, 'ભારત અને જાપાનની ટેકનોલોજી, રોકાણ અને ઉત્પાદન ક્ષમતાનું મિશ્રણ માત્ર બંને દેશો માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

**૧૦૦૦ ખાતર કારખાના અને મેન્યુફેક્ચરિંગનો દમ**

વડાપ્રધાન મોદીએ જાપાનના સહયોગથી ભારતના કૃષિ ક્ષેત્રને આધુનિક બનાવવા માટે એક મોટી યોજના જાહેર કરી છે. તેમણે જણાવ્યું કે જાપાનની મદદથી દેશમાં લગભગ ૧૦૦૦ જેટલા ખાતર (ફર્ટિલાઇઝર) કારખાના સ્થાપિત કરવામાં આવશે, જે ભારતની ઉત્પાદન ક્ષમતામાં મોટો વધારો કરશે.આ ઉપરાંત, તેમણે મારુતિ સુઝુકીના સફળ મૉડેલનો ઉલ્લેખ કરતા કહ્યું કે આજે વિશ્વમાં વેચાતી સુઝુકીની બે-તૃતીયાંશ કાર ભારતમાં બની રહી છે અને તે ૧૦૦થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવે છે. પીએમ મોદી અને જાપાનના પીએમ તાકાઈચીએ હરિયાણાના ખરખોડામાં મારુતિ સુઝુકીના ચોથા પ્લાન્ટનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન પણ કર્યું હતું.

# ભારતીય નૌકાદળે દરિયાઈ લૂંટારાઓનો હુમલો નિષ્ફળ બનાવ્યો

- **એડનની ખાડીમાં INS ત્રિકંડના માર્કોસ કમાન્ડોને જોતા જ લૂંટારાઓ ભાગી ગયા**

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજ INS ત્રિકંડે બુધવારે રાત્રે એડનની ખાડીમાં એક વેપારી જહાજ પર દરિયાઈ ચાંચિયાઓના હુમલાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો. MV ગોલ્ડન આર્સેનલ જહાજ પર એક ભારતીય ક્રૂ મેમ્બર પણ હાજર હતો અને તે ભારત માટે મહત્વપૂર્ણ કાર્ગો લઈને આવી રહ્યું હતું.નૌકાદળ પહોંચતા જ દરિયાઈ ચાંચિયાઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા. આ પછી માર્કોસ કમાન્ડોએ જહાજ પર ચઢીને તેને સંપૂર્ણપણે સુરક્ષિત જાહેર કર્યું.દરિયાઈ ચાંચિયાઓએ જહાજ પર ચઢવાનો પ્રયાસ કર્યો, જેના પછી ક્રૂ મેમ્બરોએ સંચાર માધ્યમ દ્વારા અધિકારીઓને તેની જાણકારી આપી.



**સુરક્ષિત રૂમમાં છુપાઈને ક્રૂ મેમ્બર્સે નેવીને જાણ કરી :** અધિકારીઓએ જણાવ્યું કે જેવી રીતે દરિયાઈ લૂંટારાઓએ જહાજ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો, ક્રૂ મેમ્બર્સે પોતાને એક સુરક્ષિત રૂમમાં બંધ કરી દીધા. ત્યારબાદ તેમણે તરત જ રેડિયો કોમ્યુનિકેશન ચેનલ દ્વારા ભારતીય નૌકાદળને આ હુમલાની જાણકારી આપી અને મદદ માંગી.

## કર્ણાટકની પથ્થરની ખાણમાં ખડક પડ્યો, 8ના મોત: બધા બિહારના રહેવાસી

- **અકસ્માત સમયે 18 મજૂરો કામ કરી રહ્યા હતા; કર્ણાટકના CMએ દુઃખ વ્યક્ત કર્યું**



(એજન્સી) બેંગલુરુ । તા. 02

કર્ણાટકના બેંગલુરુ સાઉથ તાલુકા વિસ્તારમાં ગુરુવારે સવારે પથ્થરની ખાણમાં 40 ફૂટની ઊંચાઈએથી ખડક પડતાં બિહારના 8 મજૂરોના મોત થયા હતા. અકસ્માત સમયે ખાણમાં લગભગ 18 મજૂરો કામ કરી રહ્યા હતા.આ અકસ્માતમાં અન્ય ઘણા મજૂરો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે, ઘાયલોની ચોક્કસ સંખ્યાની પુષ્ટિ હજુ સુધી થઈ નથી. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને રાહત-બચાવ દળ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. કાટમાળ હટાવવાનું કામ ચાલુ છે.

### પશ્ચિમ બંગાળમાં ટીએમસીના પક્ષપલટાથી રાજકીય ભૂકંપ | ૫૮ ધારાસભ્યો અને ૨૦ સાંસદો મમતાથી અલગ થયા

# અસલી ટીએમસી હોવાનો દાવો કરતા બળવાખોર જૂથે ચૂંટણી પંચ પાસે કરી માંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

પશ્ચિમ બંગાળના રાજકારણમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) માટે એક મોટું સંકટ ઊભું થયું છે. પક્ષના બળવાખોર જૂથે ગુરુવારે બપોરે ચૂંટણી પંચ સાથે મુલાકાત કરીને ટીએમસીના પક્ષ પર પોતાનો દાવો મજબૂત કર્યો છે. ઋતબ્રત બેનર્જીના નેતૃત્વમાં ૧૦ સભ્યોના પ્રતિનિધિમંડળે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરી અને પક્ષમાં થયેલા સંગઠનાત્મક ફેરફારોને માન્યતા આપવાની માંગ કરી છે. મુલાકાત બાદ પત્રકારો સાથે વાત કરતા ઋતબ્રત બેનર્જીએ સ્પષ્ટ કર્યું કે, 'અમે જ અસલી ટીએમસી છીએ.



**મમતા બેનર્જીના નેતૃત્વમાં મોટું ભંગાણ :** પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ ૩ જૂને ટીએમસીના ૮૦ માંથી ૫૮ ધારાસભ્યોએ મમતા બેનર્જીના નેતૃત્વ સાથે છેડો ફાડ્યો હતો. આ માત્ર શરૂઆત હતી; ત્યારબાદ ૧૫ જૂને ટીએમસીના ૨૦ સાંસદોએ પણ પક્ષ છોડીને ત્રિપુરાની નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી (NCPI) માં વિલય કર્યો હતો. આ ઘટનાક્રમ મહારાષ્ટ્રમાં વર્ષો પહેલા થયેલા રાજકીય બળવાની યાદ અપાવે છે.

**મહારાષ્ટ્રની ઘટનાનું પુનરાવર્તન? :** રાજકીય નિષ્ણાતો પશ્ચિમ બંગાળના આ ઘટનાક્રમને ૨૦૨૨માં મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે દ્વારા કરવામાં આવેલા બળવા સાથે સરખાવી રહ્યા છે. જે રીતે મહારાષ્ટ્રમાં સ્પીકરે શિંદે જૂથને જ અસલી શિવસેના માન્યતા આપી હતી અને ચૂંટણી પંચે ધનુષ-બાણનું ચિહ્ન તેમને સોંપ્યું હતું, તેવી જ સ્થિતિ હવે બંગાળમાં સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. બળવાખોર ધારાસભ્યોએ ૩ જૂને જ વિધાનસભા અધ્યક્ષને પત્ર આપીને ઋતબ્રત બેનર્જીને વિરોધ પક્ષના નેતા તરીકે સમર્થન આપ્યું હતું.

## અયોધ્યામાં સ્કૉર્પિયો ટ્રકમાં ઘૂસી, 3ના મોત:કારના પૈડા નીકળી ગયા, છત સંપૂર્ણપણે ઉડી ગઈ; 4ની હાલત ગંભીર

(એજન્સી) અયોધ્યા । તા. 02

અયોધ્યામાં પુરપાટ ઝડપે સ્કોર્પિયો ટ્રકમાં પાછળથી ઘૂસી ગઈ. ટક્કર એટલી ભયાનક હતી કે સ્કોર્પિયોની છત ઉડી ગઈ. ગાડી ખરાબ રીતે કચડાઈ ગઈ. તેના પૈડાં નીકળીને બહાર આવી ગયા. ઘટના સમયે તેમાં 7 લોકો સવાર હતા. જેમાંથી ત્રણ લોકો અંદર ફસાઈ જવાથી ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા.જ્યારે 4 લોકો ઘાયલ થયા. ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ. લોકોએ જોયું તો તરત જ પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી. ત્યારબાદ કાચ તોડીને સ્કોર્પિયોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા. એમ્બ્યુલન્સની મદદથી ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. જ્યાં ઘાયલોને દાખલ કરવામાં આવ્યા છે. તેમની સારવાર ચાલી રહી છે.ઘટના ગુરુવારે સવારે લગભગ 7 વાગ્યે રૌનાહી પોલીસ સ્ટેશન વિસ્તારના મુબારકગંજ પાસેના અયોધ્યા-લખનઉ નેશનલ હાઈવે પર બની હતી.

**સ્કોર્પિયોની સ્પીડ વધુ હોવાથી ડ્રાઈવર કાર પર કાબૂ મેળવી શક્યો નહીં :** નજરેજોનારના જણાવ્યા મુજબ સવારે લખનઉ તરફથી સ્કોર્પિયો આવી રહી હતી. ગાડીની સ્પીડ વધુ હતી. ગાડી જેવી જ મુબારકગંજના અયોધ્યા-લખનઉ નેશનલ હાઈવે પર પહોંચી. તેની આગળ એક ટ્રક જઈ રહ્યો હતો. સ્કોર્પિયોની સ્પીડ ઘણી વધુ હતી. ગાડી ચલાવી રહેલો વ્યક્તિ તેને કન્ટ્રોલ કરી શક્યો નહીં. સ્કોર્પિયો સ્પીડમાં પાછળથી ટ્રકની અંદર ઘૂસી ગઈ.

### દિલ્હી પોલીસના હાથે ઝડપાયો શસ્ત્રોનો સોદાગર

# દિલ્હીમાં કુખ્યાત શસ્ત્ર સપ્લાયર સલીમ પિસ્તોલની યુએપીએ હેઠળ ધરપકડ

નવી દિલ્હી: રાષ્ટ્રીય રાજધાનીમાં સક્રિય ગુનાખોરીના નેટવર્કને મોટો ઝટકો આપતા દિલ્હી પોલીસે કુખ્યાત શસ્ત્ર સપ્લાયર સલીમ અહેમદ ઉર્ફે સલીમ પિસ્તોલની ધરપકડ કરી છે. સલીમ પિસ્તોલ સામે ગંભીર ગેરકાનૂની પ્રવૃત્તિઓ રોકથામ અધિનિયમ એટલે કે યુએપીએ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલામાં વધુ તપાસ માટે દિલ્હી પોલીસે આરોપીને પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા છે. સલીમ પિસ્તોલ માત્ર એક કેસમાં જ નહીં, પરંતુ બે એમસીઓસીએ કેસોમાં પણ નામ ધરાવે છે. એડિશનલ સેશન્સ જજ અમિત બંસલે આ મામલે સુનાવણી કરતા સલીમ પિસ્તોલને પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવાનો આદેશ આપ્યો હતો. હવે આરોપીને આગામી ૬ જુલાઈના રોજ ફરીથી કોર્ટમાં રજૂ કરવામાં આવશે. પોલીસનું માનવું છે કે સલીમ પિસ્તોલની પૂછપરછથી રાજધાનીમાં શસ્ત્રોના સપ્લાય કરતા અનેક મોટા ગુનાખોરોની માહિતી મળી શકે છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી વિવિધ ગુનાહિત સિન્ડિકેટોને હથિયારો અને દારૂગોળો પૂરો પાડતો હતો, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ ખતરો છે.

સલીમ પિસ્તોલની કાયદાકીય મુશ્કેલીઓનો ઈતિહાસ લાંબો છે. અગાઉ ૬ જૂનના રોજ પટિયાલા હાઉસ કોર્ટે તેને ગેંગસ્ટર હાસિમ બાબા સાથે જોડાયેલા એક કેસમાં વચગાળાની જામીન આપી હતી. જોકે, દિલ્હી પોલીસ તરત જ આ નિર્ણયને પડકારવા હાઈકોર્ટમાં પહોંચી હતી. પોલીસના વિશેષ સરકારી વકીલ અખંડ પ્રતાપ સિંહે હાઈકોર્ટને જણાવ્યું હતું કે આરોપી અનેક ગંભીર કેસોમાં સામે છે અને તેને મુક્ત કરવો સુરક્ષાની દૃષ્ટિએ જોખમી છે.દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ મધુ જૈને આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં લેતા ટ્રાયલ કોર્ટના જામીન આદેશ પર રોક લગાવી દીધી હતી. હાઈકોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટતા કરી હતી કે આગામી સુનાવણી સુધી જામીનનો આદેશ અમલમાં રહેશે નહીં. મહત્વની વાત એ છે કે, આરોપીને અગાઉ કારકડુમા કોર્ટમાંથી પણ એક એમસીઓસીએ કેસમાં જામીન મળી ચૂક્યા હતા, પરંતુ આ નવા યુએપીએ કેસને કારણે તે જેલમાંથી મુક્ત થઈ શક્યો ન હતો.દિલ્હી પોલીસ માટે સલીમ પિસ્તોલની ધરપકડ એક મોટી સફળતા ગણવામાં આવે છે. રાજધાનીમાં વધતી જતી ગેંગવોર અને સશસ્ત્ર ગુનાઓમાં આ સપ્લાયરની મુખ્ય ભૂમિકા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

### હત્યાનું કાવતરું ઘડાયું હતું તે મેદાનમાં આરોપીને લઈ ગઈ પોલીસ

# કેતન અગ્રવાલ હત્યાકાંડમાં પુણે પોલીસે કર્યું ક્રાઈમ સીન રિકન્સ્ટ્રક્શન

પુણે: કેતન અગ્રવાલ હત્યા કેસમાં તપાસ તેજ કરતા પુણે ગ્રામીણ પોલીસે ગુરુવારે સવારે મુખ્ય આરોપી સિયા ગોયલને લુલ્લાનગર વિસ્તારમાં આવેલા એક ખુલ્લા મેદાનમાં લઈ ગઈ હતી. પોલીસ તપાસમાં એવો ઘટસ્ફોટ થયો છે કે, આ મેદાનમાં જ સિયા ગોયલ અને તેનો સહ-આરોપી ચેતન ચૌધરીએ કેતન અગ્રવાલને લોહગઢ કિલ્લા પરથી ધક્કો મારીને હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું અને તેની રિહર્સલ કરી હતી.

આ તપાસ દરમિયાન પોલીસે સિયા ગોયલના નિવાસસ્થાને દરોડો પાડીને તે દિવસે તેણે પહેરેલા કપડાં કબજે કર્યા છે, જે હત્યાના કેસમાં મહત્વના પુરાવા સાબિત થઈ શકે છે. જોકે, આરોપીના પિતા પ્રવીણ ગોયલે જણાવ્યું હતું કે પોલીસે જ્યારે તેમના ઘરે આવી ત્યારે તેમને કોઈ પૂછપરછ કરી ન હતી. પ્રવીણ ગોયલે કહ્યું કે, "પોલીસ લગભગ ૩૦ થી ૪૫ મિનિટ સુધી ઘરમાં હતી, પરંતુ મારી તબિયત



સારી ન હોવાથી હું તેમને મળી શક્યો નથી. મારી પાસે આ કેસ વિશે વધુ વાત કરવાની શક્તિ નથી."બુધવારે પોલીસે બીજા આરોપી ચેતન ચૌધરીને લોહગઢ કિલ્લા પર લઈ જઈને ઘટનાનું પુનઃનિર્માણ કર્યું હતું. તપાસકર્તાઓએ મૃતકના વજન જેટલા જ વજનના એક ડમીનો ઉપયોગ કરીને હત્યા કેવી રીતે થઈ હશે તેનો નકશો તૈયાર કર્યો હતો. પુણે ગ્રામીણના અધિક પોલીસ અધિક્ષક શુભમ કુમારે જણાવ્યું કે, "અમે ચેતન ચૌધરીને ઘટનાસ્થળે લઈ ગયા હતા અને તેણે તે દિવસે બનેલી ઘટનાનો ક્રમ અમને સમજાવ્યો હતો. અત્યારે તપાસ ચાલી રહી છે."ઉલ્લેખનીય છે કે, ૧૮ જૂનના રોજ પુણે નજીકના લોહગઢ કિલ્લા પરથી નીચે પડવાથી કેતન અગ્રવાલનું મોત થયું હતું. લોનાવલા ગ્રામીણ પોલીસને એવી શંકા છે કે મુખ્ય આરોપી સિયા ગોયલ, જેની કેતન સાથે સગાઈ થઈ હતી, તે હાલમાં લગ્ન કરવા માંગતી નહોતી અને તેના પર પરિવારનું દબાણ હતું, જેના કારણે તેણે આ આત્યંતિક પગલું ભર્યું હોઈ શકે છે.

મહારાષ્ટ્ર સરકારે આ ચકચારી કેસમાં ઝડપી ન્યાય મળે તે માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની રચનાને મંજૂરી આપી છે. આ ઉપરાંત રાજ્યસભાના સાંસદ અને વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમને વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સિયા ગોયલ અને ચેતન ચૌધરીની ૨૩ જૂનના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને અત્યારે તેઓ ૩ જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં છે.

### લોકસભામાં બે-તૃતીયાંશનો આંકડો મેળવવા 41 સાંસદોની જરૂર, મોટા બંધારણીય ફેરફારો કરશે

# NDAનું મિશન 360, હવે DMK-NCP-સપામાં ભંગાણની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

ભાજપના ટોચના વ્યૂહરચનાકારો રાજકીય ચિત્ર બદલવા માટે 'મિશન 360'માં લાગેલા છે. 17 એપ્રિલે મહિલા અનામત અને સીમાંકન સંબંધિત બિલ પર લોકસભામાં આંચકો લાગ્યા પછી જ ભાજપે સંસદમાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવાની રણનીતિ તેજ કરી દીધી હતી.પાર્ટીનું ધ્યાન ફક્ત આ જ બિલ પૂરતું મર્યાદિત નથી, પરંતુ 'એક દેશ-એક ચૂંટણી' અને ન્યાયિક સુધારા જેવા મોટા બંધારણીય ફેરફારો માટે જરૂરી 'સુપર મેજોરિટી' હાંસલ કરવા પર છે.આ માટે ભાજપ વિરોધ પક્ષોમાં ભંગાણ, નવા સહયોગીઓને જોડવા અને જરૂર પડ્યે મતદાન સમયે વિપક્ષની ગેરહાજરી જેવા વિકલ્પો પર નજર રાખી રહ્યું છે. તેને સંસદના ચોમાસુ સત્ર સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. આવું કરવાથી સરકારની નિષ્ફળતા દેખાશે. સીમાંકન થઈ જાય અને વિરોધ પણ ન થાય, તે માટે જ મહિલા અનામતનો નુસખો કાઢવામાં આવ્યો.

**ઉદ્ધવ જૂથના 6 સાંસદો શિંદેની શિવસેનામાં જોડાયા :** તાજેતરમાં ટીએમસીના 20 સાંસદો અલગ થઈને એનડીએને સમર્થન આપ્યા બાદ અને શિવસેના (ઉદ્ધવ)ના 6 સાંસદો શિંદે જૂથમાં સામેલ થયા બાદ આ અટકળોને વધુ વેગ મળ્યો છે. જોકે, આ જોડાણ છતાં બે-તૃતીયાંશ બહુમતી માટે 41 વધુ સાંસદોની જરૂર છે.આ માટે ભાજપની નજર હવે સપા, ડીએમકે, એનસીપી (શરદ) જેવા પક્ષો પર છે. મહારાષ્ટ્ર ભાજપના એક વરિષ્ઠ નેતાએ દાવો કર્યો કે શરદ પવારના 8 સાંસદોમાંથી તેમની પુત્રી સુપ્રિયા સુલે સિવાય બાકીના 7 ભાજપ સાથે છે. જોકે, સરકાર બિલોના સંબંધમાં તમામ પક્ષો સાથે વાત કરી રહી છે.

**સીમાંકન માટે મહિલા અનામતનો નુસખો કાઢ્યો :** સુપ્રીમ કોર્ટના વકીલ ચિરાગ ગુપ્તા અને રાજ્યસભાના પૂર્વ મહાસચિવ વિવેક અગ્નિહોત્રી સાથે ભાસ્કરે બે-તૃતીયાંશ બહુમતીના મામલે ચર્ચા કરી. બંનેના મતેબંધારણ સુધારા માટે બે-તૃતીયાંશ બહુમતીની જરૂર છે- મહિલા અનામત હોય, સીમાંકન હોય કે કોઈ અન્ય વિધેયક. બંધારણ મુજબ 2026માં સીમાંકન કરાવવાનું છે. આ માટે સરકારે પહેલાંથી જ 888 લોકસભા અને 384 રાજ્યસભા સાંસદોની બેઠક ક્ષમતા ધરાવતું સંસદ ભવન બનાવી દીધું છે.જો સીમાંકન ન થયું તો તેને આગળ વધારવા માટે બંધારણમાં સુધારો કરવો પડશે.

### લોકલસર્કલ્સ સર્વે- OTTના 80% યુઝર્સ ડિજિટલ છેતરપિંડીનો ભોગ બન્યા:61% પુરુષો અને 39% મહિલાઓ સામેલ, કાર્યવાહીની માગ

નવી દિલ્હી : ઓટીટી પ્લેટફોર્મ્સ પર યુઝર્સને ગેરમાર્ગે દોરતી ડાર્ક પેટર્ન (ડિજિટલ છેતરપિંડી) નો ઉપયોગ વધી રહ્યો છે. લોકલસર્કિલ્સના સર્વે મુજબ, 10 માંથી 8 એટલે કે 80% ભારતીય યુઝર્સે સ્વીકાર્યું કે તેઓ ઓટીટી એપ્સ પર આવી ભ્રામક રણનીતિઓનો શિકાર થયા છે.સર્વેમાં દેશના 324 જિલ્લાઓમાંથી 1.18 લાખથી વધુ લોકોની પ્રતિક્રિયાઓ સામેલ કરવામાં આવી હતી.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 04 July, 2026 | 6:30 PM | Himmat Nagar |

Venue : Pratham Banquet, 2nd Floor, Pratham Square, Pratham Cross Road, Sahakari Jin Road, Himatnagar-383001

Name : Ravi Shah | 9375229108

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# ધારાસભ્ય ચૈતર વસાવાને સમર્થન આપવા ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશના આદિવાસી સંગઠનો અને આગેવાનો હાજર રહ્યા




અમદાવાદ : આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય તથા આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતરભાઈ વસાવાને તેમના પરિવાર અને આદિવાસી સમાજના બીજા આગેવાનો સહિતના ને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યા છે. તેના વિરોધમાં તથા ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં આદિવાસી સમાજ નર્મદા દ્વારા "સામાજિક



બાબુભાઈ ડામોર, રાકેશ બારીયા અને નરેશ બારીયા સહિત આમ આદમી પાર્ટીના પ્રદેશના આગેવાનો, સ્થાનિક હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓની સાથે સાથે ગુજરાત સહિત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના આદિવાસી સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આદિવાસી સમાજની

ચૈતર વસાવા જાગૃત બનીને, ભણી ગણીને અને ધારાસભ્ય બનીને ભાજપની ઊંઘ હરામ કરી શકે છે તો જો આટલા એક લાખ યુવાનો ભણી ગણીને આગળ વધે તો 100% તેઓ ભાજપના મૂળિયા ઉખાડી નાખે એમ છે. મેં ગઈકાલે જ ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્ની વર્ષાબેનને કહ્યું હતું કે તમારા પર જે જવાબદારી આવી પડી છે એમાં તમારે ચિંતા કરવાની જરૂર નથી કારણ કે આમ આદમી પાર્ટીના એક એક નેતાઓ અને કાર્યકર્તાઓ તમારા માટે ભાઈ બનીને ઉભા છે. ચૈતરભાઈનો ગુનો શું હતો? એમનો ગુનો એ હતો કે એમણે જળ, જંગલ અને જમીન મુદ્દે સરકાર સામે બાથ ભીડી. જ્યાં સુધી ચૈતરભાઈ છે ત્યાં સુધી કોઈ કંપનીઓની તાકાત નથી કે જંગલની જમીનો પડાવી શકે. આજે ભલે ચૈતરભાઈ જેલમાં હોય પરંતુ આજની સભાના ફોટા જ્યારે તેઓ જોશે ત્યારે તેમની છાતી ગજગજ ફૂલશે. ચૈતરભાઈ એકલા નથી આખી ટાઈગરની સેના સાથે છે, અને હું ખાતરી આપું છું કે ચૈતરભાઈને વધારે સમય સુધી જેલમાં રહેવા દઈશું નહીં.

# ચૈતર વસાવા કેસમાં નવો વળાંક: સરકારી સૂચના પર વકીલનું કામ કરવાનો ઈટાલિયાનો દાવો

અમદાવાદ : આમ આદમી પાર્ટીના નેતા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ધારાસભ્ય ચૈતર વસાવાના કેસમાં મોટો ખુલાસો કરતા જણાવ્યું હતું કે, ચૈતરભાઈ વસાવાના કેસમાં એક બહુ મોટી બાબત સામે આવી છે. જ્યારે ચૈતરભાઈ જેલમાં જવાના હતા ત્યારે જો તમે મારું મીડિયા સમક્ષ આપેલું નિવેદન સાંભળ્યું હોય તો તેમાં હું બોલ્યો હતો કે સરકારી પોલીસ, સરકારી ફરિયાદી, સરકારી સાક્ષી અને સરકારી વકીલ, આ બધા ભેગા મળીને ભાજપના ઈશારે નિર્દોષ લોકોને જેલમાં ધકેલી રહ્યા છે. મેં તે દિવસથી લઈને આજ સુધી જે વાત કહી હતી, તેને સાબિત કરતો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં ગુજરાત હાઈકોર્ટના સરકારી વકીલ એવું જણાવી રહ્યા છે કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સીધી સૂચના હાઈકોર્ટના સરકારી વકીલ સાહેબને આપી હતી. એ વકીલ સાહેબે હર્ષ સંઘવી અને મુખ્યમંત્રીની સૂચના પ્રમાણે કોર્ટમાં કામ કર્યું, જેના કારણે શકુંતલાબેનને જામીન મળી ગયા. હું આ જ વાત પહેલા દિવસથી કહું છું કે મુખ્યમંત્રી અને હર્ષ સંઘવી સરકારી વકીલોને પહેલા દિવસથી જ ખાનગીમાં અને જાહેરમાં આવી સૂચનાઓ આપતા હશે અને એટલે જ ડેડિયાપાડાની કોર્ટમાં નિર્દોષ માણસોને સાત વર્ષની સજા થઈ. હર્ષ સંઘવી અને ભૂપેન્દ્ર પટેલે સંયુક્ત નિર્ણય લીધો કે ચૈતર વસાવાને ખોટા કેસમાં સાત વર્ષની સજા કરાવી દેવી, જેથી તેઓ આદિવાસી સમાજને જે જાગૃત કરવાનું કામ કરે છે તે રોકી શકાય. આખો ખેલ આજે ખુલ્લો પડી ગયો છે. હાઈકોર્ટના સરકારી વકીલ પોતે બોલે છે કે તેમને સરકારમાંથી સીધી સૂચના મળી હતી. આ સૂચના કોઈ સામાન્ય અધિકારીની નહોતી, કાયદા વિભાગના IASની નહોતી, કે કાયદા વિભાગના સચિવ કે મદદનીશ સચિવની નહોતી, પરંતુ સીધી ગૃહમંત્રી હર્ષ સંઘવી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હતી! એનો અર્થ એ થયો કે આ આખા કેસની અંદર, ચૈતર વસાવાને જેલમાં પૂરવા માટે ઉપર બેઠેલા આ બે માણસોએ જ સીધી સૂચનાઓ આપી છે. અને હવે એવું કહેવામાં આવે છે કે સરકારે 'માનવતાનો સંવેદનશીલ અભિગમ' રાખ્યો છે.

# 61 તાલુકામાં સૌથી વધુ માંગરોળમાં 4 ઇંચ : ગોંડલ-નર્મદામાં ધોધમાર વરસાદ શરૂ; દ્વારકાના દરિયામાં 11 ફૂટ ઊંચા મોજા ઉછળશે, 4 જિલ્લામાં રેડ એલર્ટ...

અમદાવાદ | ગુજરાતમાં વરસાદને લઈ જૂન મહિનો નિરાશાજનક રહ્યા બાદ જુલાઈના પ્રારંભે જ મેઘરાજાએ જમાવટ કરી દીધી છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 107 તાલુકમાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ સુરતના પલસાણામાં 7.99 ઈંચ ખાબક્યો છે. જૂનાગઢ, નવસારી, રાજકોટ, અમરેલી સહિતના જિલ્લામાં પણ ધોધમાર વરસાદથી અનેક જગ્યાએ જળબંબાકારના દૃશ્યો જોવા મળ્યા હતા. રાજુલાની રાયડી નદીમાં ઘોડાપૂર આવતા 35 બકરા અને મહિલાઓ તણાયા હતા. જોકે, મહિલાઓને સ્થાનિકોએ બચાવી લીધી હતી.

આજે સવારના 6થી 12 વાગ્યા સુધીમાં 31 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ જૂનાગઢના માંગરોળમાં 4 ઈંચ પડ્યો છે. વેરાવળમાં ધોધમાર વરસાદથી નીચાળવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સાથે શિવ મંદિરમાં પાણી ઘૂસ્યા છે. બીજી તરફ સુરતના ડીંડોલી વિસ્તારમાં આજેપણ લગભગ 40 મીટર રોડ બેસી ગયો હતો, જેમાં એક ટેન્કર ભૂવામાં ફસાયું. હવામાન વિભાગ દ્વારા 5 જુલાઈ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે એલર્ટ જારી કર્યું છે. આજે ચાર જિલ્લામાં રેડ એલર્ટ અને પાંચ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગના મતે પવનની ગતિ 40થી 50 કિમીની રહેશે અને વીજળી પડવાની શક્યતા પણ રહેશે. NDEM પોર્ટલ પરથી મળેલા INCOIS અહેવાલ મુજબ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનારથી હર્ષદ સુધીના દરિયાકાંઠે હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દરિયામાં 11 ફૂટથી ઊંચા મોજા ઉછળવાની શક્યતા હોવાથી, તોફાની સ્થિતિને જોતાં માછીમારોને સાવધ રહેવા સૂચના આપવામાં આવી છે.



**જામનગરના ગ્રામ્ય પંથકમાં મેઘમહેર |** જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. જામજોધપુર તાલુકાના સમાણા, દલ દેવડીયા અને સડોદર સહિતના અનેક ગામોમાં મેઘમહેર થઈ છે. આ વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તાર અને ખેતરોમાં પણ પાણી ભરાઈ ગયા છે, જેનાથી ખેડૂતોમાં પણ આનંદની લાગણી છવાઈ ગઈ છે.

નર્મદા જિલ્લાના રાજપીપળા સહિત તમામ 6 તાલુકામાં લાંબા વિરામ બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. છેલ્લા એક અઠવાડિયાથી અહીં ધીમીધારે વરસાદ પડી રહ્યો હતો, પરંતુ આજે અચાનક વાદળછાયા વાતાવરણ વચ્ચે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જિલ્લાના સાગબારામાં અંદાજે 2 ઈંચ વરસાદ ખાબકતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

લાંબા સમયથી વરસાદ ખેંચાવાના કારણે અસહ્ય ગરમી અને ઉકળાટથી પરેશાન લોકોને આ વરસાદથી મોટી રાહત મળી છે અને સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે. ખેતીલાયક ઉત્તમ વરસાદ થતાં વાવણી માટે ખેડૂતોમાં ભારે ખુશીની લાગણી જોવા મળી રહી છે. જોકે, રાજપીપળાના કેટલાક વિસ્તારોમાં અચાનક પડેલા ભારે વરસાદને કારણે વાહનચાલકો અટવાયા હતા અને ટ્રાફિક ધીમો પડ્યો હતો.

# પોલીસની ઓળખ આપી 600 ગ્રામ સોનાની લૂંટ : મહિલા સહિત ત્રણ ફરાર

અમદાવાદ | ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના વેપારીએ વધુ પૈસા કમાવવાની લાલચે દુબઈથી મંગાવેલા 600 ગ્રામ સોનાની અમદાવાદ એરપોર્ટ બહારથી પોલીસની ઓળખ આપીને મહિલા સહિત ત્રણ લોકોએ લૂંટ કરી હોવાનો બનાવ બન્યો હતો. વેપારીના માણસો એરપોર્ટ પરથી સોનુ લઈને ચાલતા બહાર જતા હતા ત્યારે બે ગાડીમાં આવેલા શખસોએ બંનેને ગાડીમાં બેસાડીને પોલીસની ઓળખ આપી સોનુ લૂંટી લીધું હતું. ત્યારબાદ ગાંધીનગર એપોલો સર્કલ તરફ બ્રિજ પાસે લઈ જઈને બંનેને ઉતારીને ફરાર થઈ ગયા હતા. એરપોર્ટ પોલીસ દ્વારા ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના ટાંડા ખાતે જુનેદ આરીફ નામનો વ્યક્તિ રાઈસ મીલ ધરાવે છે અને તેનો તમામ વ્યવહાર દિલ્હીથી ચાલે .છે દિલ્હી ખાતે નયા બજારની આબીદ જવેલર્સના માલિક આબીદ સાથે ઓળખાણ છે. મૂળ ગોધરાના રહેવાસી અરબાઝ અને તેની માતા સાથે દુબઈથી મોકલવામાં આવતા કપડાના વેપાર ધંધા સાથે પણ જુનેદ જોડાયા હતા.

23 જૂનના રોજ અરબાઝે કહ્યું હતું કે, તમે કપડાનો ધંધો કરો છો તેના કરતા સોનાની ખરીદી કરો તો તમને સારા એવા પૈસા મળશે. જેથી જૂનેદે કહ્યું હતું કે સોનામાં કેટલા પૈસા મળે ત્યારે અરબાઝે તેને સો ગ્રામ સોનું ખરીદો તો 1.16 લાખ રૂપિયા નફો મળશે તેવી વાત કરી હતી. જુનેદે નફાની લાલચમાં દુબઈથી 600 ગ્રામ સોનુ મંગાવ્યું હતું. 27 જૂનના રોજ મામા તેમજ માસીના દીકરા હારીશ અને ઐવેશ બંનેને અમદાવાદ ટ્રાવેલ્સ મારફતે સોનું લેવા માટે મોકલ્યા હતા.

# માણેકચોકમાં જ્વેલર્સની દુકાનમાંથી 2.80 લાખના દાગીનાની ચોરી : ચોરીની ઘટના CCTVમાં કેદ કરાઇ

અમદાવાદ | માણેકચોકમાં એક જ્વેલર્સ શોપમાં કસ્ટમર બનીને આવેલા એક યુવકે મહિલા સ્ટાફની નજર ચૂકવીને સોનાના દાગીનાની ચોરી કરી છે. દુકાનના સ્ટોકની ગણતરી કરતી વખતે દાગીનાની ઘટ પડી હતી. જેથી સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા ત્યારે કસ્ટમર બનીને આવેલા શખસે ચોરી કરી હોવાનું દેખાયું હતું. આ અંગે ખાડિયા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

વાસણામાં રહેતા 40 વર્ષીય જીગરકુમાર શાહે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, માણેકચોકમાં જીનેશ્વર જ્વેલર્સ નામની સોનાના દાગીનાની દુકાન તેઓ ચલાવે છે. 30 જૂનના રોજ મહિનો પૂરો થતો હોવાથી તેઓ પોતાની દુકાનમાં દાગીનાનો સ્ટોક ટેલી કરી રહ્યા હતા. ત્યારે ગણતરીના દાગીના ઓછા હતા જેથી તેમણે સીસીટીવી ફૂટેજમાં તપાસ કરી હતી.

26 જૂને બપોરે અંદાજે 12:30 વાગ્યે એક અજાણ્યો યુવક દાગીના ખરીદવાના બહાને જીનેશ્વર જ્વેલર્સમાં આવ્યો હતો. તે સમયે દુકાનમાં નોકરી કરતા મહિલા કર્મચારી આ



યુવકને સોનાના કાનના ઝુલા બતાવી રહ્યા હતા. દાગીના જોતી વખતે આ યુવકે મહિલાકર્મીની નજર ચૂકવીને 18 કેરેટના 30 ગ્રામ વજનના સોનાના એક કાનના ઝુલાનું પેકેટ પોતાની પાસે રહેલી બેગમાં મૂકી દીધું હતું.

આ પેકેટમાં આશરે 2,80,000ની કિંમતના 20થી 22 નંગ ઝુલા હતા. ચોરી કર્યા બાદ આ યુવકે હું પછી આવીને ખરીદી જઈશ તેમ કહીને ચાલતી પકડી હતી. CCTV ફૂટેજમાં આ સમગ્ર ઘટના કેદ થઈ હતી. પોલીસે યુવક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર કોર્પોરેશને દબાણ હટાવ્યા

## બર્ધનચોક, શાકમાર્કેટમાં 6 રેકડી, 10 પથારા અને અન્ય માલસામાન જપ્ત

જામનગર | જામનગર મહાનગરપાલિકાએ દરબારગઢથી બર્ધનચોક અને માંડવી ટાવર સુધીના માર્ગ પર દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી છે. આ ઝુંબેશ અંતર્ગત 6 રેકડી, 10 પથારા અને અન્ય માલસામાન જપ્ત કરવામાં આવ્યો હતો, જેને બે ટ્રેક્ટર ભરીને કોર્પોરેશન કચેરીમાં જમા કરાવાયો હતો.

મહાનગરપાલિકાના દબાણ હટાવ અધિકારી ધર્મેન્દ્રસિંહ જાડેજાના નેતૃત્વ હેઠળની ટીમે ગઈકાલે સાંજે આ ઝુંબેશ શરૂ કરી હતી. આ કાર્યવાહીના પગલે ધંધાર્થીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. આજે સવારથી પણ આ વિસ્તારોમાંથી રેકડી-પથારા ગાયબ જોવા મળ્યા હતા.

આજે સવારે શાકમાર્કેટ વિસ્તારમાં પણ દબાણ હટાવ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જામનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડીયાએ આ વિસ્તારનો સર્વે કર્યો તે પહેલાં આઠ શાકભાજીની રેકડીઓ અને 12 વજન કાંટા જપ્ત કરવામાં આવ્યા હતા.

# સ્પોર્ટ્સ પ્રોફેસરે નોકરી આપવાના બહાને ઠગાઇ કરી : ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓને એરફોર્સમાં નોકરી અને ક્રિકેટની સ્ટેટ લેવલની મેચમાં સિલેક્શનના નામે પૈસા પડાવ્યા

અમદાવાદ | અમદાવાદની જાણીતી ગુજરાત કોલેજમાં અભ્યાસ કરતા કેટલાક વિધાર્થીઓ સાથે કોલેજના જ સ્પોર્ટ્સ વિભાગના પ્રોફેસરે ઠગાઈ કરી છે. પ્રોફેસરે વિધાર્થીઓને એરફોર્સમાં નોકરી અને સ્ટેટ ક્રિકેટ એસોસિએશનમાં સિલેક્ટ કરાવવા અલગ અલગ રકમ પડાવી હતી. જે અંગે વિદ્યાર્થીઓએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સાણંદમાં રહેતો પ્રતીક મિશ્રા નામનો વિદ્યાર્થી ગુજરાત કોલેજમાં અભ્યાસ કરે છે. પ્રતીક ગુજરાત કોલેજના વોલીબોલ ગ્રાઉન્ડમાં પ્રેક્ટિસ કરવા માટે જતો હતો, ત્યારે કોલેજના સ્પોર્ટ્સ વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર ફરજ બજાવતા પ્રજ્ઞેશ બારહાટએ પ્રતિકને જણાવ્યું હતું કે, એરફોર્સમાં ભરતી આવી છે, તે નોકરીમાં સેટિંગ કરાવી આપીશ. જે માટે તારે 15000 રૂપિયા ફી પેટે આપવા પડશે. પ્રતિકને એરફોર્સમાં રસ ન હોવાથી ના પાડી હતી.

પ્રોફેસરે સ્ટેટ લેવલ ક્રિકેટ મેચમાં સિલેક્શન કરાવી આપવાનું કહ્યું હતું. જેમાં સિલેક્શન માટે 45,500 આપવાનું જણાવ્યું હતું. પ્રતીક જે માટે સહમત થયો હતો. પ્રતિક અને તેના અન્ય મિત્રો બંનેનું સિલેક્શન કરાવવાનું હતું, જેથી પ્રતિકે તેના અને તેના મિત્રના મળીને 99,000 પ્રોફેસરને ટ્રાન્સફર કર્યા હતા.

પ્રોફેસર દ્વારા ઈમેલ આવશે તેવું જણાવ્યું હતું. પરંતુ પ્રતિક પર કોઈ પણ ઈમેલ આવ્યો ન હતો. જે બાદ પ્રોફેસરને ફોન કરતા તેમનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. પ્રતિકને જાણ થઈ હતી કે પ્રોફેસરે કોલેજના અન્ય બે વિદ્યાર્થીઓ પાસેથી



પણ એરફોર્સમાં નોકરી આપવાના બહાને 15 હજાર રૂપિયા પડાવ્યા છે. આમ કુલ વિદ્યાર્થીઓ સાથે 1.29 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. જે મામલે એલિસબ્રિજ પોલીસે પ્રોફેસર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# News Brief

## 'ખેડૂતો સાથે સરકાર જ રાજકારણ કરી રહી છે' પહેલા પોલિસી બનાવો, પછી કામ શરૂ કરો

ગાંધીનગર | રાજ્યમાં વીજ લાઈનો અને વીજ પોલના વળતર મુદ્દે સરકાર અને ખેડૂતો વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે કિસાન કોંગ્રેસના નેતા પાલ આંબલિયાએ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીના નિવેદનનો જવાબ આપતાં પાલ આંબલિયાએ કહ્યું કે ખેડૂતોના પ્રશ્નો સરકાર સમક્ષ ઉઠાવવા અને તેમના હિતની વાત કરવી એ વિરોધ પક્ષનો ધર્મ છે, જ્યારે ખેડૂતો સાથે રાજકારણ તો સરકાર જ છેલ્લા છ મહિનાથી કરી રહી છે.

પાલ આંબલિયાએ જણાવ્યું કે સરકાર ડિસેમ્બર-2025થી વીજ લાઈન મુદ્દે લાંબા ગાળાની પોલિસી તૈયાર કરવાની વાત કરી રહી છે, પરંતુ આજે પણ પોલિસી જાહેર થઈ નથી. તેમણે સવાલ ઉઠાવ્યો કે કોઈપણ કાયદો કે પોલિસી લાંબા ગાળાની જ હોય છે, તો આ બાબત જીતુ વાઘાણીને પણ ખબર હોવી જોઈએ. તેમણે યાદ અપાવ્યું કે માર્ચ-2026માં ઊર્જા મંત્રીએ પણ ટૂંક સમયમાં નવી પોલિસી જાહેર કરવાની ખાતરી આપી હતી, છ મહિના વીતી ગયા હોવા છતાં કોઈ નિર્ણય લેવાયો નથી.

કિસાન કોંગ્રેસના નેતાએ સરકારને પડકાર ફેંકતા કહ્યું કે જો સરકાર ખરેખર ખેડૂતો સાથે રાજકારણ કરતી ન હોય તો રાજ્યભરમાં વીજ કંપનીઓ દ્વારા ચાલી રહેલા વીજ લાઈનના તમામ કામો તાત્કાલિક બંધ કરાવવાના આદેશ આપે. ખેડૂતોની માગ મુજબ નવી પોલિસી ઘડાય અને ત્યારબાદ જ વીજ લાઈનના કામો શરૂ કરવામાં આવે તેવી તેમની માગ છે.

પાલ આંબલિયાએ વધુમાં આરોપ લગાવ્યો કે સરકાર ઉદ્યોગકારો માટેની પોલિસી રાતોરાત બનાવી શકે છે, પરંતુ ખેડૂતો માટે છ મહિના બાદ પણ નિર્ણય લઈ શકતી નથી. તેમણે કહ્યું કે સરકાર ખેડૂતોના હિત મુજબ પોલિસી બનાવવા તૈયાર નથી અને આ કારણે સમગ્ર વિવાદ વધુ ગાઢ બન્યો છે. હવે સરકાર ખેડૂતોની માગ સ્વીકારી નવી પોલિસી જાહેર કરે છે કે નહીં, તેના પર સૌની નજર મંડાઈ છે.

## મહિલાઓ, બાળકો માટે પોલીસનું 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' શરૂ

અમદાવાદ | મહિલાઓ અને બાળકો માટે સુરક્ષિત ડિજિટલ વાતાવરણ ઉભું કરવા ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' અભિયાનનો પ્રારંભ કર્યો છે. 1 જુલાઈથી 28 જુલાઈ, 2026 સુધી ચાલનારા આ 28 દિવસીય અભિયાન હેઠળ સાયબર સુરક્ષા, જનજાગૃતિ, ટેક્નોલોજી આધારિત પોલીસિંગ અને ઝડપી કાનૂની કાર્યવાહી પર વિશેષ ભાર મૂકવામાં આવશે. અભિયાનનો મુખ્ય હેતુ મહિલાઓ અને બાળકોને સાયબરસ્ટોકિંગ, ઓનલાઈન સતામણી, આઈડેન્ટિટી થેફ્ટ, નાણાકીય છેતરપિંડી સહિતના સાયબર ગુનાઓથી સુરક્ષિત રાખવાનો અને સમગ્ર રાજ્યમાં ભયમુક્ત ડિજિટલ ઈકોસિસ્ટમ ઊભું કરવાનો છે.

CID (ક્રાઈમ અને રેલવે)ના DGP ડૉ. કે.એલ.એન.રાવના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા આ અભિયાન અંગે CID ક્રાઈમ (મહિલા સેલ)ના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, સંભવિત પીડિતોની અગાઉથી ઓળખ, નાણાકીય નુકસાન અટકાવવું, સાયબર જાગૃતિ વધારવી અને દરેક સ્તરે પોલીસનો ઝડપી હસ્તક્ષેપ સુનિશ્ચિત કરવો એ અભિયાનના મુખ્ય ઉદ્દેશો છે. ફિલ્ડ લેવલ વેરિફિકેશન, પીડિતો સુધી સીધી પહોંચ, ડિજિટલ જાગૃતિ કાર્યક્રમો અને સાયબર ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા મહિલાઓ અને બાળકો માટે સુરક્ષિત ઓનલાઈન વાતાવરણ તૈયાર કરવામાં આવશે.

## મોર્નિંગ વોક પર નીકળેલી મહિલાના ગળામાંથી ચેઇન સ્નેચિંગ થઇ...

ગાંધીનગર | ગાંધીનગરમાં ગઈકાલે(1 જુલાઈ) વહેલી સવારે સ્વાસ્થ્ય માટે ચાલવા નીકળતા લોકોની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. રાંધેજા રોડ પર મોર્નિંગ વોક માટે નીકળેલી એક મહિલાને ટાર્ગેટ કરીને બાઈક સવાર બે ચેઈન સ્નેચર અંદાજે દોઢ તોલાનો બે લાખ રૂપિયાની કિંમતનો સોનાનો દોરો તોડીને ફરાર થઈ જતાં પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના પેથાપુર ગામમાં આવેલા રાંદેજા રોડ નજીક બંસી ગ્રીન સિટી-1 સોસાયટીમાં રહેતા રેખાબેન પંકજકુમાર પટેલ નિયમિત રીતે સવારે મોર્નિંગ વોક માટે બહાર નીકળતા હોય છે. ગતરોજ વહેલી સવારે પાંચ વાગ્યાના સુમારે તેઓ ઘરેથી ચાલવા માટે નીકળ્યા હતા અને ટાટા ચોકડી તરફ જઈ પરત ફરી રહ્યા હતા.

દરમિયાન સવારના છ વાગ્યાના અરસામાં તેઓ રાંધેજા ચોકડી તરફ જતા રોડ પર પરંપરા પાર્લર નજીક પહોંચ્યા હતા.એ વખતે બાઈક સવાર બે શખ્સો પૈકી એક તેમની પાસે આવ્યો હતો. અને ચાલાકીથી રેખાબેનને વ્રજદાવન સોસાયટીનું સરનામું પૂછવાનું બહાનું કાઢ્યું હતું. રેખાબેને આ બાબતે અજાણતા વ્યક્ત કરીને તેમને ત્યાં એવી કોઈ સોસાયટી નથી તેમ જણાવી ચાલવાનું શરૂ કર્યું હતું. જેથી બાઈક સવાર શખ્સો પૈકીના એક જણે પીછો કરી તકનો લાભ ઉઠાવી રેલ્વે ફાટક નજીકથી રેખાબેનના ગળામાંથી સોનાનો દોરો તોડી લીધો હતો.

આ આકસ્મિક બનેલી ઘટનાથી ગભરાઈને રેખાબેને બૂમાબૂમ કરી મૂકી હતી, પરંતુ ત્યાં સુધીમાં તો આરોપી ત્યાં નજીકમાં જ બાઈક ચાલુ રાખીને ઉભેલા તેના અન્ય સાગરીત પાસે પહોંચી ગયો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## રીક્ષા યુનિયન દ્વારા ઉગ્ર આંદોલન, વડોદરા સ્ટેશન પર રીક્ષાનો વિરોધ

# વડોદરા સ્ટેશન પર ખાનગીકરણ સામે રીક્ષાનો જંગ

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરા રેલવે સ્ટેશન ખાતે રીક્ષા અને ટેક્સી સ્ટેન્ડના ખાનગીકરણના નિર્ણયે શહેરના વાહનચાલકોમાં ભારે રોષ અને ચિંતાનું મોજું ફેલાવી દીધું છે. રેલવે તંત્ર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયના વિરોધમાં આજે ૩૦૦થી વધુ રીક્ષા ચાલકો અને ૫૦ ટેક્સી ચાલકો એકત્ર થયા હતા અને હાથમાં પ્લેકાર્ડ લઈને ખાનગીકરણનો નિર્ણય તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી હતી.

યુનિયનના પ્રતિનિધિઓના મતે, રેલવે સ્ટેશનના સ્ટેન્ડનો કોન્ટ્રાક્ટ એક ખાનગી કંપનીને સોંપવામાં આવ્યો હોવાની માહિતી મળતા જ ચાલકોમાં ગભરાટ ફેલાયો છે. આ વ્યવસાય સાથે જોડાયેલા પરિવારો માટે આ નિર્ણય આજીવિકા છીનવી લેનારો સાબિત થઈ શકે છે. રેલવે સ્ટેશન પરિસરમાં હાલમાં રીક્ષા માટે બે લાઈન અને ટેક્સી માટે એક લાઈન ફાળવવામાં આવી છે, જે હજારો મુસાફરો માટે પરિવહનનું મુખ્ય સાધન છે. આ વ્યવસાય બંધ થવાથી સેંકડો પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાઈ શકે છે.



### દસ વર્ષ જૂનો ઈતિહાસ

ખાનગીકરણનો આ મુદ્દો નવો નથી. આશરે ૧૦ વર્ષ અગાઉ પણ રેલવે તંત્ર દ્વારા આવો જ નિર્ણય લેવામાં આવ્યો હતો. તે સમયે પણ રીક્ષા અને ટેક્સી ચાલકોએ જોરદાર વિરોધ નોંધાવતા તંત્રને ઝુકવું પડ્યું હતું અને તે નિર્ણય રદ કરવામાં આવ્યો હતો. ફરી એકવાર એ જ ઈતિહાસ દોહરાવતા ચાલકોમાં જૂની યાદો તાજી થઈ છે અને તેઓ ફરી એકવાર લડાયક મૂડમાં જોવા મળી રહ્યા છે. ડીઆરએમ કચેરીના આ નિર્ણય સામે ચાલકોએ આકરા પાણીએ વિરોધ કરવાની ચેતવણી આપી છે.

### તંત્ર સમક્ષ માંગણી

રીક્ષા ચાલકોનું સ્પષ્ટ કહેવું છે કે, જો સ્ટેન્ડનું ખાનગીકરણ કરવામાં આવશે, તો તેના કારણે ભાડામાં વધારો અને સ્થાનિક ચાલકોની બાદબાકી થવાની પૂરી શક્યતા છે. વડોદરા રેલવે સ્ટેશન શહેરનું મુખ્ય કેન્દ્ર હોવાથી અહીં દરરોજ હજારો મુસાફરો અવરજવર કરે છે. મુસાફરોની સુવિધા અને ગરીબ વાહનચાલકોની રોજી-રોટીને ધ્યાનમાં રાખીને રેલવે તંત્રએ આ જટિલ નિર્ણયને તાત્કાલિક અસરથી પડતો મૂકવો જોઈએ.

વિરોધ પ્રદર્શન દરમિયાન યુનિયનના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, જો તંત્ર દ્વારા તેમની માંગણી સ્વીકારવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. અત્યારે તો ચાલકોએ માત્ર શાંતિપૂર્ણ વિરોધ નોંધાવ્યો છે, પરંતુ જો ખાનગીકરણની પ્રક્રિયા અટકાવવામાં નહીં આવે, તો તેઓ રસ્તા પર ઉતરીને પોતાની હક માટે લડત આપશે. વડોદરા રેલવે સ્ટેશન પર આ ઘટનાક્રમ બાદ વહીવટી તંત્રની ભૂમિકા અત્યંત મહત્વની બની રહેશે. સ્થાનિક મુસાફરો પણ આ વિરોધને સમર્થન આપી રહ્યા છે, કારણ કે તેમને પણ ડર છે કે ખાનગીકરણથી મુસાફરી મોંઘી બની શકે છે.

## પાદરામાં બેદરકાર શિક્ષક સસ્પેન્ડ, વિદ્યાર્થીઓ સાથે અન્યાય, ગંભીર બેદરકારી સામે કાર્યવાહી



પાદરા | પાદરાની એસ.પી. શ્રોફ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક રાધેકૃષ્ણ પટેલને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. વિદ્યાર્થીઓના શિક્ષણ સાથે ચેડાં કરવા, તેમને યોગ્ય માર્ગદર્શન ન આપવું અને ગંભીર વહીવટી ગેરરીતિઓ આચરવાના આરોપમાં શિક્ષક સામે આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ નિર્ણયથી જિલ્લાના શૈક્ષણિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. શિક્ષક સામે કરવામાં આવેલી તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સૌથી ગંભીર આક્ષેપ એ હતો કે ધોરણ-૫ના બે વિદ્યાર્થીઓને સતત બે વર્ષ સુધી એક જ ધોરણમાં રાખી મૂકવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને વાંચન અને લેખનમાં પાયાની મુશ્કેલીઓ હોવા છતાં શિક્ષક દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નહોતું. સીઆરસી કો-ઓર્ડિનેટર અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની તપાસમાં સાબિત થયું કે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકથી ભણાવવાને બદલે વર્ગખંડમાં ટીવી ચાલુ કરીને બેસાડી દેવામાં આવતા હતા.

## મોરબીના ત્રાજપર ગામે પ્રેમ સંબંધમાં ફાયરિંગ, પ્રેમ સંબંધ મામલે ફાયરિંગની ઘટના

(એજન્સી) મોરબી । તા. 02

મોરબીના ત્રાજપર ગામે પ્રેમ સંબંધના મામલાએ હિંસક વળાંક લેતા ભારે ચકચાર મચી ગઈ છે. અહીંની ઓરિએન્ટલ બેંકવાળી શેરીમાં પ્રેમ પ્રકરણની અદાવત રાખીને બે પક્ષો વચ્ચે મારામારી થઈ હતી, જેમાં ફાયરિંગની ઘટના પણ બનવા પામી હતી. આ મામલે પોલીસે બિહારી ગેંગના ચાર આરોપીઓને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ચિરાગ રણજીતભાઈ સનુરા નામના યુવાનને નિરંજન બિંદની પુત્રી સાથે પ્રેમ સંબંધ હતો. ચિરાગ વારંવાર નિરંજનના ઘર પાસે આવ-જા કરતો હોવાથી આ બાબતે બંને પરિવાર વચ્ચે લાંબા સમયથી મનદુઃખ ચાલતું હતું. ગત રોજ જ્યારે ચિરાગ અને તેના મોટા બાપુજી દિનેશભાઈ સુનરા શેરીમાં બેઠા હતા, ત્યારે નિરંજન બિંદ, તેની પત્ની મંજુબેન, પુત્ર હિમાંશુ તથા ભાણેજ ચંદન અને મોહને આવીને હુમલો કર્યો હતો.

### ખૂનની કોશિશ અને ફાયરિંગ

હુમલા દરમિયાન આરોપી મોહને મારી નાંખવાના ઈરાદે ચિરાગ સામે રિવોલ્વર તાકી હતી અને જમીન પર ફાયરિંગ કર્યું હતું. આ મારામારીમાં ફઈબાના દીકરા રાહુલને ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું અને પીડિત યુવાનની ફરિયાદના આધારે પાંચેય શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ ઘટનામાં સામા પક્ષે હિમાંશુ બિંદે પણ ચિરાગ, રાહુલ અને કરણ સામે વળતી ફરિયાદ નોંધાવી છે. હિમાંશુના જણાવ્યા અનુસાર, પ્રેમ પ્રકરણ મામલે સામેના પક્ષના લોકોએ તેને અને તેના પિતાને ગાળો આપીને મુંઢ માર માર્યો હતો. આમ, બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો દોર તેજ કર્યો છે. મોરબી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ પ્રકરણમાં સંડોવાયેલા બિહારી ગેંગના ચાર મુખ્ય આરોપીઓ - નિરંજન તિલકપ્રસાદ બિંદ, હિમાંશુ નિરંજન બિંદ, ચંદન મહેશભાઈ જમાદાર અને મોહન અનુજભાઈ બિંદને ઝડપી લીધા છે.

## મોડીરાત્રે બાઈક સ્લિપ થતાં યુવાનનું મોત, અકોટા પાસે બાઈક સ્લિપ, માર્ગ અકસ્માતમાં યુવાનનું મોત

(એજન્સી) વડોદરા । તા. 02

શહેરના ગોરવા હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રહેતા એક ૨૩ વર્ષીય યુવાનનું માર્ગ અકસ્માતમાં કરુણ અવસાન થતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. મોડીરાત્રે મિત્રો સાથે ઘરે પરત ફરી રહેલા આ યુવાનની બાઈક અકોટા વિસ્તારમાં અચાનક સ્લિપ થઈ જતાં તે રોડ પર ફંગોળાયો હતો, જેના પરિણામે તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. ગોરવા ગ્રીન પાર્ક ખાતે રહેતા સાહિલ આસિફભાઈ મનસુરી (ઉં.વ.૨૩) ગઈકાલે રાત્રે પોતાના મિત્રો સાથે બાઈક પર ફરવા નીકળ્યા હતા. મોડીરાત્રે આશરે ત્રણ વાગ્યાના સુમારે સાહિલ અને તેના મિત્રો બાઈક લઈને અકોટા ચાર રસ્તાથી યોગા સર્કલ તરફના માર્ગેથી પરત ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન, ઓવર સ્પીડમાં હોવાને કારણે બાઈક પરથી નિયંત્રણ ગુમાવતા વાહન સ્લિપ થઈ ગયું હતું.

### માથામાં ગંભીર ઈજા બન્યું મોતનું કારણ

બાઈક સ્લિપ થતાં સાહિલ રોડ પર પટકાયો હતો. માથામાં ગંભીર ઈજાઓ થવાને કારણે તેને બચાવવાની કોઈ તક મળી ન હતી અને સ્થળ પર જ તેનું મૃત્યુ નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા. અકોટા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક યુવાનના પિતા વ્યવસાયે રિક્ષા ડ્રાઈવર છે, જેના પર આ આભ તૂટી પડ્યું છે. આ દુર્ઘટનાએ ફરી એકવાર વાહન ચલાવતી વખતે રાખવાની સાવચેતી અને ગતિ મર્યાદાના મુદ્દાને ગંભીરતાથી વિચારવા મજબૂર કર્યા છે. યુવા પેઢીમાં મોડીરાત્રે વાહન ચલાવતી વખતે રહેતી બેદરકારીના કારણે અવારનવાર આવી દુર્ઘટનાઓ સામે આવે છે. શહેરના ટ્રાફિક અને પોલીસ વિભાગ દ્વારા પણ વારંવાર અપીલ કરવામાં આવે છે કે રાત્રિના સમયે વાહન ચલાવતી વખતે ગતિ પર કાબૂ રાખવો અત્યંત આવશ્યક છે.

## ગુજરાતના 6 પોલીસ અધિકારીઓને IPS કેડરમાં બઢતી, વિવાદાસ્પદ પ્રમોશનને લઈને ચર્ચા

(એજન્સી) ગાંધીનગર । તા. 02

ગુજરાત પોલીસ વિભાગ માટે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડીને રાજ્ય પોલીસ સેવાના ૬ અધિકારીઓને પ્રમોશન આપી ભારતીય પોલીસ સેવા (IPS) કેડરમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ પસંદગી કરવામાં આવી છે, જેમાં રાજદીપસિંહ નકુમ, ભરતકુમાર રાઠોડ, પ્રફુલ વાણિયા, રાજેશકુમાર પરમાર, કલ્પેશકુમાર ચાવડા અને રાકેશ દેસાઈનો સમાવેશ થાય છે. આ તમામ અધિકારીઓ 'સિલેક્ટ લિસ્ટ ૨૦૨૫' હેઠળ પ્રમોશન મેળવી ચૂક્યા છે.

### 1 વર્ષના પ્રોબેશન પર રહેશે અધિકારીઓ

કેન્દ્રના નોટિફિકેશન મુજબ, આ તમામ અધિકારીઓને 'ઈન્ડિયન પોલીસ સર્વિસ (પ્રોબેશન) રૂલ્સ, ૧૯૫૪' હેઠળ નિમણૂક આપવામાં આવી છે. આ નિયમો અનુસાર, આ તમામ અધિકારીઓ હવે એક વર્ષ માટે પ્રોબેશન સમયગાળા પર રહેશે અને આ દરમિયાન તેમને નિર્ધારિત ઈન્ડક્શન ટ્રેનિંગ પૂર્ણ કરવી પડશે.

આ બઢતીની યાદીમાં રાજદીપસિંહ નકુમનું નામ સામેલ હોવાથી વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. સુરતના નાસીરનગર ભૂતિયા ડિમોલિશન કેસમાં હાઈકોર્ટ દ્વારા DCP રાજદીપસિંહ નકુમની ભૂમિકા અને તેમની હાજરી અંગે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. હાઈકોર્ટે આ પ્રક્રિયા દરમિયાન તેમની હાજરીને લઈને જે રીતે સ્પષ્ટતા માંગી હતી, તેના માત્ર ૭ દિવસના ગાળામાં જ તેમને IPS કેડરમાં પ્રમોશન મળતા અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. ન્યાયિક પ્રક્રિયા હેઠળ પ્રશ્નોના ઘેરામાં રહેલા અધિકારીને આટલી ઝડપે બઢતી મળવી તે વહીવટી સ્તરે ભારે આશ્ચર્ય અને ચર્ચાનો વિષય બન્યો છે.

રાજકીય અને વહીવટી વિશ્લેષકોનું માનવું છે કે જ્યારે કોઈ અધિકારીની કાર્યવાહી હાઈકોર્ટની નજર હેઠળ હોય, ત્યારે તેવા સમયે તેમને પ્રમોશન મળવું તે સરકારની નીતિ સામે પ્રશ્નાર્થ ચિન્હ મૂકે છે.

## વડોદરાના નવાયાર્ડ રોડ પર કચરાના ઢગલાથી હાલાકી, નવાયાર્ડ રોડ પર ગંદકી



વડોદરા | વડોદરા શહેરના વોર્ડ નંબર-૧માં આવેલા નવાયાર્ડ રોડ વિસ્તારમાં હાલ ગંદકીએ માઝા મૂકી છે. રસ્તા પર ઠેર-ઠેર કચરાના ઢગલા થવાને કારણે સ્થાનિક રહીશો દુર્ગંધથી ત્રસ્ત થઈ ગયા છે. સ્વચ્છતાના મોટા દાવાઓ કરતા વડોદરા મહાનગર પાલિકાના તંત્રની કામગીરી સામે સ્થાનિકો અને પૂર્વ કાઉન્સિલરોએ આકરા સવાલો ઉઠાવ્યા છે. રોગચાળાના ભય વચ્ચે આ વિસ્તારમાં રહેવું મુશ્કેલ બની ગયું છે. આ વિસ્તારની સ્થિતિ એવી છે કે બપોરના ૧૨ વાગ્યા સુધી પણ કચરો ઉપાડવાની કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. સ્થાનિકોનું કહેવું છે કે દુર્ગંધને કારણે ઘરની બારીઓ ખોલવી પણ દુષ્કર બની ગઈ છે. આ કચરાના ઢગલા માત્ર માર્ગો પર જ નહીં, પરંતુ નજીકમાં આવેલી શાળાઓની આસપાસ પણ જોવા મળે છે, જેનાથી વિદ્યાર્થીઓ અને નાગરિકોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે. પૂર્વ કાઉન્સિલર અને સામાજિક કાર્યકરોએ તંત્ર પર સફાઈના નામે ભ્રષ્ટાચાર કરવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. તેમના મતે, સફાઈ કર્મચારીઓની હાજરીના ચોપડે ખોટા ગોટાળાઓ કરવામાં આવે છે અને ફિલ્ડ પર કોઈ સફાઈ કરવામાં આવતી નથી.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની હાજરી

# ભાવનગર જિલ્લાની પ્રથમ પ્રાકૃતિક કૃષિ ક્લબનો શુભારંભ



(એજન્સી) ભાવનગર । તા. 02

નવી પેઢીમાં કૃષિ સંસ્કૃતિ અને પર્યાવરણ પ્રત્યે સજાગતા લાવવાના ઉમદા હેતુ સાથે ભાવનગર જિલ્લામાં એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. ભાવનગર તાલુકાની શ્રી સરતાનપર પ્રાથમિક શાળા ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના વરદહસ્તે જિલ્લાની પ્રથમ 'પ્રાકૃતિક કૃષિ ક્લબ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો.

### બાળપણથી જ ખેતીનું મહત્વ સમજવાનો પ્રયાસ

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, બાળકો દેશનું ઉજ્જવળ ભવિષ્ય છે. જો તેઓ બાળપણથી જ ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતીના મૂલ્યો અને તેના મહત્વને આત્મસાત કરશે, તો આવનારા સમયમાં ભારત વધુ તંદુરસ્ત અને સમૃદ્ધ બનશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, પ્રાકૃતિક ખેતી એ માત્ર વ્યવસાય નથી, પરંતુ તે એક જીવનશૈલી છે જે આવનારી પેઢીને કુદરતની નજીક લાવશે.

શાળા પરિસરમાં તૈયાર કરાયેલ 'કિચન ગાર્ડન' વિદ્યાર્થીઓ માટે એક જીવંત વર્ગખંડ સાબિત થશે. અહીં વિદ્યાર્થીઓ ગાય આધારિત ખેતી પદ્ધતિઓ જેવી કે જીવામૃત અને ઘનજીવામૃત બનાવવાની વિધિનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવશે. આ પદ્ધતિઓથી તેમને પ્રાકૃતિક કૃષિ માટે સજાગ બનાવવાની સાથે પર્યાવરણના રક્ષણનો સંદેશ પણ મળશે. કિચન ગાર્ડનના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ખેતી પ્રત્યેનો ઉત્સાહ અને જિજ્ઞાસા વધશે તેવો વિશ્વાસ તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓમાં શ્રમનો મહિમા વધે અને તેઓ કૃષિ પ્રવૃત્તિઓમાં વધુ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકે તે માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા દ્વારા બાળકોને ખેતીના વિવિધ ઓઝારોનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોતાના હાથમાં ખેતીના સાધનો જોઈને વિદ્યાર્થીઓના ચહેરા પર અનોખો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ભાવનગરના વિદ્યાર્થીઓને ખેતીની પરંપરાગત અને પ્રાકૃતિક પદ્ધતિઓથી વાકેફ કરવાનો છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ પણ આ કાર્યક્રમની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ પ્રકારના પ્રયાસોથી ખેતીના વ્યવસાયને નવી ઓળખ મળશે અને વિદ્યાર્થીઓમાં ધરતી સાથેના સંબંધો મજબૂત થશે. સ્થાનિક તંત્ર દ્વારા આ ક્લબના માધ્યમથી જિલ્લાની અન્ય શાળાઓમાં પણ આ મોડેલ વિસ્તારવાની યોજના છે. ભાવનગર જિલ્લાના શૈક્ષણિક માળખામાં જોડાયેલ આ પ્રાકૃતિક કૃષિ ક્લબ આવનારા સમયમાં કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ લાવવા માટે પાયાનું કામ કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## તબીબી આલમમાં ડોક્ટર સસ્પેન્ડ, ફાર્મા સ્પોન્સરશિપ લેવી પડી મોંઘી

# ફાર્મા કંપનીના ખર્ચે વિદેશ પ્રવાસ 3 ડોક્ટર સસ્પેન્ડ

(એજન્સી) અમદાવાદ । તા. 02

ગુજરાત મેડિકલ કાઉન્સિલ (GMC) દ્વારા લેવાયેલા એક કડક શિસ્તભંગના નિર્ણયે તબીબી ક્ષેત્રમાં ભારે ચકચાર જગાવી છે. અમદાવાદના જાણીતા સ્કીન સ્પેશિયાલિસ્ટ ડૉ. ગીતા જે. પટેલ સહિત રાજ્યના ત્રણ ખ્યાતનામ તબીબોને વ્યાવસાયિક ગેરરીતિ બદલ ૧૩ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ડોક્ટરો પર આરોપ છે કે તેમણે એક ફાર્માસ્યુટિકલ કંપનીના ખર્ચે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લઈને મેડિકલ એથિક્સના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે.

### કેવી રીતે સામે આવ્યો સમગ્ર મામલો

નેશનલ મેડિકલ કમિશન (NMC) ના નિર્દેશો બાદ આ તપાસ શરૂ થઈ હતી. વર્ષ ૨૦૨૪માં પેરિસ અને મોનાકો ખાતે આયોજિત 'એસ્થેટિક્સ એન્ડ એન્ટી-એજિંગ મેડિસિન વર્લ્ડ કોંગ્રેસ'માં આ તબીબોએ પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે તેમની હવાઈ મુસાફરી અને હોટેલ રોકાણનો કુલ ૧ લાખથી વધુનો ખર્ચ 'એબવી હેલ્થકેર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો.



ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ રેગ્યુલેશન મુજબ, કોઈપણ ફાર્મા કંપની પાસેથી વ્યક્તિગત સ્પોન્સરશિપ સ્વીકારવી તે ગંભીર ગેરરીતિ ગણાય છે.

ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવ્યા બાદ, ડૉ. ગીતા પટેલે સમિતિ સમક્ષ હાજર થઈને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. જોકે, કાઉન્સિલે તમામ પાસાઓ તપાસ્યા બાદ તારણ કાઢ્યું હતું કે તબીબોએ નિયમોની વિરુદ્ધ જઈને કંપનીની આર્થિક સુવિધાઓનો લાભ લીધો છે. સસ્પેન્શનનો આદેશ ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ થી ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૭ સુધી અમલી રહેશે. આ સમયગાળા દરમિયાન તેઓ રાજ્યમાં કોઈપણ સ્થળે તબીબી પ્રેક્ટિસ કરી શકશે નહીં.

### સુરતના અન્ય તબીબો પણ ઝપેટમાં

આ કાર્યવાહીમાં માત્ર અમદાવાદના જ નહીં, પરંતુ સુરતના પણ બે નામી ડર્મેટોલોજિસ્ટ્સ ડૉ. જગદીશ સખિયા અને ડૉ. અમી શાહ સામે પણ સસ્પેન્શનના પગલાં લેવામાં આવ્યા છે. તેઓ પણ તે જ વિદેશી પ્રવાસમાં કંપનીના ખર્ચે જોડાયા હોવાનું પુરવાર થયું હતું. GMC ના આ નિર્ણયથી સ્પષ્ટ સંદેશ જાય છે કે વ્યાવસાયિક નૈતિકતાના ભોગે થતી આવી પ્રવૃત્તિઓ હવે સાંખી લેવામાં આવશે નહીં.

### આગામી કાયદાકીય માર્ગ

જોકે, તબીબો પાસે નેશનલ મેડિકલ કમિશન એક્ટ, ૨૦૧૯ હેઠળ નિર્ધારિત સમય મર્યાદામાં આ આદેશ વિરુદ્ધ અપીલ કરવાનો કાયદાકીય અધિકાર સુરક્ષિત છે. હાલમાં તો આ આદેશ તબીબી જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. મેડિકલ કાઉન્સિલ દ્વારા અપાયેલી આ કડક સજા અન્ય તબીબો માટે પણ એક દાખલો બેસાડનારી છે. આ સમયગાળામાં સસ્પેન્શન પામેલા ડોક્ટરો તેમના રજિસ્ટ્રેશનને લગતા કોઈ પણ અધિકારોનો ઉપયોગ કરી શકશે નહીં.

## વિદ્યાર્થીનું મૃત્યુ, ટ્રક ચાલક ફરાર

# રાજકોટમાં કુવાડવા રોડ પર ટ્રકની હડફેટે વિદ્યાર્થીનું મોત

(એજન્સી) વડોદરા । તા. 02

રાજકોટના કુવાડવા રોડ પર આજે સવારે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ૨૦ વર્ષીય હોમિયોપેથીના વિદ્યાર્થીનું કરૂણ મૃત્યુ નીપજ્યું છે. કુવાડવા રોડ પર આવેલા ત્રિ-મંદિર નજીકના ઓવરબ્રિજ પર ટ્રકે બાઈક સવાર વિદ્યાર્થીને જોરદાર ટક્કર મારતા આ દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માત સર્જીને ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

મૃતક વિદ્યાર્થીનું નામ નિખિલ દશરથભાઈ બ્રાહ્મણ હતું, જે મૂળ કચ્છના લખપત તાલુકાના કપુરાસી ગામનો વતની હતો. નિખિલ રાજકોટની આર્યવીર હોમિયોપેથિક મેડિકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. સવારના સમયે તે બાઈક પર કોલેજ જઈ રહ્યો હતો ત્યારે આ અકસ્માત બન્યો હતો. ગંભીર ઈજાઓ થતા તેને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.



નિખિલના પિતા ગાંધીનગર ખાતે એસઆરપીમાં ફરજ બજાવે છે, જ્યારે તેનો ભાઈ પાર્થ રાજકોટમાં જ એમબીબીએસના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ભાઈના મૃત્યુના સમાચાર મળતા જ તે હોસ્પિટલ દોડી આવ્યો હતો અને કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ પરિવાર માટે આ એક આઘાતજનક સમાચાર છે. સમગ્ર ઘટનાસ્થળે સ્થાનિકોમાં પણ ભારે શોક અને રોષ જોવા મળ્યો હતો. કુવાડવા રોડ પોલીસે અકસ્માત સર્જીને ભાગી ગયેલા ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## ફાયર બ્રિગેડની સક્રિય રેસ્ક્યુ કામગીરી

# વડોદરાના વાડી વિસ્તારમાં મકાનની છત ધરાશાયી

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરાના વાડી વિસ્તારમાં આવેલા મોટીવોરવાડમાં વહેલી સવારે એક જૂના મકાનની છત ધડાકાભેર ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં ઘરમાં રહેલા બે વ્યક્તિઓ કાટમાળ નીચે દબાઈ ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ત્વરિત ઘટનાસ્થળે પહોંચીને જીવના જોખમે હાથ ધરેલી રેસ્ક્યુ કામગીરી દ્વારા બંને વ્યક્તિઓને સુરક્ષિત બહાર કાઢવામાં સફળતા મેળવી છે.

મળતી માહિતી મુજબ, વહેલી સવારે જ્યારે આ વિસ્તારમાં શાંતિ હતી ત્યારે જ અચાનક મકાનની છત તૂટી પડી હતી. આ અકસ્માતમાં મોહમ્મદ અલ્તાફ અને નૂર જહાબાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, છત તૂટવાનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના લોકો તરત જ બહાર દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા જ તેઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને કાટમાળ હટાવી બંનેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.



વડોદરા કોર્પોરેશન દ્વારા ચોમાસા પહેલા જ જર્જરિત મકાનોના સર્વે બાદ ૧૦૦૦થી વધુ મકાનોને ખાલી કરવા માટે નોટિસ આપવામાં આવી છે. તેમ છતાં, અનેક પરિવારો આર્થિક કારણોસર કે અન્ય વ્યવસ્થાઓના અભાવે હજુ પણ આવા જીવલેણ મકાનોમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર તંત્રની કામગીરી અને નાગરિકોની સલામતી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. જર્જરિત મકાનોની સમસ્યા વડોદરામાં જૂની છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારો હકારાત્મક દૃષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મિથુન : ક. છ. ઘ.**

કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. આજે તમારો પ્રણય સાથૂ તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.

**કર્ક : ડ. હ.**

તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**સિંહ : મ. ટ.**

તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

**તુલા : ર. ત.**

વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટેન્શનનું કારણ બની શકે છે. તમે જાણો છે એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો.

**વૃશ્ચિક : ન. ય.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**મકર : ખ. જ.**

તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમે તમારી મોહિની તથા તમારૂં બુદ્ધિચાતુર્ય વાપરશો તો તમે લોકો પાસેથી ધાર્યું કામ કઢાવી શકશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે.

40 વર્ષના દસ્તાવેજ સાથે હાઈકોર્ટ જવાની ચીમકી”

# રવાપર વેપારીઓ પર તંત્રની નોટિસબાજી, પંચાયતનો કાયદાકીય પલટવાર

| મહેશ એલ. સોની | નખત્રાણા





રવાપર ગ્રામ પંચાયતે માર્ગ-મકાન પેટા વિભાગ દ્વારા ફટકારાયેલી નોટિસો સામે કાયદેસરનો જંગ છેડ્યો છે. તા. 21/07/2025ના રોજ સરપંચ શ્રી પરેશ વિશનજી રૂપારેલની સહી સાથે મામલતદારશ્રી નખત્રાણા, તાલુકા વિકાસ અધિકારી નખત્રાણા, નાયબ કાર્યપાલક ઈજનેર નખત્રાણા અને માર્ગ મકાન પેટા વિભાગ સ્ટેટ નખત્રાણાને લેખિત ખુલાસો અને રજૂઆત પાઠવવામાં આવી છે. પંચાયતે સ્પષ્ટ કર્યું છે કે તા. 30/06/2025ના રોજ જમીન મહેસૂલી અધિનિયમ 1879ની કલમ 202 હેઠળ આપવામાં આવેલી નોટિસો ગેરકાયદેસર છે, કારણ કે રવાપર ગામમાં ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની કલમ 110 હેઠળ દર વર્ષે 40 જેટલા લારી ગલ્લા કેબિન ધારકોને કાયદેસર રીતે ભાડે જગ્યા આપવામાં આવે છે. વર્ષ 2025ની સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક 40થી આ વ્યવસ્થાને મંજૂરી આપવામાં આવી છે અને છેલ્લા 40 વર્ષથી આ વેપારીઓ વિના વિક્ષેપે ગ્રામ પંચાયતને નિયમિત ભાડું ભરીને વેપાર કરી રહ્યા છે, જે સીધું સરકારની તિજોરીમાં જમા થાય છે. પત્રમાં જણાવાયું છે કે સરકારશ્રીના નિયમો હેઠળ ગામના વિકાસ અને આવક માટે આ વ્યવસ્થા ઉભી કરાઈ છે, છતાં તંત્ર દ્વારા આ કાયદેસર ભાડૂતોને દબાણકર્તા ગણી નોટિસ ફટકારી દેવાઈ છે. ગ્રામ પંચાયતે આકરા શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે કે સ્થાનિક સ્વરાજની સંસ્થાને વિશ્વાસમાં લીધા વગર અને 2023ના નિયમોની પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના થયેલી આ કાર્યવાહી ગેરબંધારણીય છે. પંચાયતે ચેતવણી આપી છે કે જો તાત્કાલિક નોટિસો પાછી ખેંચવામાં નહિ આવે તો તમામ દસ્તાવેજી પુરાવા સાથે નામદાર હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવશે અને ત્યારબાદ ઉભી થનારી કોઈપણ કાયદાકીય ગુંચ કે આંદોલનની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

## સંખેડા-બહાદરપુર ડાયવર્ઝન પર ટાઈલ્સ ભરેલી એક ટ્રક પલટી



કમલેશ પટેલ. સંખેડા

સંખેડા-બહાદરપુર ડાયવર્ઝન પર ટાઈલ્સ ભરેલી એક ટ્રક પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ટ્રકના ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો, જ્યારે ટાઈલ્સના માલસામાનને નુકસાન થયું હતું. મોરબીથી ટાઈલ્સ ભરીને સંખેડા જઈ રહેલી આ ટ્રક સંખેડા તરફના વળાંક પર ઢાળ ચડતી વખતે અકસ્માતનો ભોગ બની હતી. લગભગ 30 ટન વજન ધરાવતી ટ્રકની એર નીકળી જતાં તે પાછળ પડીને કોતરમાં પલટી ગઈ હતી.ટ્રકના ડ્રાઈવર દાહોદના વતની શૈલેષભાઈ ભીમાભાઈ સદનસીબે સુરક્ષિત રહ્યા હતા. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.અકસ્માતની જાણ થતાં જ સંખેડા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ટ્રાફિક ક્લિયર કરાવીને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. ઘટના સ્થળે અકસ્માત જોવા માટે લોકોના ટોળા એકઠા થયા હતા.

## રાજુલા છતડીયા રોડ પરનું પીસીસી કામ પ્રથમ વરસાદમાં જ ધોવાયું

રાજુલા : સરકારી કામમાં કોન્ટ્રાક્ટરો દ્વારા મોટાભાગે કામ થયા બાદ ખોદેલ રોડનું સમારકામ કરવાનું હોય છે. પરંતુ તે કામ થતું નથી અને જો થાય તો તે લોટ પાણી ને લાકડા જેવું જ કામ થાય છે. આવી જ ઘટના રાજુલાના છતડીયા રોડ પર બની છે. પાણીની લાઈન નખાયા બાદ થયેલ સમારકામ પ્રથમ વરસાદમાં પીસીસી કામની પોલ ખુલી હતી. રાજુલા-છતડીયા રોડ પર જી.યુ.ડી.સી. દ્વારા પાઈપલાઈન નાખ્યા બાદ કરવામાં આવેલ પીસીસી કામ માત્ર આઠ દિવસમાં જ ખસ્તાહાલ બની ગયું છે. પ્રથમ અડધો ઈંચ વરસાદ પડતા જ રસ્તા પરના પીસીસીમાંથી સિમેન્ટ ગાયબ થઈ જતા અનેક જગ્યાએ મોટા ગાબડા પડી ગયા છે. લાખો રૂપિયાના ખર્ચ બાદ પણ રસ્તાની આવી હાલત થતા સ્થાનિક રહિશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ રોડનું પીસીસી કામ અગાઉ પણ કરવામાં આવ્યું હતું. પરંતુ ગુણવત્તાના અભાવે તે બેસી ગયું હતું. ત્યારબાદ બીજી વખત કરવામાં આવેલ કામગીરી પણ પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જતા તંત્રની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. વહેલી સવારે માર્ગ પરથી પસાર થતી અનેક મહિલાઓ અને રાહદારીઓ ગાબડાઓના કારણે ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. લોકોની માંગ છે કે બેદરકારી દાખવનાર જવાબદારો પાસેથી રિકવરી કરવામાં આવે અને ફરીથી ગુણવત્તાયુક્ત પીસીસી કામ કરવામાં આવે. આ મુદ્દે રાજુલા નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ દ્વારા પણ રજૂઆત કરવામાં આવી હતી.

## પીજીવીસીએલે મહુવા ડિવિઝનમાં રૂા.30 લાખની વીજચોરી પકડી

ભાવનગર : સતત ત્રીજા દિવસે વીજ ચેકિંગ ડ્રાઈવ યથાવત્પાંચ સબ ડિવિઝનના ૪૦૧ પૈકી ૭૧ કનેક્શનોમાં ગેરરીતિ ઝડપાતા વીજતંત્રની કાર્યવાહી

પીજીવીસીએલે મહુવા ડિવિઝનમાં આજે વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરી હતી. જેમાં પાંચ સબ ડિવિઝનના ૪૦૧ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૭૧ કનેક્શનોમાં ગેરરીતિ ઝડપાતા કાર્યવાહી કરવામાં આવી હતી. ૌજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી દ્વારા આજે સતત ત્રીજા દિવસે વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. પીજીવીસીએલની ૩૬ ટીમો દ્વારા આજે વહેલી સવારથી મહુવા ડિવિઝનના બગદાણા, મહુવા-૨, જેસર, મહુવા ગ્રામ્ય-૧ અને મહુવા ટાઉન સબ ડિવિઝનમાં વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પીજીવીસીએલની ટીમોએ ૩૬૭ રહેણાંકી, ૨૪ વાણિજ્ય અને ૧૦ ખેતીવાડી મળી કુલ ૪૦૧ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૬૪ રહેણાંકી, પાંચ વાણિજ્ય અને ૨ ખેતીવાડી મળી કુલ ૭૧ કનેક્શનોમાં કુલ રૂા.૩૦.૦૯ લાખની વીજચોરી પકડાતા પીજીવીસીએલ દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

વીજળીના ચમકારા સાથે વરસાદ વરસ્યો

## મહુવા પંથકમાં મેઘરાજાની તોફાની એન્ટ્રી, એક ઈંચ ધોધમાર મેઘમહેર

મહુવા/તળાજા/ધંધુકા: મહુવા પંથકમાં ચોમાસાની સિઝનનો પ્રથમ વરસાદ ધોધમાર વરસ્યો હતો. મેઘરાજાની તોફાની એન્ટ્રીથી લોકોએ હાશકારો મેળવ્યો હતો. તળાજા, ગારિયાધાર અને જેસર પંથકમાં પણ મેઘમહેર વરસી હતી. ધંધુકા પંથકમાં સાર્વત્રિક મુશળધાર વરસાદથી ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી.

મહુવા પંથકમાં પાંચ દિવસ અસહ્ય ઉકળાટ બાદ આજે વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ સવારે ૧૧-૩૦ કલાકના અરસામાં ધોધમાર એક ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો હતો. પ્રથમ વરસાદમાં જ ન.પા. તંત્રની પ્રિ-મોન્સુન કામગીરી કાગળ ઉપર જ થઈ હોય તેમ માર્ગો પર ગટર અને વરસાદના પાણીની નદી વહી હતી. હોસ્પિટલ રોડ, વાસીતળાવ, ગાંધીબાગ, વીટીનગર, કોલેજ રોડ સહિતના વિસ્તારોમાં ગોઠણ સમા પાણી ભરાયા હતા. કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. પંથકના બગદાણા, મોણપર, ઓથા, ડુંડાસ, અમૃતવેલ, દાતરડી, વાઘનગર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોએ રાહતનો દમ લીધો હતો.તળાજા પંથકમાં સવારથી જ વરસાદી માહોલ રહ્યા બાદ વીજળીના ચમકારા અને ગર્જના સાથે મેઘરાજા વરસ્યા હતા. તળાજામાં બપોરે ત્રણ મિ.મી. વરસાદ વરસ્યો હતો. તાલુકાના કામરોળ, બોરડા, પદારગઢ, નવા-જૂના સાંગાણા, જાલવદર, પસવી, પાદરી ગામમાં ધોધમાર વરસાદ પડયો હતો. બોરડાથી બોરડી જવાના માર્ગ પર પાણી ભરાતા રાહદારી-વાહનચાલકોને હાડમારી વેઠવી પડી હતી. નદી-નાળાઓમાં વરસાદી પાણી વહેતા થયા હતા. ખેતરોમાં પાણી ભરાયા હતા. ઉપરવાસના ગામડાઓમાં દોઢેક કલાક વરસેલા વરસાદના કારણે તળાજી નદી બે કાંઠે વહેતી થઈ હતી.

પીથલપુર, દાઠા, ફુલસર, ઉંચડી, દિહોર, ચુડી, સાંખડાસર, રોયલ, બાબરિયાત ગામે નેવાધાર વરસાદના વાવડ મળ્યા હતા. અલંગ-મણારમાં વરસાદનો છાંટો પણ પડયો ન હતો. ચુડી ગામે હાલુભાઈ આહીરની વાડીમાં ટીટોડીએ ચાર ઈંડા મુક્યા હતા. ભાવનગર શહેરના ઘણાં વિસ્તારોમાં પણ બપોરે વરસાદનું જોરદાર ઝાપટું વરસ્યું હતું. ગારિયાધાર અને જેસરમાં બે-બે મિ.મી. વરસાદ થયો હતો. હમીરપરા ડેમ વિસ્તારમાં ૨૦ મિ.મી. અને કાનિયાડ ડેમ વિસ્તારમાં ૩૦ મિ.મી. વરસાદ વરસ્યો હતો. ધ??????

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર દ્વારા ૧ થી 30 જૂન સુધી ખેત બચાઓ અભિયાન યોજાયુ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર દ્વારા તા.૧ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન ખેત બચાઓ અભિયાન અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના ૬ તાલુકાના કુલ ૧૦૦ ગામોમાં ૪૪૧૧ ખેડૂત/ખેત મહિલાઓએ હાજરી આપી હતી. આ અભિયાન દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના જુદા-જુદા વિષય નિષ્ણાંતો દ્વારા જમીન ચકાસણીનું મહત્વ અને તેના દ્વારા ખેતી ખર્ચમાં થતા ઘટાડા વિશે, સંતુલિત ખાતરનો ઉપયોગ, લીલા પડવાશનું વાવેતર કરી જમીનની ફળદ્રુપતા વધારવા, પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને તેમના જુદા-જુદા ઘટકો વિશે તથા જૈવિક ખાતર અને ખેતીમાં અલનિનોની અસર વિશે પણ માહિતી આપવામાં આવી હતી. સાથે-સાથે ખેડૂતો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના સંતોષકારક નિરાકરણ માટે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ અભિયાન અંતર્ગત કેવિકે ખાતે સરપંચશ્રીઓનું સમેલન, વિવિધ ઈનપુટ ડીલરોની તાલીમ, કિસાન સમ્માન દિવસની ઉજવણી તથા વેરાવળના ચાંડુવાવ ખાતે માનનીય રાજ્ય કક્ષાના કૃષિ મંત્રી શ્રી ભગીરથ ચૌધરીએ ખેડૂતો સાથે ગોષ્ઠી કરી હતી તથા વેરાવળ ખાતે ખેત બચાઓ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક કૃષિ પરિસવાદ યોજાયો હતો. આમ, આ કાર્યક્રમમાં કેવિકેના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી તથા આ કાર્યક્રમ ને સફળ બનાવવા આત્મા પ્રોજેક્ટ, ખેતીવાડી વિભાગ, પ્રાકૃતિક કૃષિ બોર્ડ, બાગાયત વિભાગ તથા વિવિધ સરકારશ્રીના વિભાગો અને જુદા-જુદા બિન સરકારી વિભાગોએ પણ સહભાગી બનીને સફળતાપૂર્વક ખેત બચાઓ અભિયાનને પૂર્ણ કર્યું હતું.

### ભાવનગર-ટાણા-તળાજા રૂટની એસટી બસના ડ્રાઈવરે નશામાં બસ ચલાવી મુસાફરોના જીવ જોખમમાં મુક્યા

સિહોર : સલામત સવારીની વાતો વચ્ચે ભાવનગર-તળાજા વાયા ટાણા રૂટની એસટી બસના ડ્રાઈવરે નશાની હાલતે બસ ચલાવી મુસાફરોની વિનંતી છતાં બસ ઉભી નહી રાખી જીવનું જોખમ ઉભુ કરી વરલ ગામ પાસે બસને રોડની સાઈડમાં ઉતારી દઈ બસને નુકસાન પહોંચાડયું હતું. સદ્નસીબે આ બનાવમાં કોઈ મુસાફરને ગંભીર ઈજા પહોંચી નહોતી અને મોટી દુર્ઘટના ટળી હતી. બનાવ અંગે સિહોર પોલીસ મથકમાં એસટી બસના ડ્રાઈવર સામે ગુનો નોંધાયો છે. ભાવનગર-તળાજા વાયા ટાણા રૂટની જીજે-૧૮-ઝેડટી-૧૯૪૬ નંબરની એસટી બસના ડ્રાઈવર રણજીતસિંહ એશુભા ગોહિલ ગત રોજ સાંજે ૫ કલાકે બસમાં પેસેન્જર લઈને નિકળ્યા હતા અને આ બસના ડ્રાઈવર રણજીતસિંહે નશાની હાલતમાં સિહોરથી આગળ બસને સર્પાકાર ચલાવી મુસાફરોની જીંદગી જોખમમાં મુકી હતી.

એટીએમ, સીડીએમ મારફતે રૂપિયા ટ્રાન્સફર કરી લીધા

## ક્રીપ્ટો કરન્સીના નામે ૬૫.૯૬ લાખની છેતરપિંડી, વોટ્સએપ ગૃપ બનાવી વેપારીને શિકાર બનાવ્યો

ભાવનગર : ભાવનગરના વિક્ટોરિયા પાર્ક રોડ પર રહેતા અને કોલસાનો વેપાર કરતા ૫૦ વર્ષિય વેપારી સાથે ક્રીપ્ટો કરન્સી ટ્રેડિંગના નામે રૂ.૬૫.૯૬ની ઓનલાઈન છેતરપિંડી થતા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો છે. શહેરના વિક્ટોરિયા પાર્ક રોડ પર રહેતા અને કોલસાનો વેપાર કરતા અમિતકુમાર ગિરીશભાઈ દફતરી ગત સપ્ટેમ્બરમાં વેપારીને ફેસબુક પર ‘સુમન ગીલ’ નામની અજાણી યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. યુવતીએ પોતાને લંડનની રહેવાસી ગણાવી વેપારીને યુએસડીટી (ક્રીપ્ટો)માં રોકાણ કરવા લલચાવ્યા હતા. ત્યારબાદ, તેને ૬૩૮. ઈન્વેસ્ટમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન ગૃપ નામના વોટ્સએપ ગૃપમાં એડ કરાયો હતો. ગૃપમાં સભ્યો દ્વારા નફાના ખોટા સ્ક્રીનશોટ મોકલી વેપારીનો વિશ્વાસ જીતવામાં આવ્યો હતો.ચીટરોએ ‘કોઈનઈએક્સ’ નામની એક નકલી વેબસાઈટની લીંક મોકલી વેપારીનું એકાઉન્ટ ખોલાવ્યું હતું. શરૂઆતમાં વેપારીને સારો નફો બતાવી વિશ્વાસમાં લેવાયા બાદ, અલગ-અલગ બેંક ખાતા અને એટીએમ/સીડીએમ મારફતે ૧૭ ઓક્ટોબરથી ૫ ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે કુલ રૂ. ૬૫,૯૬ ,૯૯૮ ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. વેપારીએ જ્યારે પોતાના કરોડો રૂપિયાના નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે વિડ્રો રિક્વેસ્ટ રિજેક્ટ કરી દેવાઈ હતી. અને વધુ રૂ.૮૩.૭૮ લાખની માંગણી કરવામાં આવી હતી. છેતરાયાનો અહેસાસ થતાં વેપારી અમિતકુમાર ગિરીશભાઈ દફતરીએ સાયબર હેલ્પલાઈન અને ત્યારબાદ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

## રૂ.૨૦ હજારની ઉઘરાણીમાં યુવકનું ફિલ્મી ઢબે અપહરણ, ધોકા-પાઈપથી ઢોર માર માર્યો

ભાવનગર : ભાવનગરના ઘોઘારોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં માત્ર ૨૦ હજાર રૂપિયાની લેતી-દેતીમાં યુવકનું ધોળેદિવસે અપહરણ કરી તેને બેરહેમીપૂર્વક માર મારવામાં આવ્યો હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. સુભાષનગરમાં રહેતા અને વીમા એજન્ટ તરીકે કામ કરતા ૨૬ વર્ષિય રાહુલભાઈ નરેશભાઈ બારૈયાએ ચાર-પાંચ દિવસ



પહેલાં રોહિત પ્રવિણભાઈ વાજા પાસેથી રૂ. ૨૦,૦૦૦ હાથ ઉછીના લીધા હતા. ગત ૨૯ જૂનના રોજ બપોરે સવા ત્રણ વાગ્યે રાહુલભાઈ જ્યારે રૂવાપરી રોડ પર આવેલા ઉલ્લાસ ચોક મેલડી માતાના મંદિર પાસે મિત્ર સાથે બેઠા હતા, ત્યારે રોહિત ત્યાં સ્કુટર લઈને ધસી આવ્યો હતો. તેણે રૂપિયાની ઉઘરાણી કરી રાહુલભાઈને બળજબરીથી પોતાના સ્કુટર પર બેસાડી દીધા હતા અને ફિલ્મી ઢબે તેનું અપહરણ કરીને વૈશાલી સિનેમાની ખાલી જગ્યામાં લઈ ગયો હતો. વૈશાલી સિનેમા પાસે રોહિતના પિતા પ્રવિણ ઉર્ફે પલ્લા શેઠ વાજા પણ હાજર હતા. બંને બાપ-દીકરાએ ગાળો આપી ઉશ્કેરાઈ જઈને લાકડાના ધોકા અને લોખંડની પાઈપ જેવા હથિયારો વડે રાહુલભાઈ પર જીવલેણ હુમલો કરી દીધો હતો. હુમલામાં રાહુલભાઈને ડાબા પગની ઘૂંટી, ડાબા હાથ, પીઠ અને જમણા સાથળના ભાગે ગંભીર મૂઢ ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત યુવક જેમ-તેમ કરીને ત્યાંથી જીવ બચાવીને ભાગ્યો હતો અને ૧૦૮ મારફતે સર.ટી. હોસ્પિટલમાં સારવાર લીધી હતી. બનાવથી ગભરાઈ ગયેલા યુવકે આખરે હિંમત કરી પિતા-પુત્ર વિરૂદ્ધ બી.એન.એસ. તથા જી.પી.એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાવ્યો છે.

બે દિવસમાં બસ શરૂ નહીં થાય તો ઉગ્ર રજૂઆતની ચીમકી

## ભુજ-ભીટારા-હાજીપીર નાઈટ રોકાણ બસ 15 દિવસથી બંધ, ગ્રામજનોમાં ભારે રોષ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)



ભુજ ડેપો દ્વારા સંચાલિત ભુજ-ભીટારા-હાજીપીર નાઈટ રોકાણ કરતી એસ.ટી. બસ છેલ્લા 15 દિવસથી બંધ હોવાથી સરહદી વિસ્તારના અનેક ગામોના લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ડેપો દ્વારા ડ્રાઈવર અને કંડક્ટરની અછતનું કારણ આપવામાં આવી રહ્યું છે, પરંતુ હજુ સુધી બસ સેવા પુનઃ શરૂ કરવામાં આવી નથી.આ બસ ભીટારા, લુણા, હાજીપીર, ઉઠોગડી, લુડબાય, મુરુ, દેશલપર (ગુંતલી) સહિતના ગામોના મુસાફરો માટે જીવનદોરી સમાન હતી. સવારના સમયે ભુજ અને નખત્રાણા રોજગાર, સરકારી કચેરી, સારવાર, શિક્ષણ અને અન્ય કામકાજ માટે જવા તેમજ સાંજે પોતાના ગામે પરત ફરવા માટે આ બસ સૌથી વધુ ઉપયોગી હતી. બસ બંધ થતાં લોકોને મજબૂરીમાં ખાનગી વાહનો ભાડે કરવા પડી રહ્યા છે, જેના કારણે એક પ્રવાસ પાછળ રૂ. 1,000થી 1,500 જેટલો વધારાનો ખર્ચ સહન કરવો પડે છે. સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે આ આર્થિક બોજ અસહ્ય બન્યો છે.ગ્રામજનોએ અનેક વખત ભુજ ડેપોના અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરી હોવા છતાં દર વખતે “કાલથી બસ શરૂ થઈ જશે” એવો જવાબ મળે છે, પરંતુ વાસ્તવમાં સેવા શરૂ થતી નથી. આ અંગે એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓ તેમજ એસ.ટી. સલાહકાર સમિતિના સભ્ય ઉમેશભાઈ આચાર્યને પણ રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ હકારાત્મક કાર્યવાહી થઈ નથી.

સ્થાનિક ગ્રામજનોએ તાત્કાલિક બસ સેવા પુનઃ શરૂ કરવાની માંગ સાથે ચેતવણી આપી છે કે જો આગામી બે દિવસમાં ભુજ-ભીટારા-હાજીપીર નાઈટ રોકાણ બસ શરૂ કરવામાં નહીં આવે તો આસપાસના ગામોના લોકો ભેગા થઈ ભુજ ખાતે એસ.ટી. વિભાગ સામે ઉગ્ર રજૂઆત અને વિરોધ કાર્યક્રમ કરશે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારના લોકો માટે જાહેર પરિવહન સુવિધા બંધ રહેવી અત્યંત ગંભીર બાબત છે અને તંત્રએ આ મુદ્દે તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવો જોઈએ.

ઈજાગ્રસ્ત આધેડને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

## અવાણીયા ગામે જૂની અદાવતમાં આધેડ પર ધારીયા અને ઢીકાપાટુથી હુમલો



ભાવનગર : ઘોઘા તાલુકાના અવાણીયા ગામે છોકરાઓ વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીની દાજ રાખીને ત્રણ શખ્સોએ એક આધેડ પર જીવલેણ હુમલો કર્યો હતો. ઘોઘા તાલુકાના અવાણીયા ગામે રહેતા અને મજૂરી કામ કરતા ૪૩ વર્ષીય કાન્તીભાઈ પોપટભાઈ ડાભી ગઈકાલે સાંજે ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમના પત્નીએ ફોન પર જાણ કરી કે તેમના દીકરા મનિષ સાથે ગામના નારણ અને સાદુળના છોકરાઓની બોલાચાલી થઈ છે.કાન્તીભાઈ તાત્કાલિક જોધપરા ચોક પહોંચતા જ ત્યાં હાજર જીગ્નેશ સાદુળભાઈ નાડોળિયા, સાદુળ મનજીભાઈ અને નારણ મનજીભાઈ નાડોળિયાએ તેમના પર હુમલો કરી દીધો હતો. જીગ્નેશે કાન્તીભાઈના માથાના ભાગે ધારીયાનો ઘા મારી દેતા તેઓ નીચે પડી ગયા હતા. ત્યારબાદ અન્ય બે શખ્સોએ તેમને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. આ હુમલામાં કાન્તીભાઈને માથામાં ગંભીર ઈજા થતાં અને તેઓ હાલ ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘોઘા પોલીસે ત્રણેય શખ્સો વિરૂદ્ધ બીએનએસ કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૫૪ અને જી.પી.એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મફત શિક્ષણ આજે મલ્ટી-મિલિયન ડોલરના બિઝનેસમાં ફેરવાઈ ગયું

# ‘ભારતીય ગુરુનો બોધપાઠ કામ લાગ્યો..’ દિગ્ગજ લેખક રોબર્ટ કિયોસાકીની પોસ્ટ વાઈરલ

(એજન્સી) નવી દિલ્હી | તા 02

‘રિચ ડેડ પુઅર ડેડ’ના લેખક રોબર્ટ કિયોસાકીની એક પોસ્ટ વાયરલ થઈ છે. તેમણે ભારતીય ગુરુની વાતને ટાંકીને જીવનના હેતુ વિશે જણાવ્યું છે. કિયોસાકીએ કહ્યું કે, તેમનું શરીર પહેલાં પૈસા કમાવવામાં વ્યસ્ત હતું, પરંતુ ગુરુની વાતથી તેમને આત્માનો હેતુ સમજાયો. તેમને સમજાયું કે તેમની આત્માનો હેતુ લોકોને શીખવવાનો છે. તેમણે મફતમાં શીખવવાનું શરૂ કર્યું, જે હવે મલ્ટી-મિલિયન ડોલરનો બિઝનેસ બન્યો છે.

પ્રખ્યાત પુસ્તક ‘રિચ ડેડ પુઅર ડેડ’ના લેખક રોબર્ટ કિયોસાકી (Robert Kiyosaki) સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે અને અવારનવાર પોતાની પોસ્ટ દ્વારા લોકોને રોકાણની સલાહ આપતા રહે છે. મોટાભાગે તેમની વાઈરલ પોસ્ટ્સમાં અવારનવાર સોના-ચાંદી (Gold-Silver)માં રોકાણ સૌથી ઉપર રહે છે, જેને તેઓ અમીર બનવાનું માધ્યમ ગણાવે છે. આ ઉપરાંત તેઓ ક્રિપ્ટો એસેટ્સ, ખાસ કરીને બિટકોઈનમાં રોકાણને પણ સારો વિકલ્પ ગણાવે છે.

હવે કિયોસાકીની એક નવી પોસ્ટ વાઈરલ થઈ રહી છે, જેમાં તેમણે કોઈ ઈન્વેસ્ટમેન્ટ ટિપ્સ આપવાને બદલે પોતાના જીવનના હેતુ વિશે વાત કરી છે અને આ હેતુને સમજવામાં એક ભારતીય ગુરુનું મોટું યોગદાન હોવાનું જણાવ્યું છે. તેમણે



લખ્યું કે, ‘ભારતીય ગુરુ (Indian Guru) ની વાતોએ મને હચમચાવી મૂક્યો હતો.’

‘Rich Dad Poor Dad’ના લેખક કિયોસાકીએ પોતાના X હેન્ડલ પર એક પોસ્ટ કરતા લખ્યું કે, ‘તમારા જીવનનો હેતુ શું છે? વર્ષો પહેલાં હું એક ભારતીય ગુરુને સાંભળી રહ્યો હતો, જેમણે કહ્યું હતું કે તમારા શરીરનો હેતુ તમારી આત્માના લક્ષ્યને પૂરો કરવાનો છે. તેમની આ વાતોએ મને અંદરથી હચમચાવી દીધો હતો, કારણ કે તે સમયે મારું શરીર માત્ર પૈસા કમાવવામાં જ વ્યસ્ત હતું.’

કિયોસાકીએ પોતાની પોસ્ટમાં આગળ લખ્યું કે, ‘મને એ સમજવામાં ઘણો સમય લાગ્યો કે મારી આત્માનો હેતુ શું છે? આખરે મને સમજાયું કે મારી આત્માનો હેતુ લોકોને શીખવવાનો એટલે કે ટીચર બનવાનો હતો. આ એક એવું કામ હતું જેના વિશે મેં એક સમયે વિચાર્યું હતું કે હું આ બનીશ, કારણ કે હું સ્કૂલમાં ફેલ થયો હતો અને મને સ્કૂલ પ્રત્યે નફરત હતી.’

કિયોસાકીએ આગળ લખ્યું કે, ‘હું જાણતો હતો કે જ્યારે પૈસાની વાત આવે છે, ત્યારે આપણી સ્કૂલ આપણી સાથે જૂઠું જ બોલે છે. આ જ કારણ છે કે 50 વર્ષ કરતાં પણ પહેલાં મેં મેન્યુફેક્ચરર તરીકેનું કામ છોડી દીધું અને લોકોને એ જ શીખવવાનું શરૂ કર્યું, જે મારા અમીર ડેડે મને શીખવ્યું હતું. ત્યારબાદ મારું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું. આટલા વર્ષોમાં મેં જોયું છે કે ઘણા લોકો પોતાની આત્માનો સાચો હેતુ શોધી શકતા નથી, કારણ કે તેઓ માત્ર પોતાનું ગુજરાન ચલાવવામાં અને પૈસા કમાવવા માટે કામ કરવામાં જ ખૂબ વ્યસ્ત રહે છે.’

સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે આગળ કહ્યું કે, ‘પોતાનો સાચો હેતુ શોધવાનો એક રસ્તો એ છે કે તમે તમારી જાતને પૂછો કે માનવતાની સેવા કરવા માટે તમારું દિલ શું કરવા માંગે છે? ત્યારબાદ જે કામ તમારું દિલ કરવા માંગતું હોય, તે મફત (ફ્રી)માં કરવાનું શરૂ કરી દો. મારા ડેડે મને જે શીખવ્યું હતું, તે મેં લોકોને મફતમાં શીખવવાનું શરૂ કર્યું. ‘વર્ષો સુધી મારી મજાક ઉડાવવામાં આવી હતી, કારણ કે હું શીખવતો હતો. બચત કરનારાઓ હારે છે અને દેવું તમને અમીર બનાવી શકે છે. હવે એ જ મફત શિક્ષણ આજે મલ્ટી-મિલિયન ડોલરના બિઝનેસમાં ફેરવાઈ ગયું છે.’

લેખકે આગળ કહ્યું કે, ‘જેમ માર્ટિન લૂથરે પોતાની હત્યાના એક દિવસ પહેલાં કહ્યું હતું કે, હું બસ ભગવાનની મરજી પૂરી કરવા માંગું છું. અને બની શકે કે હું તમારી સાથે એ ‘પ્રોમિશ્ડ લેન્ડ’ સુધી ન પહોંચી શકું. લોકો તેમના કામથી ડરેલા હતા, તે જાણતા હોવા છતાં પણ તેઓ ભગવાનની મરજી પૂરી કરી રહ્યા હતા.’ અંતમાં તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું કે, ‘તમે પોતે પોતાની જાતને પારખો અને જાણો કે તમારી આત્માનો હેતુ શું છે? પોતાનું ધ્યાન રાખો.’

## રિટેલ લોનથી ભારતીય પરિવારોનો દેવાબોજ જીડીપીના ૪૫ ટકાથી પણ ઊંચો

મુંબઈ : હાઉસિંગ સિવાયની રિટેલ લોન્સમાં વધારો થવાને કારણે માર્ચ ૨૦૨૬ના અંતે દેશના પરિવારોનો દેવાબોજ વધી ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટસ (જીડીપી)ના ૪૫.૫૦ ટકા પહોંચી ગયો હતો. ઘરેલું બોરોઈંગના સ્તરમાં વધારો થઈ રહ્યો છે તેમ છતાં, લોન લેનારાઓની ગુણવત્તા પણ સુધરી છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ફાઈનાન્સિઅલ સ્ટેબિલિટી રિપોર્ટ (એફએસઆર)માં જણાવાયું હતું. સપ્ટેમ્બર, ૨૦૨૩થી પારિવારિક દેવાબોજ છેલ્લા પાંચ વર્ષની જીડીપીના ૪૨.૯૦ ટકાની સરેરાશ કરતા ઊંચો રહ્યા કરે છે.નોન-હાઉસિંગ રિટેલ લોનમાં વધારાને કારણે દેવાબોજનું સ્તર ઊંચુ જોવા મળી રહ્યું છે. માર્ચ, ૨૦૨૬ના અંતે નોન-હાઉસિંગ રિટેલ લોનની માત્રા કુલ પારિવારિક બોરોઈંગમાં ૫૮.૪૦ ટકા રહી હતી. છેલ્લા કેટલાક સમયથી આ હિસ્સામાં વધારો થઈ રહ્યો છે અને રહેઠાણ, કૃષિ તથા બિઝનેસ લોન્સ કરતા પણ ઊંચો રહે છે. લોન લેવામાં વધારો છતાં, બોરોઅરોની પ્રોફાઈલ્સ મજબૂત બની હોવાનો રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે.બોરોઅરોની સંખ્યા તથા બાકી પડેલી લોનની રકમ બન્ને રીતે ઊંચા રેટિંગ સાથેના બોરોઅરોના હિસ્સામાં વધારો થઈ રહ્યો છે. પારિવારિક (ઘરેલુ) બોરોઈંગ્સમાં ઉપભોગના હેતુ માટેની લોન્સનો હિસ્સો સતત ૫૦ ટકાથી ઉપર રહ્યા કરે છે.

# News Brief

## માઈક્રોસોફ્ટમાં ફરી છટણીનું ભૂત ધૂણશે! 5000 લોકોની નોકરી સામે લટકતી તલવાર

મુંબઈ : અમેરિકી ટેક કંપની માઈક્રોસોફ્ટ (Microsoft) ફરી એકવાર મોટા પાયે કર્મચારીઓની છટણી કરવાની તૈયારી કરી રહી છે. રોયટર્સે બિઝનેસ ઈનસાઈડરના અહેવાલને ટાંકીને જણાવ્યું છે કે, કંપની આગામી થોડા દિવસોમાં હજારો કર્મચારીઓની નોકરી ખતમ કરી શકે છે. જોકે, કંપની દ્વારા હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ છટણીની અસર કંપનીના કુલ કર્મચારીઓના 2.5 ટકાથી ઓછા લોકો પર પડવાની આશા છે. માઈક્રોસોફ્ટ વિશ્વભરમાં અંદાજે 2.2 લાખ (2,20,000) કર્મચારીઓ ધરાવે છે, તેથી આ છટણી હેઠળ પ્રભાવિત થનારા લોકોની સંખ્યા અંદાજે 5,000 અથવા તેનાથી ઓછી હોઈ શકે છે. આ વખતે સૌથી વધુ અસર સેલ્સ (Sales), કન્સલ્ટિંગ (Consulting) અને Xbox ગેમિંગ ડિવિઝન (Gaming Division) પર પડી શકે છે. ટેક નિષ્ણાતોના મતે, નવા ફાઈનાન્સિયલ યરની શરૂઆત સાથે જ કંપની આ મોટો નિર્ણય લઈ શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં માઈક્રોસોફ્ટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર રેકોર્ડબ્રેક રોકાણ કર્યું છે. કંપની Open AI સાથે પોતાની ભાગીદારી વધારી રહી છે, નવા AI ડેટા સેન્ટર્સ બનાવી રહી છે, અને Copilot જેવા AI પ્રોડક્ટ્સ પાછળ અબજો ડોલર ખર્ચ કરી રહી છે. આ સંજોગોમાં, બીજી તરફ ઓપરેટિંગ ખર્ચ ઘટાડવા માટે કંપની સતત પોતાના કર્મચારીઓની સંખ્યા ઘટાડી રહી છે. કંપની પોતાના બિઝનેસને AIના હિસાબે રિ-સ્ટ્રક્ચર કરવા માંગે છે. જે ટીમોમાં ઓટોમેશન અથવા AIની મદદથી કામ થઈ શકે તેમ છે, ત્યાં કર્મચારીઓની સંખ્યા ઘટાડવામાં આવી રહી છે.માઈક્રોસોફ્ટના ગેમિંગ બિઝનેસ એટલે કે Xboxમાં પણ મોટા ફેરફારોની તૈયારી ચાલી રહી છે. નવી લીડરશિપ આવ્યા બાદ બિઝનેસને રિ-સેટ કરવાની યોજના છે. આ જ કારણે ગેમિંગ ડિવિઝનમાં પણ ઘણા પદો નાબૂદ કરવામાં આવી શકે છે, અને કેટલીક ટીમોનું પુનર્ગઠન (Restructuring) થઈ શકે છે.

માઈક્રોસોફ્ટ આ વર્ષે છટણી કરનારી એકમાત્ર કંપની નથી. 2026માં મેટા (Meta), એમેઝોન (Amazon), ઓરેકલ (Oracle), લિન્કડઈન (LinkedIn) અને કોઈનબેઝ (Coinbase) જેવી ઘણી મોટી ટેક કંપનીઓ પણ કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરી ચૂકી છે. મોટાભાગની કંપનીઓ સ્વીકારી રહી છે કે, AIના કારણે કામ કરવાની રીત બદલાઈ રહી છે, અને ભવિષ્યમાં ઓછા કર્મચારીઓ સાથે વધુ આઉટપુટ મેળવવામાં આવશે.

## ભારત પર વિદેશી દેવું વધ્યું ! એક વર્ષમાં રૂ.2.18 લાખ કરોડનો વધારો, કુલ 72 લાખ કરોડ : RBIના રિપોર્ટમાં ખુલાસો

નવી દિલ્હી : ભારતનું કુલ વિદેશી દેવું વધીને $762.8 બિલિયન(અંદાજે 72.15 લાખ કરોડ રૂપિયા) થયું છે. માર્ચ 2026ના અંત સુધીમાં આ દેવામાં $26.3 બિલિયનનો વધારો થયો છે. ખાનગી ક્ષેત્રની ઉધારી વધવાને કારણે આ આંકડો ઊંચો ગયો છે, જ્યારે સરકારી દેવું ઘટ્યું છે. ટૂંકા ગાળાનું દેવું વધીને 19.6% થતાં ચિંતા વધી છે, પરંતુ લાંબા ગાળાનું દેવું અને મજબૂત ફોરેક્સ રિઝર્વ રાહતરૂપ છે. ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે, પરંતુ આ દરમિયાન ભારતીય રિઝર્વ બૅંક(RBI)ના તાજેતરના આંકડાઓએ દેશની બહારની નાણાકીય જવાબદારીઓનું નવું ચિત્ર રજૂ કર્યું છે. RBIના તાજેતરના અહેવાલ મુજબ, દેશનું કુલ વિદેશી દેવું(Total Foreign Debt) વધીને 762.8 અબજ ડૉલર એટલે કે, અંદાજે 72.15 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. માર્ચ 2026ના અંત સુધીમાં ભારતનું વિદેશી દેવું, એક વર્ષ અગાઉની સરખામણીએ 26.3 અબજ ડૉલર વધ્યું છે.RBIના જણાવ્યા અનુસાર, યુએસ ડોલરની મજબૂતાઈએ વિદેશી દેવાના વાસ્તવિક વધારાને આંશિક રીતે છુપાવી દીધો છે. જો વેલ્યુએશન ઈફેક્ટ(Valuation Effect)ને હટાવી દેવામાં આવે તો, વિદેશી દેવામાં આ વધારો 26.3 અબજ ડૉલર નહીં, પરંતુ અંદાજે 51 અબજ ડૉલર હોત. કોઈપણ દેશ માટે માત્ર દેવાની રકમ જ મહત્ત્વની નથી હોતી, પરંતુ તેની અર્થવ્યવસ્થાના કદની સરખામણીમાં દેવું કેટલું છે તે જોવામાં આવે છે. આ માપદંડ પર જોઈએ તો, ભારતનું વિદેશી દેવું-GDP ગુણોત્તર (Foreign Debt-to-GDP Ratio) વધીને 20.8 ટકા પર પહોંચી ગયું છે, જે એક વર્ષ પહેલા 19.8 ટકા હતું. જોકે, અન્ય ઉભરતી અને વિકસિત અર્થવ્યવસ્થાઓની સરખામણીમાં આ ગુણોત્તર હજુ પણ નિયંત્રિત ગણાય છે.રિપોર્ટમાં એક રસપ્રદ બાબત સામે આવી છે કે, વિદેશી દેવામાં આ તાજેતરના વધારા પાછળ મુખ્ય હાથ પ્રાયવેટ સેક્ટર(Private Sector)નો છે, જ્યારે સરકારનું વિદેશી દેવું ઘટ્યું છે. નોન-ફાયનાન્સિયલ કોર્પોરેટ કંપનીઓ એકલી જ કુલ વિદેશી દેવામાં 36.4 ટકા હિસ્સો ધરાવે છે. વિદેશી બજારોમાંથી અપેક્ષાકૃત સસ્તું ફંડ મળવાને કારણે ભારતીય કંપનીઓ બહારથી વધુ ઉધારી લઈ રહી છે.એક વર્ષ કે તેથી ઓછા ટૂંકા ગાળાના (Short Term) વિદેશી દેવાનો હિસ્સો વધીને 19.6 ટકા થયો છે, જે ગયા વર્ષે 18.3 ટકા હતો. વૈશ્વિક પરિસ્થિતિ બગડે કે, ડૉલર વધુ મજબૂત થાય ત્યારે ટૂંકા ગાળાના દેવાનું જોખમ ઝડપથી વધે છે.

### વર્ષના પ્રથમ અર્ધવાષકમાં સોનામાં ભારે ઉતાર-ચઢાવ

## બીજા અર્ધવાર્ષિકમાં સોના પર ભૌગોલિક જોખમો અને વ્યાજ દરોની અસર રહેશે

અમદાવાદ : વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ગોલ્ડ મિડ-યર આઉટલુક ૨૦૨૬ અનુસાર, વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં સોનાના ભાવમાં અભૂતપૂર્વ અસ્થિરતા જોવા મળી છે. હવે વર્ષના બીજા ભાગમાં ભૌગોલિક રાજકીય જોખમો, વ્યાજ દરોની અપેક્ષાઓ અને રોકાણકારોનું સેન્ટિમેન્ટ સોનાની ચાલ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.ચાલુ વર્ષની શરૂઆતમાં સોનાએ ૧૨થી વધુ વખત સર્વોચ્ચ સપાટી વટાવી હતી અને જાન્યુઆરીના અંતમાં પ્રતિ ઓસ ૫૪૦૫ ડોલરના ઐતિહાસિક રેકોર્ડ સ્તરે પહોંચી ગયું હતું. જોકે, ત્યારબાદ નફો બુક કરવાને કારણે જૂન મહિનામાં તે ઘટીને ૪,૦૦૨ ડોલરની નીચી સપાટીએ આવી ગયું હતું. આ મોટા ઉતાર-ચઢાવને કારણે સોનાના ભાવમાં વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં ૭% નો ઘટાડો નોંધાયો છે અને સરેરાશ અસ્થિરતા ૩૦% સુધી વધી ગઈ છે. તેમ છતાં, સોનું હજુ પણ ગત વર્ષના શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા અસ્કયામતોમાંનું એક રહ્યું છે.રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને કારણે વધેલું ભૌગોલિક રાજકીય જોખમ આ ભાવવધારાનું મુખ્ય કારણ હતું. આ સિવાય વૈશ્વિક સ્તરે કિંમતો નક્કી કરવામાં એશિયન રોકાણકારોની ભૂમિકા ખૂબ જ મજબૂત બની છે. નિષ્ણાતોના મતે, ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ઓછામાં ઓછો એક વધારો થવાની સંભાવના છે, જેની સાથે બેંક ઓફ ઈંગ્લેન્ડ અને બેંક ઓફ જાપાન પણ પોતાની નાણાકીય નીતિઓ કડક કરી શકે છે.

## ડાબર વાટિકાએ લોન્ચ કરી ભારતની પ્રથમ ‘નો એડેડ સોલ્ટ’ શેમ્પૂ રેન્જ

(એજન્સી) અમદાવાદ | તા 02

ડાબર ઈન્ડિયાની વિશ્વસનીય હેર કેર બ્રાન્ડ, વાટિકાએ 'બાયો ઈન્ફ્યુઝન્સ' લોન્ચ કર્યું છે. આ ભારતની પ્રથમ 'નો એડેડ સોલ્ટ' શેમ્પૂ રેન્જ છે, જે વિજ્ઞાન-આધારિત નવીનતા અને પારદર્શિતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. પ્રકૃતિ અને વિજ્ઞાનને જોડવાની ફિલોસોફી સાથે વિકસિત, આ નવી રેન્જમાં ટસ્કન રોઝમેરી, જિનસેંગ, સ્પેનિશ ઓલિવ અને મોરોક્કન આર્ગન જેવી વૈશ્વિક સ્તરે પ્રેરિત કુદરતી સામગ્રીઓ છે. આ ઉપરાંત, તેમાં પ્લાન્ટ બાયોટિન કોમ્પ્લેક્સ, કોલેજન અને હાયલ્યુરોનિક એસિડ જેવા અદ્યતન તત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે વાળની સંભાળ માટે અસરકારક બની રહે છે. માત્ર એક નવી પ્રોડક્ટ રેન્જ લોન્ચ કરવા ઉપરાંત, વાટિકાનો ઉદ્દેશ્ય પ્રોડક્ટની ફોર્મ્યુલેશન અને ઘટકો વિશે ગ્રાહકોમાં જાગૃતિ વધારવાનો છે. તેની અનોખી 'નો એડેડ સોલ્ટ' પ્રપોઝિશન ગ્રાહકોને હેરકેર પ્રોડક્ટ્સમાં ઘટકોની ભૂમિકા વિશે શિક્ષિત કરવા અને વધુ જાણકાર ખરીદીના નિર્ણયો લેવા માટે પ્રેરણા આપવા માંગે છે. આ પહેલ શેમ્પૂ કેટેગરીમાં લાંબા



સમયથી ચાલી આવતી માન્યતાઓને પડકારે છે, જ્યાં વધારાનું સોલ્ટ (મીઠું કે નમક) પરંપરાગત રીતે ઘટ્ટ કરવા માટે વપરાતું હતું અને ઘણીવાર તેને પ્રોડક્ટની અસરકારકતા સાથે જોડવામાં આવતું હતું. આ લોન્ચ અંગે વાત કરતા, ડાબર ઈન્ડિયા લિમિટેડના ગ્રુપ પ્રોડક્ટ મેનેજર, ગુરદત્તર સિંહ રાયતે જણાવ્યું હતું કે, ‘બાયો ઈન્ફ્યુઝન્સ વધુ પારદર્શિતા અને ગ્રાહકોની જાગૃત પસંદગીઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે, જે લોકોને માર્કેટિંગથી આગળ વધીને તેઓ જે ઉત્પાદનોનો ઉપયોગ કરે છે તેને વધુ સારી રીતે સમજવા માટે પ્રોત્સાહિત કરે છે.‘ આ લોન્ચને ડિજિટલ, સોશિયલ મીડિયા, ઈ-કોમર્સ અને ઓન-ગ્રાઉન્ડ એક્ટિવેશનમાં ફેલાયેલા એક વ્યાપક સંકલિત માર્કેટિંગ અભિયાન દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. આ અભિયાનમાં અભિનેત્રી આયેશા ખાન, પારૂલ ગુલાટી અને ઈશા માલવિયા સહિત ૩૦૦થી વધુ ઈન્ફ્લુએન્સર્સ અને ક્રિએટર સાથેની ભાગીદારી અને બ્લિંકિટ, એમેઝોન, જેપ્ટો અને રિલાયન્સ રિટેલ જેવા અગ્રણી કોમર્સ પ્લેટફોર્મ્સ પર વ્યાપક દ્રશ્યતા દર્શાવવામાં આવી છે. આ પ્રોડક્ટ રેન્જ દેશભરના ૫૦૦થી વધુ રિલાયન્સ સ્ટોર્સમાં પણ ઉપલબ્ધ છે.

### કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ માસની સમીક્ષા

## કોરોના પછી સેન્સેક્સનો સૌથી ખરાબ દેખાવ

અમદાવાદ : કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં વેચવાલીના દબાણથી બીએસઈ સેન્સેક્સને મોટો ફટકો પડયો છે. આંતરિક અને બાહ્ય પરિબળોના સંયોજનને કારણે, સેન્સેક્સમાં ૧૦.૩%નો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૦ પછીના પ્રથમ છ મહિનામાં સેન્સેક્સમાં આ સૌથી મોટો ઘટાડો છે, જ્યારે કોરોનાએ બજારોને હચમચાવી નાખ્યા હતા. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટીમાં પણ ૮.૭%નો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૨ પછીના કોઈપણ પ્રથમ છ મહિનામાં આ તેનું સૌથી ખરાબ પ્રદર્શન છે. છેલ્લા છ મહિનામાં, બજાર શ્રેણીબદ્ધ પડકારોનો સામનો કરતું આવ્યું હતું.આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝના વિશ્લેષકોના મતે, ભારતીય ઈક્વિટીએ વર્ષના પ્રથમ છ મહિનામાં અનેક અવરોધોનો સામનો કર્યો હતો. આમાં ઉભરતા બજારોની તુલનામાં ઊંચા મૂલ્યાંકન (પ્રીમિયમ), ધીમી નોમિનલ જીડીપી અને કમાણી વૃદ્ધિ, એઆઈ આધારિત શેરો માટે વૈશ્વિક (ભારત સિવાય) ક્રેઝ, ભૂરાજકીય ચિંતાઓ, યુએસ ટેરિફનો ભય, પશ્ચિમ એશિયા કટોકટીને કારણે ક્રૂડ તેલના ભાવમાં વધારો, નબળો રૂપિયો અને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચવાલીનો સમાવેશ થાય છે.કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં, નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ સૂચકાંકમાં ૬.૫ ટકાનો વધારો થયો હતો, જ્યારે નિફ્ટી મિડકેપ ૧૦૦ સૂચકાંકમાં ૨.૨ ટકાનો વધારો થયો હતો. વર્ષના પ્રથમ છ મહિનામાં સ્મોલ-કેપ અને મિડ-કેપ શેરોના આઉટ ર્ફોર્મન્સનું મુખ્ય કારણ એ છે કે તેઓ મોટાભાગે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના વેચાણથી બચી ગયા હતા. તેમણે મોટાભાગના લાર્જ-કેપ શેરો વેચી દીધા છે. રિટેલ રોકાણકારોએ સ્મોલ-કેપ અને મિડ-કેપ શેરો ખરીદ્યા હતા, જેના કારણે આ સેગમેન્ટમાં તેજી જોવા મળી હતી.બધા ક્ષેત્રીય સૂચકાંકોમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સે સૌથી ખરાબ પ્રદર્શન કર્યું હતું, આ ઈન્ડેક્સ ૩૦.૬ ટકા ઘટયો હતો કારણ કે રોકાણકારો એઆઈ પ્રેરિત વિક્ષેપ અંગે વધતી ચિંતાઓથી ગભરાઈ ગયા હતા. કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં સંરક્ષણ, ઊર્જા અને ધાતુના શેરોમાં વધારો જોવા મળ્યો હતો.

## જીએસટીની આવક રૂ. 1.95 લાખ કરોડ : ગયા જૂન કરતાં 14 ટકાનો વધારો

નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ વિરામની સંભાવનાઓ વચ્ચે આયાત ટેક્સ અને સ્થાનિક સપ્લાયની કમાણી વધવાથી જૂન ૨૦૨૬માં જીએસટી કલેક્શન રૂ. ૨ લાખ કરોડ નજીક પહોંચી ગયું હતું. જીએસટીની આવક મે ૨૦૨૫માં રૂ. ૧.૯૪ લાખ કરોડ અને જૂનમાં ૧.૭૧ લાખ કરોડ હતી. આમ આ વર્ષે જૂનમાં જીએસટીની આવક જૂન ૨૦૨૫ કરતાં ૧૪ ટકા વધી છે. જીએસટી આવકમાં સૌથી વધુ યોગદાન આપતા મહારાષ્ટ્રમાં કલેક્શન ૯ ટકા વધીને રૂ. ૩૦,૭૧૪ કરોડ રહ્યું હતું. સરકારના ડેટા મુજબ જૂન ૨૦૨૬માં જીએસટીની કુલ આવક રૂ. ૧,૯૪,૮૧૨ કરોડ રહી હતી. જીએસટીની ઘરેલુ આવક ૬.૫ ટકા વધીને રૂ. ૧.૩૫ લાખ કરોડ રહી હતી, જેમાં સેન્ટ્રલ જીએસટી રૂ. ૩૭,૩૭૬ કરોડ, સ્ટેટ જીએસટી રૂ. ૪૫,૧૧૬ કરોડ અને ઈન્ટેગ્રેટેડ જીએસટી રૂ. ૫૨,૨૮૨ કરોડનો સમાવેશ થાય છે. જૂનમાં જીએસટીની આવક આયાતમાં ૩૪.૬ ટકા વધીને રૂ. ૬૦,૦૩૮ કરોડ રહી હતી.સરકારી ડેટા મુજબ જૂન ૨૦૨૬માં નેટ જીએસટી આવક ૧૧.૨ ટકા વધીને ૧.૬૨ કરોડ રૂપિયા થઈ હતી, જે એક વર્ષ પહેલાં રૂ. ૧.૪૫ કરોડ હતી. સરકારે આ મહિનામાં કુલ રૂ. ૩૨,૪૩૬ કરોડનું રીફન્ડ આપ્યું હતું, જે ૨૯.૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. રીફન્ડ એડજસ્ટ કર્યા પછી જૂનમાં ચોખ્ખી આવક ૧૧.૨ ટકા વધીને રૂ. ૧.૬૨ લાખ કરોડથી વધુ રહી હતી. મે ૨૦૨૬માં જીએસટીની આવક રૂ. ૧,૯૪,૧૮૪ કરોડ હતી, જે વાર્ષિક ધોરણે ૩.૨ ટકાની વૃદ્ધિ દર્શાવતી હતી. અનિશ્ચિત વૈશ્વિક વાતાવરણ છતાં ભારતની આયાત ચાલુ રહેતા કુલ આયાત આવકમાં ૩૪.૬ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી, જેણે ઘરેલુ આવકમાં ૬.૫ ટકાની વૃદ્ધિને ઘણી પાછળ પાડી દીધી હતી.રાજ્યોના સંદર્ભમાં જોઈએ તો ઉત્તર પ્રદેશ અને આસામમાં જીએસટી કલેક્શનમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો હતો. જીએસટીની આવક ઉત્તર પ્રદેશમાં ૧૯ ટકા વધીને રૂ.૯,૧૬૫ કરોડ અને આસામમાં ૧૭ ટકા વધીને ૧,૪૯૨ કરોડ થઈ હતી. પંજાબમાં ૧૪ ટકા વધીને ૨,૯૧ કરોડ, ગુજરાતમાં ૧૨ ટકા વધીને રૂ. ૧૧,૭૪૩ કરોડ અને મહારાષ્ટ્રમાં ૯ ટકા વધીને રૂ. ૩૦,૭૧૪ કરોડ થઈ હતી. બીજીબાજુ જીએસટીની આવકમાં તમિલનાડુમાં બે ટકા, રાજસ્થાનમાં પાંચ ટકા અને મધ્ય પ્રદેશમાં પાંચ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

### અસલ જીવનની, અસલ દુનિયાની ઈવી ઉત્કૃષ્ટતા

## લીજેન્ડ- હાઈપરચાર્જડ: પ્રસ્તુત છે સંપૂર્ણ નવી Sierra.ev

મુંબઈ : ભારતની ઈલેક્ટ્રિક મોબિલિટીમાં આગેવાન અને અગ્રગણ્ય TATA.evએ આજે સંપૂર્ણ નવી Sierra.ev લોન્ચ કરીને બોલ્ડ, ઈલેક્ટ્રિક ભવિષ્ય માટે આઈકોનની નવી વ્યાખ્યા કરી છે. આજ સુધીની સૌથી દંતકથા સમાન સિરેયાની સૌથી આધુનિક અને આકાંક્ષાત્મક અર્થઘટન Sierra.ev સહજ રીતે ભાવિ પેઢીની ઈવી ટેકનોલોજી, આકર્ષક ડિજિટલ અનુભવો અને ઈન્ટેલિજન્ટ ઈનોવેશન સાથે તેના નિર્વિવાદ ડિઝાઈન ડીએનએ સાથે જોડે છે, જે બાંધછોડ વિનાનો એસયુવી અનુભવ પ્રદાન કરે છે.અજોડ ડિઝાઈન, મંત્રમુગ્ધ કરનારી કામગીરી અને રોજબરોજની વ્યવહારુતા ચાહતા ગ્રાહકો માટે ઘડવામાં આવી હોઈ તે અપવાદાત્મક જગ્યા, ઈન્ટેલિજન્ટ ટેકનોલોજી અને સહજ ક્ષમતા પ્રદાન કરવા સાથે ઈલેક્ટ્રિક મોબિલિટીના અંતર્ગત લાભનો ફાયદો લે છે. Sierra.ev સાથે TATA.ev આધુનિક એસયુવી માટે નવું સીમાચિહન સ્થાપિત કરે છે, જે પ્રગતિશીલ, સક્ષમ અને નિર્વિવાદ આઈકોનિક છે. આજથી બુકિંગ્સ શરૂ કરતાં અને 15મી જુલાઈ, 2026થી ડિલિવરીનો આરંભ કરતાં Sierra.ev રૂ. 18.79 લાખની આરંભિક શરૂઆતી કિંમતે ઉપલબ્ધ છે.Sierra.evનું લોન્ચ મુખ્ય પ્રવાહમાં નક્કર રીતે પ્રવેશ કરતી ઈલેક્ટ્રિક મોબિલિટી સાથે ભારતીય ઓટોમોટિવ બજાર માટે દાખલારૂપ અવસરે આવી છે. મજબૂત ગ્રાહક વિશ્વાસ, સુધારિત માલિકીનો કુલ ખર્ચ, ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઝડપથી થઈ રહેલો વધારો તેમ જ પરિપક્વ બનતી ઈકોસિસ્ટમ વહેલા અપનાવનારથી રોચક, રોજબરોજની પસંદગી સુધી ઈવીને પરિવર્તિત કરવા સાથે તેના અપનાવવામાં માળખાબદ્ધ પરિવર્તન પ્રેરિત કરી રહી છે.

- 510- 530 km C75 અસલ દુનિયાની રેન્જ સાથે બાંધછોડ વિનાની ડ્રાઈવિંદ આઝાદી | આજીવન HV બેટરી વોરન્ટી *
- ફક્ત 5.7 સેકંડ્સમાં પ્રતિકલાક 0-100 કિમી સાથે રોમાંચ આપવા ઘડાઈ છે *

Sierra.ev: લીજેન્ડ- હાઈપરચાર્જ્ડ
665 km MIDC રેન્જ*** | 510-530 km રિયલ વર્લ્ડ રેન્જ
આજીવન HV બેટરી વોરન્ટી **
એક્સપ્રેસ ચાર્જિંગ: 15 મિનિટમાં 263 km*
504 Nm ટોર્ક 306 Ps પાવર સાથે*
લક્ઝરી લાઈફસ્પેસ, રોમાંચક ટેકનોલોજી
સેગમેન્ટમાં સૌથી વિશાળ પેનોરામેક્સ સનરૂફ
ટ્રિપલ સ્ક્રીન્સ, ડોલ્બી એટમોસ® અને સોનિકશાફ્ટ સાથે થિયેટર પ્રો
જ્ઞાનાકાર ડ્રાઈવિંગ માટે HypAR HUD
e-Valet સ્યુટ: ઓટો પાર્ક, સમન અને રિવર્સ આસિસ્ટ
આસાન એન્ટ્રી અને કંટ્રોલ માટે ડિજી એક્સેસ
ગો એનીવ્હેર ડુ એનીથિંગ (GADA)
5. 8 સેકંડ્સમાં 0-100 km/કલાક * ડ્યુઅલ- મોટર QWD
ફ્રિકવન્સી ડિપેન્ડન્ટ ડેમ્પિંગ સાથે અલ્ટ્રા ગ્રેડ સસ્પેન્શન
4 સાઈટ બ્લાઈન્ડ સ્પોટ વ્યુ સાથે 540HD કેમેરા.

### 2017થી 2020 વચ્ચે થયેલા આ ષડયંત્રમાં 200થી વધુ સંસ્થાઓ સામેલ હતી

## શેરબજારમાં ‘Pump & Dump’ નો ખેલ કરતી 221 સંસ્થાઓ સામે પ્રતિબંધ, માસ્ટર માઈન્ડને 10 કરોડનો દંડ

મુંબઈ : માર્કેટ રેગ્યુલેટર સેબી (SEBI)એ શેરબજારમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરનારાઓ સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરી છે. સેબીએ ‘પંપ એન્ડ ડમ્પ’ (શેરોના ભાવ આર્ટિફિશિયલી વધારીને વેચી દેવા)ના કૌભાંડમાં સંડોવાયેલી 221 સંસ્થાઓ પર સકંજો કસ્યો છે અને તેમના પર આગામી 7 વર્ષ માટે શેરબજારમાં ટ્રેડિંગ કરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ સમગ્ર કૌભાંડના માસ્ટરમાઈન્ડ ગણાતા એક રોકાણકાર પર 10 કરોડ રૂપિયાનો તગડો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. સેબીના જણાવ્યા અનુસાર, આ પ્રતિબંધિત સંસ્થાઓએ માર્કેટમાં ખોટી રીતે પ્રાઈઝ મેનીપ્યુલેશન કરીને અંદાજે 143.79 કરોડ રૂપિયાનો ગેરકાયદેસર નફો કમાયો હતો.SEBIએ પોતાના 394 પાનાના વિગતવાર આદેશમાં જણાવ્યું છે કે, આ આખા ખેલનો મુખ્ય સૂત્રધાર હનીફ શેખ નામનો રોકાણકાર છે. હનીફ શેખ અને તેની સહયોગી સંસ્થાઓએ મળીને મૌર્ય ઉદ્યોગ લિમિટેડ, 7NR રિટેલ, દાર્જીલિંગ રોપવે કંપની, GBL ઈન્ડસ્ટ્રીઝ અને વિશાલ ફેબ્રિક્સ લિમિટેડ જેવી 5 કંપનીઓના શેરોમાં મોટા પાયે હેરાફેરી કરી હતી. આ ગુના બદલ સેબીએ હનીફ શેખ પર 10 કરોડ રૂપિયાનો ભારે દંડ લગાવ્યો છે. આ યોજના હેઠળ 200થી વધુ સંસ્થાઓએ ‘પીવી ઈન્ફ્લુએન્સર્સ’ અને ‘ઓફલોડર્સ’ તરીકે કામ કર્યું હતું, જેથી ગેરકાયદેસર કમાણી આસાનીથી પ્રમોટરો સુધી ટ્રાન્સફર કરી શકાય. આ પાંચ કંપનીઓના શેરમાં પંપ એન્ડ ડમ્પનો આ મોટો ખેલ વર્ષ 2017થી વર્ષ 2020 દરમિયાન ખેલવામાં આવ્યો હતો. સેબીની તપાસમાં સામે આવ્યું છે કે, પૈસાના અસલી માલિકો (લાભાર્થીઓ)ની ઓળખ છુપાવવા માટે આ રકમને અસંખ્ય વચેટિયાઓ દ્વારા અલગ-અલગ જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવી હતી.સેબીના સભ્ય અમરજીત સિંહે જણાવ્યું કે, છેતરપિંડીની આ વ્યૂહનીતિ ભલે નવી ન હોય, પરંતુ તેને ખૂબ જ શાતિર અને આયોજનબદ્ધ રીતે અંજામ આપવામાં આવ્યો હતો, જેમાં 226થી વધુ સંસ્થાઓ 5 અલગ-અલગ સ્કીમમાં પોતપોતાની ભૂમિકા ભજવવા માટે એકસાથે જોડાઈ હતી. આ મામલામાં અન્ય 5 સંસ્થાઓ પર પણ 6 વર્ષનો પ્રતિબંધ મૂકીને પ્રત્યેક પર 2-2 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.શું છે આ ‘પંપ એન્ડ ડમ્પ’ ટેક્નોલોજી અને તેની વ્યૂહનીતિ?

શેરબજારમાં સામાન્ય અને ભોળા રોકાણકારોને ફસાવવા માટે ‘પંપ એન્ડ ડમ્પ’ એ છેતરપિંડીની એક જાણીતી સ્ટ્રેટેજી છે. આ ખેલમાં કૌભાંડીઓ પહેલા કોઈ ચોક્કસ શેર વિશે સોશિયલ મીડિયા કે પ્રભાવશાળી લોકો દ્વારા ખોટી, ભ્રામક અને અતિશયોક્તિભરી અફવાઓ ફેલાવે છે. જેને જોઈને સામાન્ય રોકાણકારો આકર્ષાય છે અને મોટા પાયે ખરીદી શરૂ કરે છે.ખરીદી વધવાને કારણે શેરનો ભાવ આકાશે આંબવા લાગે છે (જેને પંપ કહેવાય છે). જ્યારે શેરનો ભાવ ખૂબ ઊંચો થઈ જાય, ત્યારે કૌભાંડીઓ પોતાની પાસે રહેલા લાખો શેર ઊંચા ભાવે વેચીને (જેને ડમ્પ કહેવાય છે) રાતોરાત મોટો નફો બુક કરીને બહાર નીકળી જાય છે. ત્યારબાદ અચાનક આવેલી વેચવાલીને કારણે શેરનો ભાવ ધડામ દઈને નીચે પડે છે અને છેલ્લે ઊંચા ભાવે શેર ખરીદનારા સામાન્ય રોકાણકારોના કરોડો રૂપિયા ડૂબી જાય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 04

# યુરોપમાં બે દાયકામાં ગરમી 200 ગણી વધી ગઈ !

ગ્લોબલ વોર્મિંગના કારણે યુરોપમાં 43 ડિગ્રી સુધી તાપમાન પહોંચી ગયું છે, જે અસહ્ય બની ગયું છે. બ્રિટન સહિત 30 દેશોના 850 શહેરોમાં રેકોર્ડ ગરમી નોંધાઈ છે. ફ્રાન્સમાં 41 ડિગ્રી તાપમાને 1500થી વધુ લોકોના મોત થયા છે. ભારતીયો ગરમી સહન કરવા ટેવાયેલા છે, પણ યુરોપના લોકો ઠંડીના કારણે ગરમી સહન કરી શકતા નથી.યુરોપના લોકોના ડીએનએમાં જ ગરમી સહન કરવાની ક્ષમતા નથી, તેઓ સદીઓથી ઠંડીમાં રહેવા ટેવાયેલા છે જ્યારે ભારતીયો સદીઓથી ગરમીમાં રહેવા ટેવાયેલા છે તેથી તેમને ઠંડા પ્રદેશોમાં તકલીફ પડે છે. યુરોપીયોનોને એકાએક વધેલી ગરમી હવે નડી રહી છે : છેલ્લા આ ૧૨ દિવસમાં યુરોપમાં જે ગરમી વધી છે તે અકલ્પનીય છે. બ્રિટન સહિત યુરોપના ૩૦ દેશોના ૮૫૦ શહેરોમાંથી ૪૫ ટકા શહેરોમાં ગરમીનો પારો રેકોર્ડ સ્તરે વધી ગયો. હીટ સ્ટ્રેસમાં ગરમી વધી ગઈ અને બફારો પણ વધી ગયો. તેના કારણે લોકોના મોત પણ થવા લાગ્યા : જાણકારોના મતે તાપમાનનો પારો ભલે ગમે તેટલો ઉપર જાય પણ ગરમીનો અનુભવ અને અન્ય કારકો તેની અસર ઉપર પ્રભાવ પાડતા હોય છે. ખાસ કરીને ભૌગોલિક સ્થિતિ, સૂર્યના કિરણોનો કોણ, હવાની ગુણવત્તા, જે તે સ્થળનું માળખું, મકાનોનું નિર્માણ અને મકાનોની બનાવવાની શૈલી વગેરે પણ વ્યાપક રીતે અસર કરતા હોય છે. યુરોપમાં હાલમાં ભયાનક ગરમી પડી રહી છે. અહીંયા દિવસ અને રાત્રી બંને દરમિયાન અસહ્ય ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. તાપમાન દિવસ અને રાતનું એટલું વધી ગયું છે કે, લોકો માટે રહેવું અને જીવવું અસહ્ય થઈ રહ્યું છે. અત્યંત ઠંડક માટે જાણીતા આ યુરોપના દેશોમાં ૪૩ ડિગ્રી સુધી ગરમીનો પારો જતો રહ્યો છે. જે દેશોમાં હીટર ચાલુ રહેતા હતા ત્યાં લોકો એસી અને પંખા લેવા માટે પડાપડી કરી રહ્યા છે. અહીંયા રસ્તા ઓગળી રહ્યા છે, રેલવે ટ્રેક વાંકા થઈ ગયા છે, વાહનોના પૈડા ઓગળી રહ્યા છે અને લોકોનાં મોત થઈ રહ્યા છે. ફ્રાન્સમાં ૪૧ ડિગ્રી તાપમાન પહોંચ્યું ત્યાં તો ૧૫૦૦થી વધુનાં મોત થઈ ગયા. યુરોપ અત્યારે અગનભઠ્ઠી બનેલું છે જે સતત લોકોનો ભોગ લઈ રહ્યું છે.તાજેતરમાં જ વર્લ્ડ વેધર એટ્રિબ્યુશન એટલે કે ડબ્લ્યૂડબલ્યૂએ નામની સંસ્થાએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે, ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ વગર આવી ગરમી વધવી શક્ય જ નથી.જાણકારોના મતે અત્યાર સુધી ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જનો દોષનો ટોપલો ગરીબ દેશો અને એશિયાના દેશો ઉપર નાખનારા પશ્ચિમી દેશોને તેમના કર્મોનું ફળ મળ્યું છે. અહીંયા પણ ક્લાઈમેટ ચેન્જને કારણે જ ગરમીમાં ભયાનક વધારો થયો છે. આજથી પાંચ દાયકા પહેલાં એટલે કે ૧૯૭૬માં જે ગરમીની કલ્પના પણ થઈ શકતી નહોતી તે છેલ્લાં બે દાયકામાં ધીમે ધીમે વધી છે. જાણકારોના અહેવાલ પ્રમાણે યુરોપના દેશોમાં છેલ્લાં ૨૦ વર્ષમાં ગરમીમાં ૨૦૦ ગણો વધારો થયો છે. ફ્રાન્સ, ઈટાલી, સ્પેન, બ્રિટન સહિતના દેશોમાં ગરમી ૪૦ ડિગ્રીને વટાવી ગઈ છે. અહીંયા રાતનું તાપમાન પણ ૨૫ થી ૩૦ ડિગ્રીની આસપાસ રહેવા લાગ્યું છે. અહીંયા લોકોને આવો તાપ સહન કરવાની આદત જ નથી તેથી તેમના માટે આ સ્થિતિ અસહ્ય થઈ રહી છે.યુરોપના વાતાવરણના ભૂતકાળ ઉપર નજર કરીએ તો તેમાં ઘણો ફેરફાર આવ્યા છે પણ તેની ગંભીરતાથી નોંધ લેવામાં આવી નથી. સંશોધકોએ જણાવ્યું કે, ૧૯૭૬થી ૨૦૦૩ની વચ્ચે તાપમાનમાં ઘણો ફેરફાર થયો છે. ૧૯૭૬માં દિવસનું તાપમાન સરેરાશ કરતા ૩.૫ ડિગ્રી ઓછું રહેતું હતું. રાતનું તાપમાન સરેરાશ કરતા ૨.૫ ડિગ્રી ઓછું થઈ જતું હતું. ૨૦૦૩ સુધી તેમાં દિવસ અને રાતના તાપમાનમાં અનુક્રમે ૨ અને ૧.૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. ત્યારબાદ જે પરિવર્તન આવવાનું શરૂ થયું તેણે યુરોપની હાલત ખરાબ કરી નાખી. ગ્લોબલ વોર્મિંગની અસરે ધીમે ધીમે યુરોપને ગરમીના સકંજામાં જકડી લીધું હતું.ચિંતાજનક બાબત એ છે કે, ડબ્લ્યૂડબ્લ્યૂએ દ્વારા ૧૮ જૂનથી ૩૦ જૂન સુધીની ગરમીનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. આ ૧૨ દિવસમાં યુરોપમાં જે ગરમી વધી છે તે અકલ્પનીય છે. બ્રિટન સહિત યુરોપના ૩૦ દેશોના ૮૫૦ શહેરોમાંથી ૪૫ ટકા શહેરોમાં ગરમીનો પારો રેકોર્ડ સ્તરે વધી ગયો. હીટ સ્ટ્રસમાં ગરમી વધી ગઈ અને બફારો પણ વધી ગયો. તેના કારણે લોકોનું શરીર દબાણ અનુભવવા લાગ્યું અને શરીરને ઠંડક મળવાની ઓછી થઈ ગઈ. તેના કારણે લોકોની હાલત ખરાબ થવા લાગી. સંશોધકોના મતે આ વખતે ગરમી અને ખાસ કરીને બફારો ધરાવતી ગરમીનું પ્રમાણ વધી ગયું જે લોકો માટે અસહ્ય છે.

# બનાસકાંઠાના ખેડૂતોને ખરીફ વાવણીમાં મુશ્કેલી ન પડે તે માટે બનાસકાંઠા જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર

પાલનપુર | ચાલુ વર્ષે 'અલ નીનો'ની આગાહીના અનુસંધાને ખેડૂતોને ખરીફ વાવેતર દરમિયાન કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને ખેતીવાડી વિભાગ દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. ખરીફ ઋતુની વાવણી કામગીરી મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર ખૂબ જ આધાર રાખતી હોવાથી, વરસાદની સંભવિત અછત અથવા ખેંચની સ્થિતિને પહોંચી વળવા માટે સક્રિય અને સંકલિત આયોજન ખૂબ જ મહત્વપૂર્ણ બની રહે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સેન્ટ્રલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડ્રાયલેન્ડ એગ્રીકલ્ચર (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ) દ્વારા રાજ્યના કૃષિ વિભાગો સાથે પરામર્શ કરીને જિલ્લા કૃષિ આકસ્મિક યોજનાઓ અગાઉથી જ તૈયાર કરી લેવામાં આવી છે. આ યોજનાઓ અંતર્ગત દુષ્કાળ-પ્રતિરોધક બિયારણોનો પ્રચાર, ટૂંકા ગાળાના વૈકલ્પિક પાકો તરફ સ્થળાંતર અને આકસ્મિક પરિસ્થિતિમાં કાર્યક્ષમ પાણી વ્યવસ્થાપનની વ્યૂહરચનાઓ સહિતની મહત્વપૂર્ણ કૃષિ સલાહ પૂરી પાડવામાં આવી રહી છે.જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, બનાસકાંઠા દ્વારા ખેડૂતોને વર્તમાન પરિસ્થિતિમાં કેટલાક જરૂરી કૃષિ પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ખેડૂતોએ ઓછા સમયગાળામાં તૈયાર થતા પાકો અથવા તેની વિશેષ જાતોની જ પસંદગી કરવી જોઈએ. જો કોઈ કારણસર મુખ્ય પાકની વાવણીની સીઝન નીકળી જાય, તો તેના બદલે ટૂંકા ગાળાના વૈકલ્પિક પાકો જેવા કે બાજરી (જાતો: GHB-1305, GHB-538), મગ (જાતો: ગુજરાત મગ- ૯, ૧૦) અથવા ગુવાર (જાતો: ગુજરાત ગુવાર- ૧, ૨, ૩, ૫) વગેરેનું વાવેતર કરવું હિતાવહ છે. જમીનમાં લાંબા સમય સુધી ભેજ સંગ્રહવા માટે ખેતરમાં આંતરખેડ કરવી (કરબ ચલાવવી) જરૂરી છે. આ ઉપરાંત, સૂર્યના તીવ્ર તાપથી થતું બાષ્પીભવન અટકાવવા અને જમીનની ભેજધારણ શક્તિ જાળવી રાખવા માટે ખેતરમાં પાકના અવશેષો, સૂકું ઘાસ કે પ્લાસ્ટિક દ્વારા સૂકી માટીનું ઊલટ-સૂલટ પડ એટલે કે સોઈલ મલ્ચિંગ પદ્ધતિ અપનાવવી જોઈએ. પાક તંદુરસ્ત રહે તે માટે ખેતરમાં નબળા છોડ ઉપાડીને છોડની સંખ્યા મર્યાદિત કરવી તથા જમીન પરીક્ષણ (સોઈલ ટેસ્ટિંગ) ના રિપોર્ટના આધારે જ ખાતરનો સંતુલિત ઉપયોગ કરવો જોઈએ, ખાસ કરીને ભેજની અછત દરમિયાન વધુ પડતું ખાતર આપવાનું ટાળવું જોઈએ.ખેતીવાડી વિભાગે જણાવ્યું છે કે, ખેતરમાં સમયસર નિંદણ નિયંત્રણ કરવું અત્યંત આવશ્યક છે જેથી મુખ્ય પાક અને નિંદણ વચ્ચે પાણી અને પોષક તત્વો માટેની સ્પર્ધા ઘટે. વરસાદની લાંબી ખેંચના સમયે પાક પર થ્રિપ્સ અને એફિડ્સ જેવી ચૂસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ વધવાની સંભાવના રહે છે, તેથી ખેડૂતોએ પાકનું નિયમિત નિરીક્ષણ કરી લીમડા આધારિત દવાઓનો પ્રોફીલેક્ટીક (આગોતરો) છંટકાવ કરવો હિતાવહ છે. જે ખેડૂતો પાસે કૂવા કે બોરવેલમાં પિયતની સગવડ ઉપલબ્ધ હોય, તેઓએ પરંપરાગત ધોરિયા પદ્ધતિના બદલે ફરજિયાત ટપક સિંચાઈ અથવા સ્પ્રિંકલર (ફુવારા પદ્ધતિ) નો જ ઉપયોગ કરવો, જેનાથી ૪૦% થી ૫૦% સુધી પાણીનો બચાવ કરી શકાય છે. તેમજ પિયતની ઉપલબ્ધતા મુજબ પાકની કટોકટીની અવસ્થાઓ ધ્યાને રાખીને જ પાણી આપવું જોઈએ. આ અંગેની વધુ ટેકનિકલ માહિતી અને માર્ગદર્શન માટે ખેડૂતોએ પોતાના ગામના તલાટી કમ મંત્રી, સીટી તલાટી (કસ્બા તલાટી), ગ્રામસેવક તેમજ તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી (ખેતી), તાલુકા વિકાસ અધિકારી અથવા મામલતદારશ્રીની કચેરીનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ડિજિટલ બનાસકાંઠા : બનાસકાંઠા જિલ્લામાં અશાંત ધારા હેઠળ પૂર્વ મંજૂરી પ્રક્રિયા બની વધુ પારદર્શક : હુકમની નકલ હવે ઓનલાઈન મેળવી શકાશે

પાલનપુર | બનાસકાંઠા જિલ્લામાં અશાંત ધારો અમલમાં છે. આનો મુખ્ય હેતુ સંવેદનશીલ વિસ્તારોમાં મિલકતોની તબદીલી પારદર્શક અને કાયદેસર રીતે થાય તેમજ કોઈપણ પ્રકારના દબાણ, લાલચ, છેતરપિંડી અથવા સામાજિક અસંતુલનની પરિસ્થિતિ ઊભી ન થાય તેની ખાતરી કરવાનો છે. આ કાયદા હેઠળ નિયત વિસ્તારોમાં મિલકતની ખરીદી-વેચાણ પહેલાં પાલનપુર પ્રાંત અધિકારીની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત છે.અશાંત ધારાના સંદર્ભે પાલનપુર પ્રાંત અધિકારીશ્રી ડૉ. ડી. એ. ભારાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની સૂચના મુજબ પાલનપુર શહેરમાં અશાંત ધારો અમલમાં છે. આ ધારા હેઠળ મિલકતની તબદીલી પહેલાં પ્રાંત કચેરીમાં પૂર્વ મંજૂરી માટે અરજીકરવાની રહે છે. જોકે, અરજદારોને વધુ સરળ અને પારદર્શક સેવા ઉપલબ્ધ થાય તે માટે જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ હુકમની નકલ ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે. હવે અરજદારો collectoratebanaskantha.gujarat.gov.in વેબસાઈટ પર જઈને પોતાની અરજીની હુકમની નકલ ઘરે બેઠા મેળવી શકશે. તેમજ તે હુકમને વેબસાઇટ પરથી ડાઉનલોડ પણ કરી શકશે. બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રના હકારાત્મક, પારદર્શક અને જનકેન્દ્રિત અભિગમના પરિણામે અશાંતધારા હેઠળ મળતી અરજીઓનો સમયસર નિકાલ કરવામાં આવી રહ્યો છે. જાન્યુઆરી-૨૦૨૬થી તા. ૨૨ જૂન, ૨૦૨૬ સુધી જિલ્લામાં અશાંત ધારા હેઠળ કુલ ૮૫૧ અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી ૮૩૨ અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે બાકીની અરજીઓ પણ નિયમો અનુસાર જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને પ્રાથમિકતાના ધોરણે નિકાલ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

# દેશલપર (ગુંતલી)માં શાળા નજીક સ્પીડ બ્રેકરની માંગ

**● નખત્રાણા તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી જુસબભાઈ સોઢાની લેખિત રજૂઆત; 10 દિવસમાં કાર્યવાહી નહીં થાય તો 'રસ્તા રોકો' આંદોલનની ચીમકી**

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દેશલપર (ગુંતલી) ગામના બસ સ્ટેશન વિસ્તારેથી હાજીપીર તરફ તાજેતરમાં બનાવવામાં આવેલા નવા આર.સી.સી. રોડ પર વાહનોની બેફામ ઝડપને કારણે વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના જીવને જોખમ ઊભું થતાં સ્પીડ બ્રેકર (જમ્પ) બનાવવાની માંગ ઉઠી છે.



આ ગંભીર પ્રશ્નને લઈને દેશલપર (ગુંતલી)ના અગ્રણી અને નખત્રાણા તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી જુસબભાઈ સોઢાએ માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે ગામની પ્રાથમિક શાળાનું મકાન જર્જરિત હોવાથી હાલ નાના વિદ્યાર્થીઓ હાઈસ્કૂલના કેમ્પસમાં અભ્યાસ માટે જાય છે. જેના કારણે દરરોજ મોટી સંખ્યામાં બાળકોને આ રોડ ક્રોસ કરવો પડે છે, જ્યારે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોની પણ સતત અવરજવર રહે છે.

જુસબભાઈ સોઢાએ રજૂઆતમાં બસ સ્ટેશન વિસ્તાર અને શાળા નજીક નિયમો અનુસાર તાત્કાલિક સ્પીડ બ્રેકર (જમ્પ) બનાવવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓની સલામતી સર્વોપરી છે અને અકસ્માત સર્જાય તેની રાહ જોવાને બદલે તંત્રએ પૂર્વ સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

જુસબભાઈ સોઢાએ ચેતવણી આપી છે કે જો આગામી 10 દિવસમાં યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગામજનો સાથે મળીને લોકશાહી ઢબે 'રસ્તા રોકો' આંદોલન શરૂ કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તંત્રની રહેશે.

આ રજૂઆતને ગ્રામજનો અને વાલીઓએ પણ સમર્થન આપ્યું છે અને વિદ્યાર્થીઓની સલામતી માટે તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠાવી છે.

# ચોમાસુ શરૂ થતાની સાથે જ ડાંગમાં કેકડા (કરચલા) પકડવાની પરંપરા જીવંત..તંદુરસ્તી માટે લાભદાયી કેકડા.

ડાંગ | ડાંગ જિલ્લો તેની હરિયાળી, ગાઢ જંગલો, નદીઓ, ઝરણાં અને સમૃદ્ધ જૈવવિવિધતા માટે સમગ્ર ગુજરાતમાં આગવુ સ્થાન ધરાવે છે.આ જૈવવિવિધતાનો એક મહત્વનો ભાગ છે મીઠા પાણીમાં જોવા મળતા કરચલા, જેને ડાંગના આદિવાસી સમાજમાં સામાન્ય રીતે 'કેકડા' તરીકે ઓળખવામાં આવે છે,જ્યારે ગામીત ભાષામાં તેમને 'કુઅલી' કહેવામાં આવે છે.અને ઈંગ્લિશમાં freshwater Crab કહે છે.ડાંગ પર્યાવરણ સંશોધન કેન્દ્ર (DNRC)નાં અમિતભાઈ રાણાના જણાવ્યા મુજબ, ચોમાસાની શરૂઆત થતા જ ડાંગના આદિવાસીઓ પરંપરાગત રીતે કરચલા પકડવાની શરૂઆત કરે છે.હાલ ડાંગ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જોવા મળતી કરચલાની વિવિધ પ્રજાતિઓનું



ડોક્યુમેન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.તેમના જણાવ્યા અનુસાર, ડાંગી આદિવાસીઓ માટે કરચલા દેવ સમાન માનવામાં આવે છે.તેઓ પોતાના પરંપરાગત આહારમાં પણ કરચલાનો ઉપયોગ કરે છે અને કરચલાનું સૂપ તંદુરસ્તી માટે લાભદાયી માનવામાં આવે છે.ડાંગ જિલ્લામાં મુખ્યત્વે ત્રણ પ્રકારના કરચલા જોવા મળે છે - કાળા, સફેદ તેમજ લાલ (કેસરી) રંગના કરચલા. દરેક પ્રકારની પોતાની આગવી વિશેષતા છે. કાળા કરચલા મુખ્યત્વે રાત્રિના સમયે વધુ સક્રિય હોય છે અને જોવા મળે છે, જ્યારે સફેદ અને કેસરી કરચલા દિવસ દરમિયાન વધુ જોવા મળે છે.અમિતભાઈ રાણાના જણાવ્યા મુજબ, શિયાળાની ઋતુમાં કરચલાની સંખ્યા પ્રમાણમાં વધુ જોવા મળે છે. જ્યારે ચોમાસા દરમિયાન તેમના નાના બચ્ચા હોવાથી મોટાભાગના કરચલા પોતાના દર (બખોલ)માં અથવા સુરક્ષિત સ્થળે રહેવાનું પસંદ કરે છે. તેઓ સામાન્ય રીતે નદી, ઝરણાં અને વહેતા પાણીના કિનારે પથ્થરોની નીચે અથવા જમીનમાં બનાવેલા દરમાં રહે છે.

# ભુજના મહાવીરનગરમાં ગાયે કુતરાને ધવરાવતું અનોખું દૃશ્ય બન્યું આકર્ષણ

**● માતૃત્વ, કરુણા અને સહઅસ્તિત્વનો જીવંત સંદેશ આપતું દૃશ્ય; માનવજાત માટે પ્રેરણારૂપ હોવાનું લેખક જગદીશચંદ્ર છાયાનું મંતવ્ય**

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

ભુજ શહેરના મહાવીરનગર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દરરોજ એક અનોખું અને હૃદયસ્પર્શી દશ્ય જોવા મળી રહ્યું છે. એક ગાય પોતાના વાછરડાંની જેમ જ એક નાના કુતરાને પણ પ્રેમથી ધવરાવતી જોવા મળે છે. આ દશ્ય



નિહાળવા સ્થાનિક લોકો થોભી જાય છે અને પ્રાણીઓ વચ્ચેના નિઃસ્વાર્થ પ્રેમને કેમેરામાં કેદ કરે છે.

ગાય અને કુતરા વચ્ચે જોવા મળતો આ માતૃવાત્સલ્યનો સંબંધ માનવજાત માટે પણ એક સુંદર સંદેશ સમાન છે. કોઈપણ જાતના ભેદભાવ વગર પ્રેમ, કરુણા અને સ્વીકારની ભાવના પ્રાણીજગતમાં પણ જીવંત હોવાનું આ દશ્ય સ્પષ્ટ કરે છે.આ અંગે લેખક જગદીશચંદ્ર છાયા જણાવે છે કે, "પ્રાણીઓમાં જોવા મળતો નિર્મળ પ્રેમ અને શાંતિમય સહઅસ્તિત્વ માનવ સમાજ માટે પ્રેરણાદાયી છે. કુદરત આપણને પ્રેમ, દયા અને સહજીવનનો અમૂલ્ય પાઠ શીખવે છે. જો માનવજાત પણ આવા મૂલ્યોને જીવનમાં ઉતારે તો સમાજ વધુ સંવેદનશીલ અને સુખમય બની શકે."સ્થાનિકોમાં પણ આ અનોખું દશ્ય ચર્ચાનો વિષય બન્યું છે અને લોકો તેને કુદરતના અદ્ભુત પ્રેમ અને મમતાનું જીવંત ઉદાહરણ ગણાવી રહ્યા છે.

# સમાજસેવક જગદીશભાઈ દામજી પલણનો જન્મદિવસ સેવાભાવને બિરદાવતા શુભેચ્છાઓ વચ્ચે ઉજવાયો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

સમાજસેવા અને માનવસેવાને જીવનનું ધ્યેય બનાવનાર નખત્રાણાના અગ્રણી સમાજસેવક તથા શ્રી નખત્રાણા લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખ જગદીશભાઈ દામજી પલણનો જન્મદિવસ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે વિવિધ સામાજિક, ધાર્મિક, વેપારી અને સેવાકીય સંસ્થાઓના હોદ્દેદારો, આગેવાનો, મિત્રવર્તુળ તેમજ શુભેચ્છકોએ તેમને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

જગદીશભાઈ પલણ વર્ષોથી શ્રી બહુચરાજી ગરબી મંડળ, શ્રી સાઈ જલારામ સેવા સમિતિ, ચેમ્બર ઓફ કોમર્સ સહિત અનેક સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા રહી સમાજહિતના કાર્યોમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે. ખાસ કરીને આરોગ્ય કેમ્પોના આયોજનમાં તેમની સેવાભાવના નોંધપાત્ર રહી છે. તેમના સહયોગથી વર્ષો દરમિયાન હજારો જરૂરિયાતમંદ દર્દીઓના નિઃશુલ્ક આંખના ઓપરેશન શક્ય બન્યા છે, જેના કારણે અનેક પરિવારોના જીવનમાં પ્રકાશ પથરાયો છે.

આ પ્રસંગે શુભેચ્છકોએ પ્રાર્થના કરી હતી કે પરમ પૂજ્ય જલારામ બાપા, બહુચરાજી માતાજી અને સિદ્ધેશ્વર મહાદેવના આશીર્વાદથી જગદીશભાઈ પલણને દીર્ઘાયુષ્ય, નિરોગી જીવન અને વધુને વધુ સમાજસેવા કરવાની શક્તિ પ્રાપ્ત થાય.

# ખેડૂતપુત્ર અસ્મિત કુંવરે ફર્સ્ટ ક્લાસ સાથે MBBS પૂર્ણ કરી રચ્યો સંઘર્ષનો ઈતિહાસ..

ડાંગ | ડાંગ જિલ્લામાં આર્થિક અભાવ, દિવસમાં એક ટંક ભોજન, અભ્યાસ દરમિયાન આવેલી ATKT અને અનેક મુશ્કેલીઓ, સામાન્ય રીતે આવી પરિસ્થિતિમાં યુવાન પોતાના સપના છોડી દેતો હોય છે.પરંતુ ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના અંતરિયાળ વિસ્તારના ઘુબડિયા ગામના અસ્મિત સીતારામ કુંવરે સંઘર્ષ સામે ઝૂકવાને બદલે તેને જ પોતાની સફળતાનું શસ્ત્ર બનાવ્યુ. ખેડૂત પરિવારમાં જન્મેલા અસ્મિતે પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદમાંથી ફર્સ્ટ ક્લાસ સાથે MBBS પૂર્ણ કરીને માત્ર પોતાના પરિવાર જ નહીં, સમગ્ર ડાંગ અને આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યું છે.અસ્મિતનો શૈક્ષણિક પ્રવાસ પણ સંઘર્ષથી ભરેલો રહ્યો. ધોરણ ૧ થી ૧૦ સુધી તેણે સુબીરની નવજ્યોત હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો, જ્યારે ધોરણ ૧૧ અને ૧૨ નો અભ્યાસ વિજ્ઞાન પ્રવાહમાં આહવાની દીપદર્શન શાળામાં પૂર્ણ કર્યો. ત્યાર બાદ પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ ખાતે MBBSમાં પ્રવેશ મેળવ્યો.પ્રથમ ધોરણથી જ માતા-પિતાએ દીકરાના ભવિષ્ય માટે તેને હોસ્ટેલમાં મૂકવાનો કઠિન નિર્ણય લીધો હતો. આ નિર્ણયનું ફળ આજે MBBSની ડિગ્રી રૂપે મળ્યું છે.ડાંગના અંતરિયાળ વિસ્તારમાં પાણીની ગંભીર સમસ્યા વચ્ચે માતા-પિતાએ ખેતી, પશુપાલન અને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈને પરિવારને આગળ વધાર્યો. ગામડાથી શહેરમાં આવી અભ્યાસ કરવો, શહેરના વિદ્યાર્થીઓ સાથે તાલ મિલાવવો અને હોસ્ટેલ જીવન જીવવું અસ્મિત માટે સહેલું નહોતું. તેમ છતાં તેણે ક્યારેય હિંમત હારી નહીં.MBBSનો ખર્ચ પરિવાર માટે અસહ્ય હતો. કોરોનાકાળ દરમિયાન અભ્યાસમાં અવરોધ ઊભા થતાં અસ્મિતને ATKT આવી અને આર્થિક સંકટ વધુ ઘેરું બન્યુ. એક સમય એવો આવ્યો જ્યારે તેણે ડોક્ટર બનવાનું સપનું અધૂરું છોડી દેવાનો નિર્ણય કરી લીધો હતો. પરંતુ આ મુશ્કેલ સમયમાં માંડવીના સંવેદનશીલ શિક્ષકો અને સેવાભાવી ડોક્ટરોનું જૂથ તેના માટે દેવદૂત બનીને આવ્યું. તેમણે અસ્મિતની કોલેજ અને હોસ્ટેલની સંપૂર્ણ ફીની જવાબદારી સ્વીકારી. આ નિઃસ્વાર્થ પ્રયાસમાંથી જ 'સૌનો સાથ' ગ્રુપની શરૂઆત થઈ, જેનો હેતુ આર્થિક અભાવે કોઈપણ પ્રતિભાશાળી વિદ્યાર્થીનું શિક્ષણ અટકી ન જાય તે સુનિશ્ચિત કરવાનો છે.અસ્મિતના જીવનમાં માતાનો વિશ્વાસ પણ સૌથી મોટી શક્તિ બન્યો. મુશ્કેલ સમયમાં માતાએ તેને એક જ વાત કહી હતી કે, "ગમે તેવી પરિસ્થિતિ આવે, પરંતુ તારે ડોક્ટર બનવાનું જ છે. મને વિશ્વાસ છે કે તું ચોક્કસ ડોક્ટર બનશે." માતાના આ શબ્દોએ અસ્મિતને નવી હિંમત આપી. તેણે ઘરની પરિસ્થિતિ સમજીને દિવસ-રાત મહેનત કરી, ઘણી વખત એક જ ટંક ભોજન કરીને અભ્યાસ ચાલુ રાખ્યો અને આખરે સફળતા મેળવી.સંઘર્ષ માત્ર અભ્યાસ પૂરતો જ સીમિત નહોતો. કોલેજની રજાઓમાં અસ્મિત માતા-પિતા સાથે ખેતીકામમાં હાથ બટાવતો. આજે ફર્સ્ટ ક્લાસ સાથે MBBS પૂર્ણ કરનાર અસ્મિત હવે પોસ્ટ ગ્રેજ્યુએશન (PG) કરીને નિષ્ણાત ડોક્ટર બનવાનું સ્વપ્ન સાકાર કરવા માંગે છે. તેની સફળતાથી ઘુબડિયા ગામમાં ખુશીનો માહોલ છે. આદિવાસી સમાજ, ગામલોકો અને જેમણે મુશ્કેલ સમયમાં તેની મદદ કરી હતી તેઓ સૌ અસ્મિતને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

મહીસાગર જિલ્લાના નાગરિકો માટે મહત્વના સમાચાર

# જમીન દફતર નિરીક્ષક(ILR)ની ૮ નવી તાલુકા કક્ષાની કચેરીઓ નવા સરનામે કાર્યરત

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના નાગરિકો માટે જમીન સંબંધી કામગીરીને વધુ સરળ અને ઝડપી બનાવવાના હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જમીન દફતર નિરીક્ષક (ILR) વર્ગ-૨ ની કચેરીઓનું જિલ્લા કક્ષાએથી વિકેન્દ્રીકરણ કરીને હવે ૮ નવી તાલુકા કક્ષાની કચેરીઓ નવા સરનામે કાર્યરત કરવામાં આવી છે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના ઠરાવ અને સેટલમેન્ટ કમિશનર તથા જમીન દફતર નિયામક, ગાંધીનગરના હુકમ અન્વયે આ વ્યવસ્થા અમલી બનાવવામાં આવી છે. આ ફેરફાર પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને રાખી સ્થાનિક પ્રશ્નોનું આયોજનબદ્ધ નિરાકરણ લાવવાનો અને જનતાને જિલ્લા કક્ષા સુધી લાંબા થવાને બદલે તેમના રહેઠાણની નજીક જ ત્વરિત સેવાઓ પૂરી પાડવાનો છે.નવી વ્યવસ્થા હેઠળ મહીસાગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં જમીન દફતર નિરીક્ષકની કચેરીઓ હવે નિર્ધારિત સ્થળોએથી કાર્યરત થશે. બાલાસિનોર તાલુકા માટેની કચેરી પ્રાંત કચેરીના પ્રથમ માળે કાર્યરત કરવામાં આવી છે, જ્યારે લુણાવાડાની કચેરી જિલ્લા સેવા સદનના સી-બ્લોકમાં બીજા માળે ખસેડવામાં આવી છે.

# પક્ષીઓ અને પ્રાણીઓના સંરક્ષણ માટે ગ્લુ ટ્રેપના વેચાણ અને ઉપયોગ સામે કાર્યવાહી કરાશે

પાલનપુર | ભારત સરકારના પ્રાણી કલ્યાણ સંબંધિત કાયદા તેમજ ઉચ્ચ ન્યાયાલયના આદેશોના અનુસંધાનમાં ગ્લુ ટ્રેપના વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર પ્રતિબંધના અસરકારક અમલીકરણ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગ્લુ ટ્રેપમાં ફસાયેલા પક્ષીઓ અને અન્ય પ્રાણીઓને અસહ્ય પીડા ભોગવવી પડે છે, જે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમની જોગવાઈઓનો ભંગ ગણાય છે.

વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ સંબંધિત વિભાગો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા અમલીકરણ એજન્સીઓને ગ્લુ ટ્રેપના ઉપયોગને રોકવા માટે જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. ગ્લુ ટ્રેપનું ઉત્પાદન, વેચાણ, ખરીદી અથવા ઉપયોગ કરનાર વ્યક્તિઓ સામે પ્રચલિત કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. વેપારીઓને પણ આવા ઉત્પાદનોનું વેચાણ બંધ રાખવા સૂચના આપવામાં આવી છે.ગ્લુ ટ્રેપમાં ફસાયેલા પક્ષીઓ અને અન્ય પ્રાણીઓને અસહ્ય પીડા ભોગવવી પડે છે, જે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમની જોગવાઈઓનો ભંગ ગણાય છે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, તેઓ ગ્લુ ટ્રેપનો ઉપયોગ ન કરે તથા ઉંદર અથવા અન્ય જીવાતોના નિયંત્રણ માટે માનવતાવાદી અને પર્યાવરણને અનુકૂળ વૈકલ્પિક ઉપાયો અપનાવે. જો કોઈ સ્થળે ગ્લુ ટ્રેપનો ઉપયોગ અથવા વેચાણ થતું જણાય તો તેની જાણ સંબંધિત તંત્રને કરી પ્રાણી સંરક્ષણ અને પર્યાવરણ જાળવવાના પ્રયાસોમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવે છે તેમ નાયબ પશુપાલન અધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# રોટરી ક્લબ ઑફ જૂનાગઢ દ્વારા માનવતાના હેતુથી "પ્રભા ફૂટ" નિઃશુલ્ક કૃત્રિમ પગ વિતરણ કાર્યક્રમનું આયોજન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨. રોટરી ક્લબ ઑફ જૂનાગઢ દ્વારા માનવતાના હેતુથી 'પ્રભા ફૂટ' નિઃશુલ્ક કૃત્રિમ પગ વિતરણ કાર્યક્રમનું આયોજન તા. 03-07-2026,ને શુક્રવારે સવારે 9:00 થી 12:00 વાગ્યા સુધી ગાર્ડન કાફે, રોટરી કમ્યુનિટી સેન્ટરની બાજુમાં ગિરનાર દરવાજા રોડ, દુબડી, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું છે આ સેવાકાર્યના સાક્ષી બનવા અને સંસ્થાના ઉત્સાહને વધારવા માટે સૌને શુભેચ્છા મુલાકાતનું હાર્દિક આમંત્રણ સંસ્થા દ્વારા આપવામાં આવેલ છે 'આ સેવાયજ્ઞ માત્ર કૃત્રિમ પગનું વિતરણ નથી, પરંતુ અનેક દિવ્યાંગ ભાઈ- બહેનોના જીવનમાં આત્મનિર્ભરતા અને નવી આશાનો સંચાર કરવાનો નમ્ર પ્રયાસ છે. આપની પ્રેરણાદાયી ઉપસ્થિતિ આ ભગીરથ કાર્યને વધુ બળ આપશે.'

વધુ માહિતી માટે
Hemang Shah-98257 58697
Dr.Nirav Maradia- 96247 56500
Dipak Mulchandani-98982 15529
નો સંપર્ક કરવા જણાવાયું છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત લાભાર્થીઓને મંજૂરી પત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨ આર્થિક રીતે નબળા અને ઘર વિહોણા શહેરીજનો માટે આવાસ યોજના થકી પોતાના ઘરનું સપનું પૂર્ણ કરવાના આશય સાથે જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા તા:૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પંડિત દીનદયાળ સભાગૃહ,જૂનાગઢ મહાનગરપાલિકા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ ના BLC (લાભાર્થી દ્વારા વ્યક્તિગત આવાસ બાંધકામ) ઘટક હેઠળ જૂનાગઢના ૫૮ લાભાર્થીઓને મંજૂરી પત્ર વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો, આ કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય દ્વારા કરી ઉપસ્થિત મહાનુભાવોશ્રીને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ હતુ,જેમાં શાબ્દિક સ્વાગત નાયબ કમિશનરશ્રી ડી.જે.જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે મહા નગરપાલિકા, જુનાગઢના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોશ્રીઓના વરદહસ્તે લાભાર્થીઓ ને મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આભારવિધિ નાયબ કમિશનરશ્રી જયેશભાઈ વાજા દ્વારા કરવામાં આવી હતી.આ યોજના અંતર્ગત નવા આવાસના બાંધકામ દીઠ કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ મળીને રૂ. ૪ લાખની માતબર સહાય મંજૂર કરવામાં આવશે.

# 'ઉલ્લાસ નવભારત' કાર્યક્રમ હેઠળ ૪૧૩૫ નિરક્ષરોએ અક્ષરજ્ઞાન મેળવ્યું

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે અમલીકૃત 'ઉલ્લાસ નવભારત સાક્ષરતા કાર્યક્રમ' અંતર્ગત જિલ્લો સંપૂર્ણ સાક્ષરતા તરફ મક્કમ ડગ માંડી રહ્યો છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન અમલમાં મુકાયેલા આ કાર્યક્રમ હેઠળ જિલ્લાના ૧૫ વર્ષથી ઉપરની વયના નિરક્ષર વ્યક્તિઓને અક્ષરજ્ઞાન આપી મુખ્યધારામાં લાવવાના ઉમદા હેતુથી 'પ્રોજેક્ટ સહકાર' શરૂ કરવામાં આવ્યો હતો. આ અભિયાન હેઠળ તાજેતરમાં લેવાયેલી અંતિમ કસોટીમાં કુલ ૪૧૩૫ નિરક્ષરો ઉત્તીર્ણ થયા છે, જે જિલ્લા માટે એક મોટી ઉપલબ્ધિ સમાન છે. આ ભગીરથ કાર્યની શરૂઆત મહીસાગર જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો મુજબ ગત ૦૩ નવેમ્બર ૨૦૨૫ ના રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે તેમાં નિરક્ષરો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને તમામ લાભાર્થીઓને વહીવટીતંત્ર દ્વારા શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના ૬ તાલુકાઓના કુલ ૭૧૭ ગામડાઓ પૈકી જ્યાં સાક્ષરતા દર ૬૦ ટકાથી ઓછો છે તેવા ગામડાઓમાં જુલાઈ-૨૦૨૫માં સઘન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

# કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ વેદાંતા લિમિટેડ દ્વારા જિલ્લાની અનેક પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ નો કાર્યક્રમ યોજાયો

વિશાલ જે હરવરા જામનગર



કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ વેદાંતા અમલીકરણ સેદ્રા સંસ્થા દ્વારા દડિયા નારણપુર જગા, સપડા, બેરાજા, ખીજડીયા, આરબલુશ નાના લખિયા અને ખીજડીયાની સ્કૂલો મા પણ ડેસ કિટ વિતરણ કરી શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાન્સેરીયા, પૂર્વ કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ જિલ્લા આરોગ્ય અધિકારી, રાજ્ય શિક્ષણ સંઘના પ્રમુખ શ્રી દિગુભા જાડેજા, શિક્ષણ મા જિલ્લા તથા તાલુકાના અધિકારી, શાળાના આચાર્ય સ્ટાફ, ગ્રામજનો વગેરે ભાગ લીધેલ હતો,

આ કાર્યક્રમમા આરોગ્ય મંત્રી તથા મંચસ્થના હસ્તે બાલવાટિકામા પ્રવેશ કરતા પ્રોત્સાહિત રૂપે શાળાના દરેક બાળકોને શૈક્ષણિક ઉપયોગી ડેસ કિટ સંસ્થા દ્વારા આપવામાં આવી. કાર્યક્રમ બાદ પધારેલ મહાનુભાવો વિધાર્થીનીઓ, તથા શાળા સ્ટાફે તેમનો આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો ચાલુ રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

# જાફરાબાદ પીજીવીસીએલ ના નાયાબ ઈજનેરની સુરેન્દ્રનગર બદલી થતાં જાફરાબાદ ની જનતા ને વિજળી ની અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ખાતે આવેલ પીજીવીસીએલ કચેરી ના નાયબ ઈજનેર ની સુરેન્દ્રનગર ખાતે કોઈ અકળ કારણોસર બદલી થતાં જાફરાબાદ ની જનતા ને અનિયમિત વિજળી પુરવઠો ખોરવાય રહ્યો છે. જેથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. આ તકે નોંધવું જરૂરી છે કે જ્યાં સુધી નાયબ ઈજનેર જાફરાબાદ ખાતે તેઓની ફરજ દરમિયાન વિજ પુરવઠો લોકો ને નિમિત્ત મળતો હતો જ્યારે ટેકનીકલ ફોલ્ટ સર્જાઇ અને સ્ટાફ ઓછો હોવા છતાં તેઓના માર્ગદર્શન નીચે પીજીવીસીએલ ની ટેકનીકલ ટીમ રાતદિવસ જોયા વિના ટેકનીકલ ફોલ્ટ નું સમારકામ કરી તાત્કાલિક ધોરણે વિજ પુરવઠો નિયમિત રીતે ચાલું રહે તો હતો આ પીજીવીસીએલ કચેરી માં ૧૯૮૫થી સ્ટાફ ની ઘટ હોવા છતાં પણ વિકળ પરિસ્થિતિમાં આ નાયબ ઈજનેર પોતે જાતે રાતદિવસ જોયા વિના શહેરમાં કે પછી ગ્રામ્ય વિસ્તારોમાં વિજ પુરવઠો ખોરવાયો હોય તો સ્ટાફ ઓછો હોવા છતાં પણ નાગરિકો ને નિમિત્ત વીજ પુરવઠો રેગ્યુલર મળતો રહે તેવી ઝડપી કામગીરી હાથ ધરવામાં આવતી હતી આ ઈજનેર શ્રી નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ નિભાવી રહ્યા હતા અને લોકો ને સંતોષ મળી રહે તો હતો પરંતુ એક કહેવત મુજબ પાડાના વાંકે પખાલીને ડામ તેવી પરિસ્થિતિ સર્જાઈ હોય તેવું લાગી રહ્યું છે. જાફરાબાદ ની જનતા માં ઈજનેર શ્રી લોકપ્રિય બન્યા હતા તો પછી આ ઈજનેર ને સુરેન્દ્રનગર બદલી કરવાનું કારણ શું..?? જાફરાબાદ તથા ગ્રામ્ય વિસ્તારનાની જનતા ની લોક માગણી છે કે આ ઈજનેર શ્રી ની બદલી રદ્દ કરી આવા નિષ્ઠાવાન કર્મચારીને જાફરાબાદ ખાતે પીજીવીસીએલ કચેરી માં મુકવામાં આવે તેવી લોક માગણી ઉઠી છે. તો આવા નિષ્ઠાવાન અને પ્રામાણિક કર્મચારી ને તાત્કાલિક ધોરણે હસ્તક્ષેપ કરી રાજકોટ પીજીવીસીએલ કોર્પોરેટ ના એમ. ડી. સાહેબ જાફરાબાદ ની જનતા જનાર્દન ની માંગણી ને ધ્યાન ઉપર લઇ ને આવા ફરજ નિષ્ઠાવાન ઈજનેર ની બદલી વહેલી તકે રદ્દ કરી ફરી જાફરાબાદ પીજીવીસીએલ કચેરી માં તાત્કાલિક ધોરણે હસ્તક્ષેપ કરી લોકોની માંગણી ને માન આપી યોગ્ય કાર્યવાહી કરવા લોકમાંગ ઉઠી છે. તેમજ કાર્યપાલક ઈજનેર સાવરકુંડલા દ્વારા આ બદલીને રદ્દ કરી આવા આવા નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા ઈજનેર શ્રી ને બદલીનો ઓર્ડર રદ્દ કરી ફરી જાફરાબાદ પીજીવીસીએલ કચેરી માં મુકવામાં આવે તેવી પ્રબળ લોક માગણી ઉઠી છે.

# દાહોદ જિલ્લાના મોટી બાંડીબાર મુકામે પીએમ શ્રી આદિવાસી આશ્રમશાળામાં ભવ્ય પુસ્તક વિતરણ અને સન્માન સમારોહ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર મુકામે આવેલી પીએમ શ્રી આદિવાસી આશ્રમશાળા ખાતે એક ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અગ્રણી અને ગુજરાત સરકારના મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા સાહેબ તેમજ દાહોદ જિલ્લાના લોકપ્રિય સંસદ સભ્ય શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં શાળાના બાળકો અને બાલિકાઓને પુસ્તકોનું વિતરણ કરી તેઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆતમાં આશ્રમશાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા માથે પરંપરાગત કળશ અને શ્રીફળ ધારણ કરી, દેશભક્તિના માહોલમાં ત્રિરંગા ઝંડાઓ સાથે ભવ્ય કળશ યાત્રા કાઢવામાં આવી હતી. દેશભક્તિના નારા અને પરંપરાગત ઢોલ-નગારાના નાદ સાથે સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા અને સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરનું પુષ્પવર્ષા અને હાર પહેરાવીને આદિવાસી સંસ્કૃતિ મુજબ ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાળાના તેજસ્વી અને ઉત્સાહી બાળકોને શૈક્ષણિક કીટ તેમજ પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા. પુસ્તક વિતરણ અંતર્ગત બાળકોને શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત કરવા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના 'પીએમ શ્રી' શાળાના વિઝનને સાર્થક કરવા માટે પ્રોત્સાહિત કરાયા હતા.આ ગરિમામય કાર્યક્રમમાં દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી સ્નેહલભાઈ ધરીયા, દાહોદ જિલ્લા પાર્ટી પ્રભારી શ્રી રાજેન્દ્ર પટેલ સાહેબ, જિલ્લા મંત્રી શ્રી રાહુલભાઈ રાવત તેમજ લિમ્ખેડા તાલુકા ભાજપ પ્રમુખ શ્રી સામ ભાઈ કટારા સહિતના સ્થાનિક પદાધિકારીઓ, અગ્રણીઓ, શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દેશભક્તિ અને ઉત્સાહના વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# રામપુરાના વતની આર્મી હવાલદાર દિગ્વિજયસિંહ 16 વર્ષની દેશ સેવા બાદ આજે નિવૃત્ત થયા

કમલેશ પટેલ. સંખેડા

રામપુરાના વતની આર્મી હવાલદાર દિગ્વિજયસિંહ 16 વર્ષની દેશ સેવા બાદ આજે નિવૃત્ત થયા છે. તેમની નિવૃત્તિ નિમિત્તે પરિવારજનો, ગ્રામજનો અને તાલુકાવાસીઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.નિવૃત્તિ બાદ દિગ્વિજયસિંહનું એરપોર્ટ પર તેમના પરિવારજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંખેડા ચોકડી ખાતે રામપુરા ગ્રામજનો અને તાલુકાવાસીઓએ ફૂલહારથી તેમનું સન્માન કર્યું હતું.હવાલદાર દિગ્વિજયસિંહે 16 વર્ષ સુધી સરહદ પર દેશની રક્ષા કાજે ફરજ બજાવી હતી. તેમના સ્વાગત દરમિયાન 'ભારત માતા કી જય'ના નારા સાથે દેશભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. તેમને વાજતે ગાજતે રામપુરા ગામ લઈ જવામાં આવ્યા હતા.ગ્રામજનોએ જણાવ્યું હતું કે દિગ્વિજયસિંહની દેશ પ્રત્યેની નિષ્ઠા અને સેવા યુવાનો માટે પ્રેરણારૂપ છે.

## અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે જૂનાગઢ જિલ્લા તંત્ર એલર્ટ, નાગરિકોને સાવચેતી રાખવા અપીલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨ હવામાન વિભાગ દ્વારા જૂનાગઢ જિલ્લા સહીત અન્ય જિલ્લાઓ માં આગામી ૨૪ કલાક દરમિયાન અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે પણ જૂનાગઢ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તેમજ માંગરોળ તાલુકામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. જેના પગલે તંત્ર એલર્ટ મોડ પર છે. આગામી ૨૪ કલાકમાં અતિ ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બન્યું છે અને સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે જરૂરી તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# રેવન્યુ વિસ્તારમાંથી સિંહો પકડવાનું ઓપરેશન તાબડતોબ બંધ કરવું પડયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

છેલ્લા કેટલાક સમયથી માનવ અને સિંહ વચ્ચે વધતા સંઘર્ષને પગલે વનવિભાગ દ્વારા છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગુપ્ત રાહે રેવન્યુ વિસ્તારમાંથી સિંહોને પકડવાનું એક મોટું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું જો કે, આડેધડ અને બિનજરૂરી રીતે સિંહોને કેદ કરવાના વનતંત્રના આ પગલાનો સિંહપ્રેમીઓ અને સ્થાનિક લોકો દ્વારા મોટાપાયે વિરોધ કરવામાં આવ્યો હતો. ભારે જનાક્રોશ અને દબાણ સામે આખરે વનવિભાગને નમવું પડ્યું છે અને રેવન્યુ વિસ્તારમાંથી સિંહોને પકડવાની કામગીરી તાબડતોબ બંધ કરવાની ફરજ પડી છે.વનવિભાગ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાંથી કુલ ૩૧ સિંહોને પકડી લેવામાં આવ્યા હતા, જેમાં ખાંભા રેન્જ ૧૨ સિંહો, જસાધાર રેન્જમાં ૦૬ રાજુલા રેન્જ ૦૬, બગસરા રેન્જ ૦૪ મહુવા રેન્જના ૦૩ સિંહો સમાવિષ્ટ હતા. આ પકડેલા સિંહોને વનતંત્ર મુક્ત કરતુ ન હતું. પરંતુ સિંહપ્રેમીઓ ની ઉગ્ર રજૂઆત બાદ, માનવ પર હુમલો કરનાર સિંહ સિવાયના અન્ય નિર્દોષ સિંહોને તાત્કાલિક અસરથી મધ્ય ગીરના છોડવડી અને તેની આસપાસના જંગલ વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ મુક્ત કરી દેવામાં આવ્યા છે. વળી, ઉચ્ચ કક્ષાએથી કડક આદેશ છૂટ્યા છે કે હવે પછી કોઈપણ સિંહનું બિનજરૂરી રેસ્કયુ કરવામાં નહીં આવે. આમ, વનવિભાગની આ ગુપ્ત લપડાક સમાન કામગીરી ખુલ્લી પડી જતાં અને સિંહપ્રેમીઓના પ્રચંડ વિરોધના કારણે સિંહોને પકડવાનું ઓપરેશન સંકેલી લેવાની વન વિભાગને નોબત આવી છે."સિંહોને પકડવા લેખિત પરવાનગી હતી.....? ગુપ્ત ઓપરેશન કોના ઈશારે અને કયા નિયમો હેઠળ ચલાવાતું હતું.....?'"આ બાબત અને તેની અસરો વન્યજીવ સંરક્ષણની દ્રષ્ટિએ ખૂબ જ ગંભીર ગણાય. ગુજરાત સરકાર અને વનવિભાગનો આવો અવિચારી નિર્ણય રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વન્યજીવ સંરક્ષણ માટે કામ કરતી સંસ્થાઓ અને લોકોના ધ્યાન પર લાવવો અનિવાર્ય છે.

# જાફરાબાદ પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી : અષાઢી મેઘ મહેર સીઝન નો પ્રથમ વરસાદની એન્ટ્રી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જૂન મહિનો સાવ કોરો ગયા બાદ અને દુષ્કાળ જેવી ભીતિ વચ્ચે આખરે જુલાઈ માસના પ્રારંભ સાથે જ જાફરાબાદ અને આસપાસના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જાફરાબાદ શહેરમાં બુધવારે વહેલી સવાર ના અરસામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી આ વરસાદને કારણે શહેરીજનોને લાંબા સમયથી સતાવી રહેલા અસહ્ય બફારા અને ઉકળાટમાંથી મોટી રાહત મળી છે. વરસાદમાં જ શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો, જે પાણી ધીમે ધીમે ઓસરી ગયા હતા. બીજી તરફ, જાફરાબાદ નજીક આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ વરસ્યો છે. જ્યારે હેમાળ, વાઢેર , બાબરકોટ, કડિયાળી, નાગ્રેશ્રી, ટીંબી , થી લઈને પાટીમાળસા, સુધીના પંથકમાં તથા રોહિશા, સહીત ગામડાઓમાં રાતથી જ હળવા અને ભારે વરસાદી ઝાપટાં પડ્યા છે. ચાલુ વર્ષે અધિક માસ હોવાથી અને વરસાદ ખેંચાતા ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા હતા, પરંતુ હવે મેઘરાજાની સવારી આવી પહોંચતા ધરતીપુત્રોના જીવમાં જીવ આવ્યો છે અને તેમની ચિંતાના વાદળો વિખેરાઈ ગયા છે. સમગ્ર જિલ્લામાં હજુ પણ વરસાદી માહોલ યથાવત હોવાથી લોકો આતુરતાપૂર્વક વધુ સારા વરસાદની આશા રાખી રહ્યા છે.જાફરાબાદ ના તથા આજુબાજુના વિસ્તારમાં બુધવારે સવારથી જ વાદળછાયુ વાતાવરણ જામ્યું હતું. તે દરમિયાન સાંજે ૬ વાગ્યાથી વરસાદ શરૂ થયો હતો જે આ લખાય છે ત્યારે નવ વાગ્યા સુધીમાં એકાદ ઈંચ વરસાદ પડી ગયો છે વરસાદ હજુ ચાલુ જ છે. આ વરસાદના કારણે કાળઝાળ ગરમીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

# ડોક્ટર્સ ડે નિમિત્તે કેશોદમાં ડોક્ટરોનું સન્માન

નરેન્દ્ર દવે જૂનાગઢ



કેશોદ તા.૨: દર વર્ષે 1 જુલાઈએ સમગ્ર ભારતમાં 'નેશનલ ડોક્ટર્સ ડે' તરીકે ઉજવણી કરવામાં આવે છે. મહાન ચિકિત્સક તથા પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રીશ્રીની જન્મજયંતિ અને પુણ્યતિથિના અવસરે આ દિવસ ઉજવવામાં આવે છે. સમાજના આરોગ્યની સુરક્ષા માટે દિવસ-રાત નિષ્ઠાપૂર્વક સેવા આપતા તમામ ડોક્ટરો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો આ દિવસ વિશેષ અવસર માનવામાં આવે છે. આ નિમિત્તે કેશોદની ન્યુ એરા પ્રોફેસર એકેડેમી દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષક મંડળે કેશોદ સિવિલ હોસ્પિટલ સહિત શહેરની વિવિધ હોસ્પિટલોની મુલાકાત લઈ ડોક્ટરોને શુભેચ્છા કાર્ડ તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમની નિઃસ્વાર્થ માનવસેવા બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમઃ તા.૨૨ જુલાઈના તાલુકા અને તા.૨૩ જુલાઈના રોજ જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨ નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા.૨૩ જુલાઈના ૨૦૨૬ ગુરુવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે. જિલ્લા કલેક્ટરશ્રી અને સંબંધિત ખાતાના અધિકારીશ્રીઓ આ પ્રશ્નો સાંભળશે. તા.૨૨ જુલાઈ ૨૦૨૬ બુધવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, જેમાં સંબંધિત અધિકારીશ્રીઓ તાલુકા મથકે ઉપસ્થિત રહેશે. નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની તા.૧૦ તારીખ સુધીમાં રજૂ કરી શકશે.

## જૂનાગઢ (ગ્રામ્ય) તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રોમાં 'કૂક કમ હેલ્પર' ની જગ્યાઓ માટે તા. ૧૫ જુલાઈ સુધીમાં અરજીઓ મંગાવાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૨ જૂનાગઢ (ગ્રામ્ય) તાલુકાની વિવિધ શાળાઓમાં કાર્યરત મધ્યાહન ભોજન યોજના (PM પોષણ યોજના) કેન્દ્રો ખાતે તા. ૦૧/૦૮/૨૦૨૬ થી ખાલી થયેલ 'કૂક કમ હેલ્પર' (રસોઈયા) ની જગ્યાઓ તદ્દન હંગામી અને ખંડ સમય (Part-time) માટે ઉચ્ચક માનદ વેતનથી ભરવા માટે લાયકાત ધરાવતા સ્થાનિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.સરકારશ્રીના ધારાધોરણ મુજબ કેન્દ્ર દીઠ લાભાર્થી બાળકોની સંખ્યાના આધારે માસિક લઘુત્તમ રૂ. ૧,૫૦૦/- અને વધુમાં વધુ માસિક રૂ. ૩,૭૫૦/- માનદ વેતન ચૂકવવામાં આવશે. આ જગ્યાઓ માટે ઉમેદવારની વય મર્યાદા જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ૬૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ, જેમાં સ્થાનિક મહિલાઓને અગ્રતા આપવામાં આવશે. અરજી કરવાની પ્રક્રિયામાં રસ ધરાવતા અને લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત અરજી ફોર્મ મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય), મધ્યાહન ભોજન યોજના શાખા, સરદાર બાગ, જૂનાગઢ ખાતેથી મેળવી લેવાના રહેશે. ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે ભરીને જરૂરી તમામ આધાર- પુરાવા તથા અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો (દા.ત. જાતિ, ઉંમર, વિધવા/ત્યક્તા/નિરાધાર કે કુટુંબ કલ્યાણ ગ્રીન કાર્ડ વગેરે) સહ તા.૧૫/૦૭/૨૦૨૬ના રોજ સાંજના ૬:૦૦ કલાક સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂ પહોંચાડવાના રહેશે.

## હરિયાણા વિધાનસભાની પિટિશન સમિતિ ના પ્રતિનિધિમંડળે સાસણ ગીરના દેવળીયા સફારી પાર્કની મુલાકાત લીધી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૨ હરિયાણા વિધાનસભાની પિટિશન સમિતિના પ્રતિનિધિમંડળે આજ રોજ સાસણ ગીરના દેવળીયા સફારી પાર્કની મુલાકાત લીધી હતી. હરિયાણા વિધાનસભાની પિટિશન સમિતિના અધ્યક્ષ શ્રી વિનોદ ભયાનાના નેતૃત્વ હેઠળ સમિતિના સભ્ય શ્રીમતી શકુંતલા ખટક, શ્રી લક્ષ્મણસિંહ યાદવ, શ્રી ચંદેર પ્રકાશ સહિત ના પ્રતિનિધિમંડળ તા.૨૯ જૂનથી ૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન ગુજરાત રાજ્યના અભ્યાસ પ્રવાસે છે. પ્રતિનિધિમંડળે આજ રોજ દેવળીયા સફારી પાર્કની મુલાકાત લઈ એશિયાટિક સિંહ સહિત ગીરના સમૃદ્ધ વન્યજીવનનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે વન વિભાગના અધિકારીઓએ ગીર અભ્યારણ્યના સંરક્ષણ, વન્યપ્રાણી વ્યવસ્થાપન, જૈવ વૈવિધ્યના જતન તેમજ ઈકો-ટૂરિઝમને પ્રોત્સાહન આપવા માટે હાથ ધરવામાં આવતી વિવિધ કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વડગામ ખાતે મોડલ સબ-રજિસ્ટ્રાર કચેરીનું ઈ-લોકાર્પણ કરાયું; નવનિયુક્ત ૪૧ મહેસૂલી તલાટીઓને નિમણૂકપત્રો એનાયત કરાયા

પાલનપુર | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વર્ચ્યુઅલ માધ્યમથી વડગામ ખાતે નવીન મોડલ સબ-રજિસ્ટ્રાર કચેરીનું ઈ-લોકાર્પણ તથા મહેસૂલી તલાટી વર્ગ-૩ના ૪૧ નવનિયુક્ત ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના લોકકેન્દ્રિત અને વિકાસલક્ષી વહીવટી અભિગમના પરિણામે ગુજરાત આજે સર્વાંગી વિકાસના માર્ગે સતત આગળ વધી રહ્યું છે. અગાઉના સમયમાં 'જેવો રાજા તેવી પ્રજા'ની કહેવત પ્રચલિત હતી, પરંતુ આજે સમય બદલાયો છે. વર્તમાન સરકાર પ્રજાની જરૂરિયાતો અને અપેક્ષાઓને કેન્દ્રસ્થાને રાખીને આયોજનબદ્ધ રીતે વિકાસના કાર્યો કરી રહી છે. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ, આયુષ્માન ભારત યોજના તેમજ વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા રાજ્ય સરકાર સમાજના દરેક વર્ગ સુધી વિકાસના લાભો પહોંચાડવા અને લોકોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવા સતત કાર્યરત છે. વડગામ ખાતે શરૂ થયેલી નવી મોડલ સબ-રજિસ્ટ્રાર કચેરી નાગરિકોને ઝડપી, સરળ અને પારદર્શક સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ સાથે જ મહેસૂલી તલાટી વર્ગ- ૩ તરીકે નવી નિમણૂક મેળવનાર યુવા કર્મચારીઓ પણ લોક સેવાને ધ્યેય બનાવી જવાબદારીપૂર્વક પોતાની ફરજો નિભાવી જનહિતમાં કાર્ય કરશે અને લોકો માટે ઉપયોગી સાબિત થશે તેઓ તેમણે આશા અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના હકારાત્મક અને નાગરિકકેન્દ્રિત અભિગમના પરિણામે શરૂ થયેલી આ મોડલ સબ-રજિસ્ટ્રાર કચેરીમાં નાગરિકોને નોંધણી સંબંધિત વિવિધ આનુષંગિક સેવાઓ એક જ સ્થળે વધુ સુવિધાજનક, પારદર્શક અને કાર્યક્ષમ રીતે ઉપલબ્ધ બનશે. દસ્તાવેજોની નોંધણી માટે આવતા નાગરિકોને સરળ, ઝડપી અને ગુણવત્તાસભર સેવાઓ સાથે સારો અનુભવ મળશે. જિલ્લા કલેક્ટરશ્રીએ મહેસૂલી તલાટી વર્ગ-૩ તરીકે નવી નિમણૂક મેળવનાર ઉમેદવારોને જિલ્લા વહીવટી તંત્ર અને સમગ્ર મહેસૂલ પરિવાર વતી શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આપ સૌ આજે જાહેર સેવાની નવી સફરની શરૂઆત કરી રહ્યા છો.

# પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો માટે જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરવાની રીત

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૨ રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવા માટે વિશેષ અભિયાન અપનાવવામાં આવ્યું છે, ત્યારે જૂનાગઢ જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે અને ખેડૂતો રાસાયણિક ખાત છોડી અને પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ફળદ્રુપતા વધારી શકે છે અને રસાયણોના પ્રભાવથી જમીનને થતી આડ અસરને લાંબા ગાળા માટે અટકાવી શકે છે.પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આધાર સ્થંભ રૂપી પંચામૃત. તેમાં જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને જંતુનાશક અસ્ત્રો થકી ખેતી કરવામાં આવે છે. જીવામૃત ખેતીમા દેશી ગાયના ગૌમૂત્ર અને છાણમાંથી તૈયાર કરેલી ખાતરનો ઉપયોગ કરી જમીન તૈયાર કરવી જોઈએ. જેનાથી જમીનમા ભેજનું પ્રમાણ પણ વધે છે અને પાણીનું સ્તર ઉંચુ આવે છે. જીવામૃત તૈયાર કરવા માટે દેશી ગાયનું ગૌમૂત્ર ૧૦ લીટર + દેશી ગાયનું તાજું છાણ ૧૦ કિ.ગ્રા, + ઝાડ નીચે પડેલા શેઢા પાળા વાડની માટી ૧ મુઠી + દેશી ગોળ ૧ કિ.ગ્રા + ચણા ૧ કિ.ગ્રા કે કોઈ પણ દાળના લોટનું મિશ્રણ તૈયાર કરવું. આ મિશ્રણને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી અને મિશ્રણ મિક્ષ કરવું. ત્યારબાદ ડ્રમને કંતાનના કોથળાથી ઢાંકવું અને છાંયડે રાખવું અને લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર-સાંજ ૦૫-૦૫ મિનિટ સુધી હલાવવું. ઉનાળામાં બે-ત્રણ દિવસમાં અને શિયાળામાં એક અઠવાડિયામાં આવી રીતે જીવામૃત બની જશે.

# મહાત્મા ગાંધીજીના ઉપવાસમાં ડોક્ટર રોય ઉપસ્થિત હતા

દર વર્ષે ૧ જુલાઈ ના દિવસે સમગ્ર ભારત સેવાભાવી ડોક્ટર બિધાન ચંદ્ર રોય ના નામે ડોક્ટર દિવસ નિમિતે ઉજવે છે પણ ખૂબ ઓછા લોકો ને જાણકારી હશે કે કોણ હતા ડોક્ટર બિધાન ચંદ્ર રોય? શું કામ ભારત એના નામે ડોક્ટર દિવસ ઉજવે છે? ડોક્ટર દિવસ નિમિતે આપણે બધા નાનું મોટું ફંક્શન,ફ્રી ડોક્ટરી કેમ્પ, લેક્ચરો વગેરે વગેરે કરીને ખૂબ દેખાડા કરીએ છીએ પણ જેના નામે દેશ ડોક્ટર દિવસ મનાવીએ છીએ એના વિશે જાણવાનો કે જાણકારી આપવાનો પ્રયત્ન કરતા નથી. ડોક્ટર બિધાન ચંદ્ર રોય એ મહાત્મા ગાંધીના મિત્ર અને ચિકિત્સક હતા.

૧૯૩૩ માં પુના ખાતે ના મહાત્મા ગાંધીજી ના ઉપવાસ માં ડોક્ટર રોય ઉપસ્થિત હતા. ડોક્ટર બિધાન ચંદ્ર રોય એ ગણિત શાસ્ત્ર વિષય માંથી સ્નાતક ની ડિગ્રી મેળવ્યા બાદ મેડિકલ કોલેજ માં એડમિશન લીધું હતું.બંગાળ ના વિભાજન ના આંદોલન માં ભાવાત્મક લાગણીઓ ને અંકુશ માં રાખી ને પ્રથમ કર્તવ્ય ડોક્ટર બન્યા બાદ રાષ્ટ્ર સેવા કરવાનું વિચાર્યું હતું. ડોક્ટર બન્યા બાદ અનુસ્નાતક ની ડિગ્રી મેળવવા ઈંગ્લેન્ડ ની હોસ્પિટલ માં ત્રીસ અરજીઓ કરી છતાંય એશિયન હોવાના લીધે એડમિશન મળતું નહતું પણ અંતે ૩૧ મી અરજી બાદ અનુસ્નાતક એજ હોસ્પિટલ માં કર્યું. ૧૯૧૧ માં ફિઝિશિયન & સર્જન ની ડિગ્રી પ્રાપ્ત કરીને સ્વદેશ પરત ફર્યા હતા. ભારત માં ચિકિત્સા શિક્ષણ સંગઠન માં ઉમદા યોગદાન આપવા સાથે સાથે જાદવ પૂર ટીબી હોસ્પિટલ,ચિત રંજન સેવા સદન,કમલા નહેરુ મેમોરિયલ હોસ્પિટલ,વિક્ટોરિયા કોલેજ,ચિત રંજન રાષ્ટ્રીય કેન્સર સંસ્થા વગેરે ની સ્થાપના માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ભારત ની સ્વતંત્રતા બાદ ડોક્ટર બિધાન ચંદ્ર રોય એ વ્યક્તિગત રીતે ચિકિત્સા વ્યવસાય ને મહત્વ આપવા માંગતા હતા.માનવ સેવામાં જ પોતાનું જીવન વ્યતિત કરવા માંગતા હતા પણ મહાત્મા ગાંધીજી ના આગ્રહ ને વશ થઈને ૨૩ જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ બંગાળ ના મુખ્ય મંત્રી બન્યા હતા. સમાજ સેવા અર્થે પટના ખાતે ની પોતાની સમગ્ર સંપતિ નું દાન ચિકિત્સા સારવાર માટે ટ્રસ્ટ નું નિર્માણ કર્યું હતું.દેશના સર્વોચ્ચ નાગરિકત્વ નું સન્માન ૪ ફેબ્રુઆરી ૧૯૬૧ માં પ્રાપ્ત કર્યું.૧ જુલાઈ ના ૧૯૬૨ માં ૮૦ માં વર્ષે મૃત્યુ પામ્યા એ પહેલા પોતાનું ઘર સામાજિક કાર્યકર માતા અઘોર કામિની દેવીના સ્મરણાર્થે નર્સિંગ હોમ ચલાવવા માટે દાન માં આપી દીધું હતું.

૧૯૦૩ માં આત્મશુદ્ધિ ઉપવાસ દરમિયાન ગાંધીજી એ દવા લેવાની ના પાડતા ડોક્ટર રોય ને પૂછ્યું હતું કે શું તમે ૪૦ કરોડ લોકોને મુફ્ત માં દવા આપો છો? શું તમે આપણા દેશના ૪૦ કરોડ લોકોની મુફ્ત માં સારવાર કરી છે? ત્યારે ડોક્ટર રોય એ કહ્યું હતું કે હું અહીંયા મોહન કરમ ચંદ ગાંધી ને ઠીક કરવા નથી આવ્યો ૪૦ કરોડ દેશવાસીઓ નું પ્રતિનિધિત્વ કરવા આવ્યો છું.



ડોક્ટર એટલે શું?

- રુપાલી દવે

સામન્ય જનતા ના મતે તો ગુજરાતી ભાષામાં વૈદ્યરાજ, દાક્તર,તબીબ અને અંગ્રેજી ભાષામાં ડોક્ટર વગેરે શબ્દની સાચી વ્યાખ્યા એ જ કરી શકે જેમણે લાંબી અસાધ્ય બીમારી કે એક્સિડન્ટ માં એક જ જન્મ માં બીજો જન્મ મળ્યો હોય.સમુદ્ર મંથન વખતે સુરા, દિવ્ય ઘોડો, ઐરાવત હાથી, લક્ષ્મીજી વગેરે વગેરે સાથે ઔષધિ કુંભ સાથે ધન્વંતરિ ભગવાન પ્રગટ થયા હતા.ભગવાન શ્રી વિષ્ણુ ની આજ્ઞાથી ઔષધિ કુંભ સાથે ધનવંતરી ભગવાનનું આગમન ધરા પર થયું હતું.જેને ભગવાન વિષ્ણુ ના અંશ માનવામાં આવે છે એટલે તો મનુષ્ય ના શરીર ના ઈલાજ માટે ભગવાન એ વૈદ્યરાજ, દાક્તર તબીબ કે ડોક્ટર ની વ્યવસ્થા કરી છે.ધનવંતરી ભગવાન સ્વરૂપ વૈદ્યરાજ, દાક્તર,તબીબ કે ડોક્ટરો માં મૃત્યુ ના મુખ માં ફસાયેલ માણસની સારવાર બાદ સાજા કરવાની તાકાત હોય છે.પ્રાચીન ભારત માં મેડિકલ કોલેજો નહતી છતાંય લોકોના ઈલાજ માટે વૈદ્યરાજ તો હતા જ.

તંદુરસ્તી ની સાચી વ્યાખ્યા આરોગ્ય,સમૃદ્ધિ અને શાંતિ છે દર વર્ષે આ ત્રણેય વરદાન ની પ્રાપ્તિ માટે દિવાળીના તહેવારમાં ધન તેરસ ના દિવસે "ધનવંતરી પૂજા"ઘરે ઘરે થતી હોય છે,કેમ? ધન તેરસના દિવસે ભગવાન ધનવંતરી નું અવતરણ ધરા પર થયું હતું. ધનવંતરી પૂજા દ્વારા "પરિવાર સ્વાસ્થ્ય સુખ તંદુરસ્ત" રહે એવી પ્રાર્થના બદલાઈ ને "ધન" થઈ જતા તંદુરસ્ત માણસ દીવો લઈને શોધવા છતાંય મળતો નથી.ભગવાન ધનવંતરી ના વંશજ વૈદ્ય રાજ,તબીબી, દાક્તર,ડોક્ટર વગેરે વગેરે નામે થી ઓળખાય છે.વિચારો તમે ધન તેરસના દિવસે તંદુરસ્તી ને બદલે ધન ને પ્રાધાન્ય આપો તો નફો નુકશાન તો રહેવાનું. જીવન માં ધન આવે એટલે જમા + ઉધાર તો આવશે જ. મેડિકલેમ શું કામ કરાવીએ છીએ? સંભવિત ખર્ચ પેટે જમા મૂડી સચવાઈ એટલે.દર વર્ષે લાખો લોકો મેડિકલેમ નિમિતે ૪૦ થી ૫૦ હજાર જેટલું પ્રીમિયમ "ગંભીર કે સામાન્ય બીમારી" ની સંભાવના ખાતે ચૂકવે છે. પૂછો કે કેમ? તો જવાબ મળશે કે ગંભીર અસાધ્ય બીમારીઓ આવશે કે નહીં એ ડર નથી પણ હાલ ની મોટામાં મોટી સમસ્યા એ છે કે હોસ્પિટલો માં એડમિટ થયા બાદ હોસ્પિટલ માંથી છુટકારો આઠ દિવસે મળે છે.જીવતા માણસ નું શરીર એ તો "રિસર્ચ નો વિષય" બનતું જાય છે કે પછી ધન ની લાલસા માં સારવાર કરતા વધી ગઈ છે સમજાતું જ નથી.વાસ્તવિકતા તો એ છે કે ધન કમાવવા ઉગ્ર લાલસા ને એક પ્રકારે સ્લોટર હાઉસ મતલબ કસાઈ ખાના કહી શકાય.

જ્યાર થી ભારતીય લોકોના મગજ માં અગવડતા સગવડતા એ સ્થાન જમાવી લીધું છે ને ત્યાર થી લોકોની રોગ પ્રતિકારક શક્તિ ઘટી છે.પહેલા ભારતમાં ખાનગી દવાખાના અને ખાનગી હોસ્પિટલો જૂજ હતી એટલે સરકારી હોસ્પિટલો માં ઈલાજ જ લોકોનો એકજ આધાર હતો. નાની મોટી બીમારીઓનો ઈલાજ સિવિલ હોસ્પિટલો માંજ થતો એટલે તો લોકો નો વિશ્વાસ ડોક્ટર એટલે ભગવાન હતો.ત્યારે ભારત માં ફાર્મા કંપનીઓનો ખાસ વિકાસ થયો નહતો એટલે તો ઉપલબ્ધ દવાઓની સાથે જડી બુટ્ટીઓ અને ડોક્ટરીની નિસ્વાર્થ સારવાર માં દર્દીઓ ને જીવત દાન મળતું હતું. "જેનો જન્મ એક જન્મ માં પુનઃ થયો હોય એ જ જાણે કે ડૉક્ટર એટલે શું?" એકદમ સાચી વાત છે. આ વાત મારા કરતા કોણ વધારે સમજી શકે મારા તંદુરસ્ત ખુશ ખુશાલ જીવનમાં સૌથી મોટો ફાળો મને જીવત દાન આપનારા એક ડોક્ટર નો છે. બાળપણ માં બે માળ ની બિલ્ડીંગ માંથી નીચે પડી ગયા બાદ બ્રેન હેમરેજ થઈ જતા કોમા સરી પડી હતી ત્યારે સિવિલ હોસ્પિટલ ના દેવદૂત સમાન ડોક્ટર એ જીવત દાન આપ્યા બાદ માત્ર આઠ માસ બાદ મને પુનર્જન્મ અપાવ્યો હતો. આજે પણ સરકારી હોસ્પિટલો માં સારવાર લેનારા મારા માફક સેકંડો દર્દીઓને કાબિલ સેવાભાવી ડોક્ટરોના પ્રયત્નો થી પુનર્જન્મ મળે જ છે.સિવિલ હોસ્પિટલની નાની મોટી સમસ્યાઓ તરફ ધ્યાન આપી ને આપણે બધા સુખ સગવડતા ને ધ્યાન આપવા લાગ્યા છીએ એટલે જ બીમારી પર કાબુ મેળવી શકતા નથી.

# અશ્નૂર કૌરના લક્ઝરી ઘરમાં વરસાદનું પાણી ઘૂસ્યું...

## તમન્ના ભાટિયાને ભીંજાયા બાદ ઠંડી ચડી; રણદીપ હુડ્ડાએ મોં છુપાવીને મેટ્રોમાં મુસાફરી કરી










(એજન્સી) મુંબઈ | તા.03

બિગ બોસ 19માં જોવા મળેલી એક્ટ્રેસ અશ્નૂર કૌરના લક્ઝરી ઘરમાં મુંબઈના વરસાદની ખરાબ અસર પડી છે. એક્ટ્રેસે તાજેતરમાં એક વીડિયો જાહેર કરીને જણાવ્યું છે કે તેના ઘરના સામાનને ઘણું નુકસાન થયું છે. મુંબઈના વરસાદની અસર સેલેબ્સ પર પણ પડી રહી છે. એક્ટરે રણદીપ હુડ્ડાએ ટ્રાફિકથી બચવા માટે મોં છુપાવીને મેટ્રોમાં મુસાફરી કરી છે. જ્યારે તમન્ના ભાટિયા વરસાદની મજા માણતી જોવા મળી છે.
અશ્નૂર કૌરે ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તેમના પરિવારના લગભગ તમામ સભ્યો અને હાઉસહેલ્પ મળીને ઘરમાંથી પાણી કાઢવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.
આ વીડિયો સાથે અશ્નૂરે લખ્યું છે, “મારે એક ઈવેન્ટ માટે નીકળવાનું હતું, અને ત્યારે જ ઘરમાં આ થઈ ગયું. મારા પર લાગેલી દરેક નજર ખુશીઓ, સફળતા અને પ્રગતિમાં બદલાઈ જાય.”
મુંબઈ મેટ્રોમાંથી રણદીપ હુડ્ડાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ માસ્કથી ચહેરો છુપાવીને મેટ્રોમાં પ્રવાસ કરતા જોવા મળ્યા હતા. તેમની સાથે ટીમના કેટલાક સભ્યો પણ સામેલ હતા. માસ્કના કારણે એક્ટર સામાન્ય લોકો જેવા દેખાતા હતા. આસપાસના લોકો પણ તેને ઓળખી શક્યા ન હતા.
એક્ટ્રેસ તમન્ના ભાટિયાએ તાજેતરમાં જ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે ઘરની બાલ્કનીમાં વરસાદમાં ભીંજાતી જોવા મળી હતી. એક્ટ્રેસ થોડી જ વારમાં ધ્રૂજવા લાગી. વીડિયોમાં એક્ટ્રેસે કહ્યું- મુંબઈમાં ધ્રુજારી માત્ર આ રીતે જ થઈ શકે છે. વીડિયો સાથેના કેપ્શનમાં તમન્ના લખે છે, મને હજુ પણ ઠંડી લાગી રહી છે. તમન્નાની પોસ્ટ પર રવીના ટંડનની દીકરી અને તેની નજીકની મિત્ર રાશાએ લખ્યું છે, તેં આ મારા વગર કેમ કર્યું.
સિંગર નેહા કક્કડને પણ મુંબઈના વરસાદમાં લંચ ડેટ પર પતિ રોહનપ્રીત સાથે સ્પોટ કરવામાં આવી છે. રોહનપ્રીત નેહા માટે છત્રી પકડેલા જોવા મળ્યો છે.
જણાવી દઈએ કે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસાની શરૂઆતમાં જ મુંબઈના ઘણા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયું છે. ઘણી જગ્યાએ ટ્રાફિક વ્યવસ્થા પર અસર પડી છે. જ્યારે નવી મુંબઈમાં રસ્તામાં ભરાયેલા પાણીમાં કરંટ પણ ફેલાઈ ગયો છે.

# ફૈઝલે મોટાભાઈ આમિર ખાનની માફી માંગી...

## જૂના નિવેદન પર પસ્તાવો વ્યક્ત કર્યો, લગ્નની શુભેચ્છા પાઠવી; થોડા મહિના પહેલા છેડો ફાડ્યો હતો

(એજન્સી) મુંબઈ | તા.03

આમિર ખાન અને તેના નાના ભાઈ ફૈઝલ વચ્ચે સમાધાન થઈ ગયું છે. થોડા મહિના પહેલા જ ફૈઝલે આમિર અને પરિવાર વિરુદ્ધ ઘણા આરોપો લગાવતા એક નિવેદન આપ્યું હતું અને સંબંધો તોડી નાખ્યા હતા. જોકે, હવે ફૈઝલનું કહેવું છે કે, તેણે પરિવાર પાસેથી માફી માંગી લીધી છે. બધાએ તેને માફ કરીને ફરીથી અપનાવી લીધો છે. આ દરમિયાન ફૈઝલે આમિરને 5 જુલાઈના રોજ થનારા ત્રીજા લગ્ન માટે શુભેચ્છાઓ પણ આપી.
ફૈઝલ ખાને ઉજ્જવલ ત્રિવેદીને આપેલા ઈન્ટરવ્યુમાં ભાઈ આમિરને સંદેશ આપતા કહ્યું, ‘હું આમિર, અમ્મી અને નિખત પાસેથી બસ માફી માંગવા માંગુ છું. મારાથી જે ભૂલ થઈ છે, હું તેની માફી માંગુ છું. તેઓ પણ વિચારે કે તેમણે શું ભૂલ કરી છે. તેઓ પોતાનું સુધારે, અમે પોતાનું સુધારીએ, તો આપોઆપ વસ્તુઓ સુધરી જશે.’
ફૈઝલે વાતચીતમાં જણાવ્યું છે કે, થોડા સમય પહેલા તે ખાનદાની જમીનોનો હિસાબ લેવા ગામડે ગયો હતો. ત્યાં તેને ખબર પડી કે, આમિરની કેટલીક જમીનો પર કેટલાક લોકોએ કબજો કરી લીધો છે. જોકે, ત્યારે તેની આમિર સાથે વાતચીત બંધ હતી. આવી સ્થિતિમાં ફૈઝલે બહેન નિખતને ફોન કર્યો અને તેણે તરત જ ફોન ઉપાડી લીધો. બહેને તેને જણાવ્યું કે, માતાની તબિયત પણ બગડી છે અને માતા તેના (ફૈઝલ) વિશે પૂછતી રહે છે. આવી સ્થિતિમાં ફૈઝલે તેમની સાથે પણ વાત કરી અને માતાની ભાવુક વાતો સાંભળીને તે બીજા જ દિવસે તેમને મળવા પહોંચ્યો અને પરિવારમાં સૌ સારાવાના થઈ ગયા.



આમિરના લગ્ન વિશે વાત કરતા ફૈઝલે કહ્યું, ‘5 જુલાઈએ તેમના લગ્ન છે. હું તેમને શુભકામનાઓ આપું છું. તેઓ ખુશ રહે, એ જ અમારી દિલથી દુઆ છે.’
ફૈઝલ ખાને પોતાના જૂના નિવેદન પર પણ પસ્તાવો વ્યક્ત કર્યો. તેણે કહ્યું કે, ઈન્ટરવ્યુમાં તેણે જે કંઈ કહ્યું, તે તેનો ગુસ્સો હતો. તે પોતાના પરિવાર પાસેથી કેટલાક પ્રશ્નોના જવાબ ઈચ્છતો હતો, પરંતુ ઈન્ટરવ્યુમાં તેણે પરિવાર વિરુદ્ધ ઘણી વાતો કહી, જે ન કહેવી જોઈતી હતી. ફૈઝલે કહ્યું કે, ’તે ઈન્ટરવ્યુ પછી મારો પરિવાર વિખેરાઈ ગયો.’ અંતે ફૈઝલે કહ્યું, ‘મારી દુઆ છે કે હવે આપણે આનાથી આગળ વધતા જઈએ અને આપણી બોન્ડિંગ વધુ મજબૂત થતી જાય. આજથી મારો આ જ પ્રયાસ રહેશે.’ ફૈઝલ ખાન છેલ્લે કન્નડ ફિલ્મ ’ઓપંદા’માં જોવા મળ્યો હતો. હાલમાં તે પોતાની કેટલીક સ્ક્રિપ્ટ્સ પર કામ કરી રહ્યો છે, જેના પર તે આગળ ફિલ્મ બનાવવાનું વિચારી રહ્યો છે.



# ફિલ્મમેકરની દીકરીના રિસેપ્શનમાં પહોંચ્યા પવન કલ્યાણ : ફોટોગ્રાફર્સને ટોક્યા

(એજન્સી) મુંબઈ | તા.03 એક્ટર અને આંધ્ર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ બુધવારે સાઉથ ફિલ્મમેકર મેહર રમેશની દીકરીના રિસેપ્શનમાં પહોંચ્યા હતા. પવનને જોતા જ ચાહકોની ભીડ જામી ગઈ, તે સમયે તેની સિક્યોરિટી ટીમને પણ એક્ટરની સુરક્ષા માટે જહેમત ઉઠાવતી જોવા મળી. પવન મંચ પર આવતા જ, ભારે ભીડ જામી જવાને કારણે રિસેપ્શનમાં પહોંચેલા મહેમાનો સાથે ધક્કામુક્કી થઈ ગઈ, જેના કારણે કેટલાક મહેમાનો પરેશાન દેખાયા. પવન ઉપરાંત સાઉથ ઈન્ડસ્ટ્રીના અન્ય ઘણા લોકો પણ આ લગ્નમાં પહોંચ્યાં. પવન કલ્યાણ પત્ની અન પૂર્વ રશિયન મોડેલ અન્ના લેઝનેવા સાથે રિસેપ્શનમાં આવી હતી. તેની એન્ટ્રી સાથે જ ત્યાં હાજર તમામ કેમેરામેન તેમની તસવીરો ક્લિક કરવા આગળ વધ્યા. આ દરમિયાન પવન કલ્યાણે ઈશારો કરતા તસવીરો ન લેવા માટે રોક્યા. આ પછી તે મંચ પર પહોંચ્યા, જ્યાં ભારે ભીડ જામી ગઈ હતી. સ્ટેજ પર પવન અને તેની પત્નીએ ફિલ્મમેકરની દીકરીને ભેટ આપી. પવન કલ્યાણને સ્ટેજ પરથી ઉતરતા જોઈને ઘણા લોકો તસવીરો ક્લિક કરાવવા અને લેવા માટે ઉતાવળા થઈ ગયા, જે સમયે સ્ટેજ પર હાજર મહેમાનો જ ધક્કામુક્કીનો ભોગ બન્યા.

## 'ગૌરવને અંદાજો નહોતો કે આકાંક્ષા જાહેરમાં સંબંધોનો ખુલાસો કરશે'

# અનુજે કહ્યું- 'મારો મિત્ર આજે પણ અંગત જિંદગીની ગરિમા જાળવી રહ્યો છે...'



(એજન્સી) મુંબઈ | તા.03

’અનુપમા’ અને ’બિગ બોસ 19’થી ઓળખ બનાવનાર એક્ટર ગૌરવ ખન્નાની પત્ની અને ટીવી એક્ટ્રેસ આકાંક્ષા ચમોલાએ ’લોક અપ સીઝન 2’માં છૂટાછેડાની જાહેરાત કરી છે. આ જાહેરાત બાદ ગૌરવ ખન્નાના મિત્ર અને એક્ટર અનુજ સચદેવાએ પ્રતિક્રિયા આપી છે. અનુજે વિકી લાલવાણીને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, તે પોતે આ ખુલાસાથી સ્તબ્ધ છે.

તેના મતે, ’ગૌરવને આ વાતનો બિલકુલ અંદાજ નહોતો કે, આકાંક્ષા શોમાં પોતાના લગ્ન તૂટવાની વાત સાર્વજનિક કરશે.’ આકાંક્ષાએ શો હોસ્ટ ફરાહ ખાન અને રિતેશ દેશમુખ સામે ખુલાસો કર્યો હતો કે, તે અને ગૌરવ એક વર્ષથી અલગ રહી રહ્યા છે.

દાવો- ગૌરવને જાણકારી નહોતી અનુજ સચદેવાએ જણાવ્યું કે સમાચાર સામે આવ્યા બાદ તેણે ગૌરવ ખન્ના સાથે વાત કરી હતી. અનુજે કહ્યું, ’મને ખબર નહોતી કે ગૌરવ અને આકાંક્ષા છેલ્લા 9 મહિનાથી સાથે રહેતા નથી. સમાચાર આવ્યા પછી મારી ગૌરવ સાથે વાત થઈ. ગૌરવને આ વાતની બિલકુલ જાણકારી નહોતી કે આકાંક્ષા લોક અપ શોમાં તેમના સંબંધોના સ્ટેટસને આ રીતે બધાની સામે લાવશે.’

ખાનગી વાતોને બહાર નથી લાવી રહ્યો ગૌરવ અનુજે ગૌરવને સપોર્ટ કરતા કહ્યું કે, ’ગૌરવ પોતાની અંગત જિંદગીની વાતોને પબ્લિકમાં નથી લાવી રહ્યા. ગૌરવ આકાંક્ષાને ખૂબ પ્રેમ કરતો હતો અને તેણે આકાંક્ષાને તે બધું જ આપ્યું, જે તે ઈચ્છતી હતી. લગ્નમાં આવેલી મુશ્કેલીઓને લઈને ગૌરવે ક્યારેય બહાર કોઈની સાથે કોઈ ફરિયાદ કરી ન હતી અને તે ગરિમા જાળવી રહ્યો છે.’

બાળકોની વાત પર અનુજે શંકા વ્યક્ત કરી શોમાં આકાંક્ષાએ સ્પર્ધકોને જણાવ્યું હતું કે, ગૌરવને બાળકો જોઈતા હતા, પરંતુ તે માતા બનવા માંગતી ન હતી, તેથી બંને અલગ થઈ રહ્યા છે. આ વાત પર અનુજે કહ્યું, ‘મને નથી લાગતું કે આ સાચું કારણ છે. આમ પણ, આ ખૂબ જ અંગત મામલો છે જેના પર કોઈએ અટકળો ન લગાવવી જોઈએ. આકાંક્ષાએ આ વિશે પહેલા ક્યારેય બહાર વાત કરી ન હતી. મને શંકા છે કે કદાચ શોની ટીઆરપી અથવા ધ્યાન વધારવા માટે તેણે આવું કર્યું છે.’

# સમય - મેધા વચ્ચે ડેટિંગ ચાલતું હોવાની અટકળો

મુંબઈ : મુંબઈમાં કોમેડિયન સમય રૈના અને અભિનેત્રી મેધા શંકર વચ્ચે ડેટિંગની અફવાઓ વહેતી થઈ છે. સમયના નવા શો ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ના પ્રારંભ સાથે જ આ ચર્ચાઓએ જોર પકડ્યું છે. વાયરલ વીડિયોમાં બંને સાથે જોવા મળ્યા હતા, પરંતુ ફોટોગ્રાફર્સને જોઈને તેઓએ રસ્તો બદલ્યો હતો. આ ઘટનાથી ચાહકોમાં તેમના સંબંધો વિશેની અટકળો વધુ તીવ્ર બની છે. જોકે, બંનેમાંથી કોઈએ આ અંગે સ્પષ્ટતા કરી નથી.
કોમેડિયન સમય રૈનાનો વિવાદિત શો ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ શરૂ થયો છે એ જ અરસામાં સમય રૈના અને ટ્વેલ્થ ફેઈલની હિરોઇન મેધા શંકર વચ્ચે ડેટિંગ ચાલી રહ્યુ હોવાની અફવાઓ સોશ્યલ મિડિયા પર ચગાવવામાં આવી રહી છે. સોશ્યલ મિડિયા પર વાઈરલ થયેલાં વિડિયોમાં બંને સાથે દેખાઇ રહ્યા છે. આ પોસ્ટમાં જણાવવામાં આવ્યું છે કે સમય રૈના અને મેધા શંકર એક જ સ્થળે એકસાથે જોવા મળ્યા હતા. પણ ફોટોગ્રાફર્સને જોઇને તેમણે અલગ થઇને તેમનો રસ્તો બદલી નાંખ્યો હતો. જેના કારણે તેમના ફેનને એમ લાગ્યું છે કે બંને જણાં કશું છુપાવી રહ્યા છે. બંને જણાં એક જ પ્રકારની ઈવેન્ટમાં સામેલ થતાં હોઇ તેમના ચાહકોંમાં બંને વચ્ચેના ડેટિંગ વિશેની અટકળોએ જોર પકડયુ છે. જો કે, સમય રૈના કે મેધા શંકરે આ મામલે કશું ફોડ પાડીને જણાવ્યું નથી. સમય રૈનાના શો ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટની બીજી સિઝનના પહેલાં એપિસોડમાં આલ્ફાની સ્ટાર્સ આલિયા ભટ્ટ અને શર્વરી ગેસ્ટ તરીકે જોવા મળી હતી. મેધા શંકરે છેલ્લે ગિન્ની વેડ્સ સની ટુ ફિલ્મમાં કામ કર્યું હતું

# સલમાન ખાનને દિલ્હી હાઈકોર્ટમાંથી રાહત ન મળી

## 'કાલા હિરણ' ફિલ્મ પર 6 જુલાઈ સુધી સુનાવણી ટળી; પ્રોડ્યુસરે કહ્યું- '8000 થિયેટરોમાં રિલીઝ થશે'



(એજન્સી) મુંબઈ | તા.03

સલમાન ખાનની અરજી પર સુનાવણી કરતા દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ ’કાલા હિરણ: ધ બેટલ ફોર લેગસી’ની રિલીઝ પર હાલ પૂરતો વચગાળાનો સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે આ કેસની આગામી સુનાવણી 6 જુલાઈ સુધી મુલતવી રાખી છે. આ નિર્ણય બાદ ફિલ્મના નિર્માતા અમિત જાનીએ સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ’કોર્ટ માટે કોઈ સ્ટાર કે ગ્લેમર મહત્વનું નથી.’ જ્યારે, સલમાન ખાને અરજીમાં આરોપ લગાવ્યો છે કે, ’આ ફિલ્મ ગેરકાયદેસર રીતે તેના પર્સનાલિટી રાઈટ્સનું ઉલ્લંઘન કરે છે.’
પ્રોડ્યુસર અમિત જાનીએ સોશિયલ મીડિયા પર કટાક્ષ કર્યો સુનાવણી ટળ્યાના તરત જ બાદ ફિલ્મના પ્રોડ્યુસર અમિત જાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોતાની વાત રજૂ કરી. અમિત જાનીએ લખ્યું, ’સલમાન ખાનને આજે પણ દિલ્હી હાઈકોર્ટમાંથી કોઈ રાહત મળી નથી. ફિલ્મ પર કોઈ પ્રતિબંધ લાગ્યો નથી અને કેસની સુનાવણી 6 જુલાઈ સુધી ટળી ગઈ છે.’
તેમણે આગળ લખ્યું કે, ’કોર્ટ માટે ન તો કોઈ સ્ટાર હોય છે અને ન તો તેઓ કોઈ ગ્લેમરને માને છે. પોતાને બોલિવૂડનો ગોડફાધર કહેવાથી કાળિયાર અટકશે નહીં. આ ફિલ્મ આખી દુનિયામાં એકસાથે 8000 સિનેમાઘરોમાં રિલીઝ થશે.’
આગળની સુનાવણી સુધી ફિલ્મ સેન્સર બોર્ડ પાસે નહીં જાય બુધવારે થયેલી સુનાવણી દરમિયાન જસ્ટિસ જ્યોતિ સિંહની કોર્ટમાં પ્રોડ્યુસરના વકીલે જણાવ્યું કે, ’કાલા હિરણ’ ફિલ્મને હજુ સુધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) એટલે કે સેન્સર બોર્ડ પાસે સર્ટિફિકેશન માટે મોકલવામાં આવી નથી. કોર્ટે પૂછતાં વકીલે સ્પષ્ટ કર્યું કે, ’ફિલ્મ હજુ રિલીઝ માટે તૈયાર નથી.’
તેમણે કોર્ટને ખાતરી આપી કે, સેન્સર બોર્ડના સર્ટિફિકેટ વિના કોઈ ફિલ્મ રિલીઝ થઈ શકે નહીં અને આગળની સુનાવણી પહેલાં તેઓ ફિલ્મને સેન્સર બોર્ડ પાસે મોકલશે નહીં. પ્રોડ્યુસરનો જવાબ રેકોર્ડ પર ન હોવાને કારણે કોર્ટે મામલાને આગળ વધાર્યો.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ટુર્નામેન્ટમાં ગુકેશની હાર
# ઝાગ્રેબ ગ્રાન્ડ ચેસ ટુરમાં પ્રજ્ઞાનંદનો શાનદાર પ્રારંભ



(એજન્સી) ઝાગ્રેબ । તા. 02

ઝાગ્રેબ ખાતે શરૂ થયેલી પ્રતિષ્ઠિત ગ્રાન્ડ ચેસ ટુરમાં ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદે પોતાની આક્રમક રમતથી વિજયી શરૂઆત કરી છે. નોર્વે ચેસમાં મળેલી ભવ્ય સફળતા બાદ પ્રજ્ઞાનંદ અહીં પણ પોતાના ફોર્મને જાળવી રાખીને જર્મનીના ટોચના ખેલાડી વિન્સેન્ટ કીમરને માત આપી હતી. બીજી તરફ, વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ માટે આ ટુર્નામેન્ટની શરૂઆત થોડી નિરાશાજનક રહી હતી.

પ્રજ્ઞાનંદે સફેદ મહોરાં સાથે રમતા અત્યંત આક્રમક રણનીતિ અપનાવી હતી. તેણે વિન્સેન્ટ કીમરના કિંગ પર સતત દબાણ બનાવી રાખ્યું હતું, જેના પરિણામે માત્ર 26 ચાલમાં જ તેણે આ મેચ પોતાના નામે કરી લીધી હતી. આ જીતને ભવિષ્યમાં ચેસના માસ્ટરક્લાસ તરીકે જોવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં પ્રજ્ઞાનંદનો જુસ્સો અને રમતની ગતિ જોઈને પ્રતિસ્પર્ધીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. જોકે, દિવસની બીજી રાઉન્ડમાં તેણે ફ્રાન્સના મેક્સિમ વાશિયર-લેગ્રેવ સામે ડ્રો રમી હતી. બીજી બાજુ, વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ માટે દિવસની શરૂઆત આઘાતજનક રહી હતી. મેક્સિમ વાશિયર-લેગ્રેવ સામેની પ્રથમ મેચમાં ગુકેશને હારનો સામનો કરવો પડ્યો હતો. ચેસ નિષ્ણાતોનું માનવું છે કે ગુકેશ હાલમાં પોતાની લય ગુમાવી રહ્યો છે, જેનું મુખ્ય કારણ કદાચ ઉઝબેકિસ્તાનના જવોખિર સિંદારોવ સામે યોજાનારી તેમની આગામી વિશ્વ ચેમ્પિયનશિપ મેચની તૈયારીઓ હોઈ શકે છે. સતત માનસિક દબાણ અને તૈયારીઓના ભારણ હેઠળ ગુકેશ પોતાની સામાન્ય રમત બતાવી શક્યો નહોતો. પ્રજ્ઞાનંદનો આ વિજયી આગાઝ તેને પોઈન્ટ ટેબલમાં મજબૂત સ્થિતિમાં લાવ્યો છે. બીજી તરફ, ગુકેશ માટે હવે પછીની મેચો ખૂબ જ નિર્ણાયક સાબિત થશે. ઝાગ્રેબમાં ચાલી રહેલી આ સ્પર્ધા વિશ્વના શ્રેષ્ઠ ચેસ ખેલાડીઓ વચ્ચેનું જંગ છે, જ્યાં દરેક ચાલ ખૂબ જ મહત્વની હોય છે. ભારત માટે આ ટુર્નામેન્ટ ગર્વનો વિષય છે, કારણ કે બંને યુવા ખેલાડીઓ વિશ્વ સ્તરે દેશનું નામ રોશન કરી રહ્યા છે. ચાહકો હવે પ્રજ્ઞાનંદ પાસેથી આવી જ આક્રમક રમતની અપેક્ષા રાખી રહ્યા છે, જ્યારે ગુકેશ પોતાની ભૂલો સુધારી ફરી મેદાનમાં વાપસી કરશે તેવી આશા છે.

### સંજુ સેમસન માટે મુશ્કેલીઓ વધી, ઈશાન કિશન પણ ભારે દબાણમાં

# સેમસન સહિત 3 સ્ટાર્સ પર લટકી તલવાર, વાઈસ-કેપ્ટન પર પણ ખતરો મંડરાયો




(એજન્સી) નવી દિલ્હી । તા. 02

ભારત-ઈંગ્લેન્ડ પ્રથમ T20 વરસાદથી રદ્દ થઈ, પણ કેટલાક ખેલાડીઓનું ભવિષ્ય ધૂંધળું બન્યું છે. સંજુ સેમસન, ઈશાન કિશન અને વાઈસ કેપ્ટન તિલક વર્માના નબળા પ્રદર્શનથી ટીમ મેનેજમેન્ટ ચિંતિત છે. UK પ્રવાસમાં સંજુનું બેટ શાંત છે, ઈશાન સતત નિષ્ફળ રહ્યો છે અને તિલકનો સ્ટ્રાઈક રેટ ધીમો છે. આગામી મેચોમાં ફોર્મ નહીં સુધરે તો પ્લેઈંગ 11માં ફેરફાર શક્ય છે, વૈભવ સૂર્યવંશી જેવા વિકલ્પો તૈયાર છે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ T20 મેચ વરસાદના કારણે રદ્દ થઈ ગઈ હતી. આ મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે 20 ઓવરમાં 7 વિકેટે 189 રન બનાવ્યા હતા. કેપ્ટન શ્રેયસ અય્યર અને ઓપનર અભિષેક શર્માએ શાનદાર અડધી સદી ફટકારી હતી, જ્યારે શિવમ દુબેએ 21 બોલમાં અણનમ 42 રનની તોફાની ઈનિંગ રમી હતી. જોકે, વરસાદના કારણે મેચનું કોઈ પરિણામ આવી શક્યું નહોતું, પરંતુ કેટલાક ભારતીય ખેલાડીઓનું નબળું પ્રદર્શન ટીમ મેનેજમેન્ટ માટે ચિંતાનો વિષય બન્યું છે. આ ખેલાડીઓમાં સંજુ સેમસન, ઈશાન કિશન અને વાઈસ કેપ્ટન તિલક વર્માનો સમાવેશ થાય છે.

વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસનનું બેટ આ UK પ્રવાસ પર અત્યાર સુધી તદ્દન શાંત રહ્યું છે. આયરલેન્ડ સામેની T20 સીરિઝમાં પણ તે કોઈ મોટી ઈનિંગ રમી શક્યો નહોતો અને ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં પણ તે સસ્તામાં આઉટ થઈ ગયો હતો. સતત ફ્લોપ પ્રદર્શનના કારણે હવે પ્લેઈંગ ઈલેવનમાં તેના સ્થાન પર સવાલો ઉઠવા લાગ્યા છે. જો આગામી મેચોમાં પણ તે રન નહીં બનાવી શકે, તો ટીમ મેનેજમેન્ટ તેને પડતો મૂકીને અન્ય વિકલ્પ પર વિચાર કરી શકે છે. ICC T20 રેન્કિંગમાં નંબર-1 બેટ્સમેન બનેલા ઈશાન કિશન માટે પણ આ પ્રવાસ અત્યાર સુધી ઘણો નિરાશાજનક રહ્યો છે. આયરલેન્ડ સામે તે માત્ર 1 અને 12 રન જ બનાવી શક્યો હતો, જ્યારે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20માં તે ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન પરત ફર્યો હતો. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે છેલ્લી ત્રણ ઈનિંગ્સમાંથી તે બે વાર રનઆઉટ થયો છે.

# ભારત-ઈંગ્લેન્ડ T20 મેચ વરસાદમાં ધોવાઈ ગઈ, અભિષેક-શ્રેયસ ફિફ્ટી એળે

(એજન્સી) ચેસ્ટર-લે-સ્ટ્રીટ । તા. 02

ચેસ્ટર-લે-સ્ટ્રીટના રિવરસાઈડ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ T20 મેચ વરસાદના કારણે પરિણામ વિના રદ કરવામાં આવી છે. ભારતીય બેટ્સમેનોના તોફાની પ્રદર્શન બાદ જ્યારે ઈંગ્લેન્ડની ટીમ મેદાનમાં ઉતરે તે પહેલાં જ વરસાદે અડિંગો જમાવતા મેચ આગળ વધી શકી નહોતી. અંતે અમ્પાયરોએ મેચને રદ કરવાનો નિર્ણય લેતા બંને ટીમોના ચાહકો નિરાશ થયા હતા. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. માત્ર બીજી જ ઓવરમાં સંજૂ સેમસન અને ઈશાન કિશન પેવેલિયન ભેગા થઈ ગયા હતા. જોકે, ત્યારબાદ અભિષેક શર્મા અને કેપ્ટન શ્રેયસ અય્યરે બાજી સંભાળી લીધી હતી. અભિષેકે માત્ર 20 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી, જે ઈંગ્લેન્ડમાં કોઈ પણ ભારતીય દ્વારા ફટકારવામાં આવેલી સૌથી ઝડપી ફિફ્ટી છે. આ સાથે તેણે આંતરરાષ્ટ્રીય T20 ક્રિકેટમાં સૌથી ઝડપી 100 સિક્સર પૂરી કરવાનો નવો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે.




અભિષેક શર્મા (59 રન) અને શ્રેયસ અય્યર (50 રન) વચ્ચે ત્રીજી વિકેટ માટે 38 બોલમાં 82 રનની ભાગીદારી થઈ હતી. શ્રેયસ અય્યરે પોતાની 9મી T20I ફિફ્ટી સાથે એક વિશેષ સિદ્ધિ મેળવી; તે ઈંગ્લેન્ડમાં 50+ રન બનાવનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો છે. ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવી 189 રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડના બોલર સાકિબ મહમૂદે શાનદાર બોલિંગ કરતા 3 વિકેટ ઝડપી ભારતને મોટો સ્કોર કરતા અટકાવ્યું હતું.

ભારતીય ઈનિંગ્સ પૂરી થયા બાદ વરસાદનું જોર વધતા બીજી ઈનિંગ શરૂ થઈ શકી નહોતી. લાંબા સમય સુધી રાહ જોયા બાદ, અમ્પાયર્સે સ્થિતિને જોતા મેચ રદ કરવાની જાહેરાત કરી હતી. 5 મેચની આ શ્રેણીની બીજી મેચ હવે 4 જુલાઈના રોજ રમાશે. ભારતીય બેટ્સમેનોના આક્રમક પ્રદર્શન બાદ મેચનું પરિણામ ન આવતા ચાહકોમાં નિરાશા પ્રસરી ગઈ છે. આગામી મેચમાં હવે બંને ટીમો જીત સાથે શ્રેણીની શરૂઆત કરવા માટે પૂરો પ્રયાસ કરશે.

# વૈભવ સૂર્યવંશી ડેબ્યૂ માટે હજુ રાહ જોવી પડશે

### વૈભવ સૂર્યવંશી ડેબ્યૂ કેમ નહીં, ચાહકોમાં રોષ અને નિરાશા




(એજન્સી) ચેસ્ટર-લે-સ્ટ્રીટ । તા. 02

ટીમ ઈન્ડિયાના ઉભરતા સ્ટાર અને અંડર-19 ક્રિકેટના 'બેબી બોસ' તરીકે ઓળખાતા વૈભવ સૂર્યવંશીને ફરી એકવાર પ્લેઈંગ 11માં સ્થાન ન મળતા ક્રિકેટ ચાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં પણ વૈભવને બહાર બેસાડવામાં આવતા પસંદગીકારો પર સવાલો ઉઠી રહ્યા છે. આયર્લેન્ડના નિરાશાજનક પ્રવાસ બાદ એવી ધારણા હતી કે વૈભવને ઈંગ્લેન્ડ સામેની મેચમાં ડેબ્યૂ કરવાની તક મળશે, પરંતુ કેપ્ટન શ્રેયસ અય્યરે જાહેર કરેલી ટીમમાં તેનું નામ ન હોવાથી ચાહકો નિરાશ થયા છે.

વૈભવ સૂર્યવંશી હાલમાં શાનદાર ફોર્મમાં છે. IPL 2026માં રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા તેણે 776 રન બનાવી ઓરેન્જ કેપ જીતી હતી અને 237.30નો સ્ટ્રાઈક રેટ જાળવી રાખ્યો હતો. આ સિવાય અંડર-19 વર્લ્ડ કપમાં 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' રહેનાર અને શ્રીલંકામાં રમાયેલી ત્રિકોણીય સીરીઝમાં 29 બોલમાં 94 રન ફટકારનાર આ યુવા ખેલાડીની ક્ષમતા પર કોઈને શંકા નથી. તેમ છતાં, આયર્લેન્ડ પ્રવાસની બંને મેચોમાં તેને તક ન આપવામાં આવી, પરિણામે ભારત તે શ્રેણી હારી ગયું હતું.

ટીમમાં ઓપનિંગ જોડી તરીકે સંજૂ સેમસન અને ઈશાન કિશનના સતત ફ્લોપ પ્રદર્શન છતાં, વૈભવને તક ન મળવી તે ઘણાને સમજાતું નથી. બેટિંગ કોચ સિતાંશુ કોટકે સ્પષ્ટ કર્યું છે કે વૈભવના ડેબ્યૂનો નિર્ણય સંપૂર્ણપણે હેડ કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શ્રેયસ અય્યરના હાથમાં છે. ચેતેશ્વર પૂજારા અને ક્રિસ શ્રીકાંત જેવા દિગ્ગજોએ પણ આ મામલે પોતાનો મત આપ્યો છે કે વૈભવને તક મેળવવા માટે અત્યારે રાહ જોવી પડશે. પરંતુ સોશિયલ મીડિયા પર ચાહકો સતત ગંભીર અને અય્યરના આ નિર્ણયની ટીકા કરી રહ્યા છે.

માળખાગત સમસ્યાઓ જવાબદાર

# વેસ્ટ ઈન્ડિઝ મહિલા ક્રિકેટની વર્લ્ડ કપમાંથી વિદાય



(એજન્સી) કેરેબિયન । તા. 02

વુમન્સ T20 વર્લ્ડ કપ 2026ની સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે કારમી હાર બાદ વેસ્ટ ઈન્ડિઝની મહિલા ક્રિકેટ ટીમે ટુર્નામેન્ટમાંથી બહાર થવું પડ્યું છે. આ હાર માત્ર એક મેચની હાર નથી, પરંતુ વેસ્ટ ઈન્ડિઝના ક્રિકેટ માળખામાં રહેલી ગંભીર ખામીઓનો અરીસો છે. ટીમના કેપ્ટન હેલી મેથ્યુસે પરાજય બાદ જે નિખાલસતાથી ટીમના માળખાકીય મુદ્દાઓ પર વાત કરી છે, તે કેરેબિયન ક્રિકેટના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતા જગાવે તેવી છે.

ઓસ્ટ્રેલિયા જેવી છ વખતની વિશ્વ વિજેતા ટીમ સામેની સેમિફાઈનલમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ ક્યાંય ટકી શકી નહોતી. મેચ પૂર્વે જ કેપ્ટન હેલી મેથ્યુસે સ્પષ્ટ કર્યું હતું કે, ટીમના ખેલાડીઓ પાસે જુસ્સો અને ઉત્સાહ તો છે, પરંતુ આ સ્તર પર લડવા માટે જે પ્રકારની તૈયારી અને સિસ્ટમની જરૂર હોય છે તેનો અભાવ છે. કેરેબિયન ક્રિકેટની સ્થિતિ વિશે એક પ્રખ્યાત કહેવત છે કે, "વસ્તુઓ જેટલી બદલાય છે, તે એટલી જ જૂની રહે છે," જે આજે મહિલા ક્રિકેટ માટે એકદમ સચોટ સાબિત થઈ રહી છે.

### સિક્સર કિંગ તરીકે ઓળખ

# અભિષેક શર્મા રેકોર્ડ, ઈંગ્લેન્ડમાં રચ્યો ઈતિહાસ, સૌથી ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ




(એજન્સી) માન્ચેસ્ટર । તા. 02

ટીમ ઈન્ડિયાના યુવા ઓપનર અભિષેક શર્માએ ઈંગ્લેન્ડની ધરતી પર પોતાની વિસ્ફોટક બેટિંગથી ક્રિકેટ જગતમાં નવો ઉત્સાહ ભરી દીધો છે. ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટી-20 મેચમાં અભિષેકે માત્ર 20 બોલમાં અડધી સદી ફટકારીને એકસાથે બે ઐતિહાસિક સિદ્ધિઓ પોતાના નામે કરી છે. તેની આ તોફાની ઈનિંગ્સે માત્ર મેચમાં ભારતનું વર્ચસ્વ જમાવ્યું નથી, પરંતુ અનેક દિગ્ગજોના જૂના રેકોર્ડ પણ તોડી નાખ્યા છે.

અભિષેક શર્માએ આ મેચમાં કુલ 24 બોલનો સામનો કરીને 59 રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે 6 ચોગ્ગા અને 4 ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા. ઈંગ્લેન્ડની મુશ્કેલ પરિસ્થિતિમાં આટલી આક્રમક રમત રમવી એ કોઈ મોટી સિદ્ધિથી ઓછી નથી. આ ઈનિંગ સાથે જ તેણે કે.એલ. રાહુલનો 8 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. વર્ષ 2018માં રાહુલે ઈંગ્લેન્ડની ધરતી પર 27 બોલમાં અડધી સદી ફટકારી હતી, જે હવે અભિષેકના 20 બોલના રેકોર્ડ સામે બીજા ક્રમે આવી ગયો છે.

માત્ર સૌથી ઝડપી અડધી સદી જ નહીં, પરંતુ અભિષેક શર્માએ એક મોટો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 100 સિક્સર પૂરી કરનાર તે હવે દુનિયાનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે. તેણે આ મુકામ માત્ર 785 બોલ રમીને હાંસલ કર્યો છે, જે અગાઉ વેસ્ટ ઈન્ડિઝના એવિન લુઈસ (789 બોલ) ના નામે હતો. ટી-20 ક્રિકેટમાં તેની આ આક્રમક શૈલીએ તેને 'નવો સિક્સર કિંગ' બનાવી દીધો છે. આયર્લેન્ડ સામેના પ્રવાસમાં ઉતાર-ચઢાવ જોયા બાદ, ઈંગ્લેન્ડ સામેની આ ઈનિંગ અભિષેકના આત્મવિશ્વાસમાં અનેકગણો વધારો કરશે.

### હેરી કેનનો શાનદાર કમાલ, DR કોંગો સામે વિજય

# ઈંગ્લેન્ડની રોમાંચક જીત, કેન બન્યો તારણહાર

(એજન્સી) એટલાન્ટા । તા. 02

ફૂટબોલ વિશ્વકપમાં બુધવારે રાત્રે એટલાન્ટાના મેદાન પર ઈંગ્લેન્ડની ટીમે એક રોમાંચક મુકાબલામાં DR કોંગોને ૨-૧ થી હરાવીને અંતિમ-૧૬ (રાઉન્ડ ઓફ 16) માં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. આ મેચમાં ઈંગ્લેન્ડ માટે કેપ્ટન હેરી કેન સાક્ષાત તારણહાર સાબિત થયો હતો. પોતાના સૌથી વધુ કેપ્ટન તરીકે મેચ રમવાના રેકોર્ડના દિવસે જ કેને બે ગોલ કરીને ઈંગ્લેન્ડને હારના આરેથી બચાવી લીધું હતું.

મેચની શરૂઆત કલ્પના બહારની રહી હતી. પ્રી-મેચ આગાહીઓ કરતા વિપરીત, DR કોંગોએ આક્રમક રમત શરૂ કરી હતી. બ્રાયન સિપેન્ગાએ ગોલ કરીને કોંગોને ૧-૦ ની સરસાઈ અપાવી હતી, જેનાથી ઈંગ્લેન્ડના સમર્થકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. કોંગોની ટીમે ટુર્નામેન્ટના મજબૂત દાવેદાર ઈંગ્લેન્ડને આખી મેચ દરમિયાન જબરદસ્ત ટક્કર આપી હતી. જોકે, ઈંગ્લેન્ડે અંતિમ સમયમાં મક્કમતા દાખવી રમત પલટી નાખી હતી.



ઈંગ્લેન્ડ માટે મેચનો ટર્નિંગ પોઈન્ટ હેરી કેનની ક્ષમતા બની. મેચના અંતિમ તબક્કામાં કેને માત્ર અગિયાર મિનિટના ગાળામાં બે ગોલ ફટકારીને બાજી પલટી નાખી હતી. જેડ સ્પેન્સની ભૂલ બાદ કોંગોને મળેલી સરસાઈ લાંબો સમય ટકી શકી નહોતી. કેપ્ટન તરીકે પોતાની સૌથી વધુ મેચો રમવાનો રેકોર્ડ તોડનાર કેને આ દિવસે યાદગાર પ્રદર્શન કર્યું હતું. આ જીત સાથે હવે ઈંગ્લેન્ડે આગામી રાઉન્ડમાં સહ-યજમાન મેક્સિકો સામે ટકરાવાનું નક્કી કર્યું છે.

હોકી // હોકી સિદ્ધિ પર પદ્મશ્રીનો તાજ, અભૂતપૂર્વ સફર અને પરિવારનો સાથ

# સવિતા પૂનિયા ૨૩ વર્ષની સફરે મળ્યું પદ્મશ્રી સન્માન

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

ભારતીય મહિલા હોકી ટીમના અભેદ્ય દીવાલ સમાન ગોલકીપર સવિતા પૂનિયા માટે ગત દિવસ અત્યંત ભાવનાત્મક અને યાદગાર રહ્યો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે પદ્મશ્રી સન્માન સ્વીકારતી વખતે સવિતા પૂનિયાની આંખોમાં પોતાના ૨૩ વર્ષના લાંબા સંઘર્ષની ઝલક જોવા મળતી હતી. પદ્મશ્રી મેળવનાર તે માત્ર છઠ્ઠી મહિલા હોકી ખેલાડી બની છે, જે તેના અત્યાર સુધીના શ્રેષ્ઠ પ્રદર્શનનું પરિણામ છે. ૩૫ વર્ષીય સવિતા પૂનિયા પોતાની આ સફળતાનો તમામ શ્રેય પોતાના પરિવારને આપે છે. સવિતાના જણાવ્યા મુજબ, જ્યારે તેમણે આ રમતની શરૂઆત કરી ત્યારે ક્યારેય વિચાર્યું ન હતું કે તેઓ આટલી લાંબી સફર ખેડશે. પિતાના શબ્દો યાદ કરતા સવિતાએ જણાવ્યું કે, જ્યારે તેમણે ફોન પર 'પદ્મશ્રી સવિતા પૂનિયા' સાંભળ્યું ત્યારે તે ક્ષણ તેમના માટે આખા જીવનની સૌથી મોટી ખુશી હતી. પરિવારના ટેકા વિના આ મુકામ હાંસલ કરવો અશક્ય હતો. તેમના દાદાએ પણ વૃદ્ધાવસ્થામાં સવિતાનું નામ અખબારમાં વાંચવા માટે વાંચતા શીખ્યું હતું, જે દર્શાવે છે કે તેમનો પરિવાર તેમના માટે કેવો મજબૂત આધાર રહ્યો છે.

એક સમય એવો પણ હતો જ્યારે ૨૦૧૧માં સવિતાએ રમત છોડી દેવાનો નિર્ણય કર્યો હતો. મુસાફરીની સમસ્યા અને સમાજની ટીકાઓથી કંટાળીને તેમણે પોતાના પિતાને ફોન પર રડતા-રડતા કહ્યું હતું કે હવે આગળ રમવું નથી. પરંતુ, તેમના પિતાએ હિંમત ન હારવા દીધી અને તેમની અવરજવર માટે સેકન્ડ હેન્ડ કાર ખરીદી આપી. તે દિવસના સંઘર્ષથી લઈને આજે પદ્મશ્રી સન્માન સુધી પહોંચવા સુધીની સફર તેમના પરિવારના બલિદાન અને તેમની વ્યક્તિગત મહેનતનું પરિણામ છે.



### મહિલા હોકીમાં પદ્મશ્રીનું મહત્વ

ભારતમાં ૧૯૫૬થી રમતગમત ક્ષેત્રે પદ્મશ્રી આપવામાં આવે છે, જેમાં અત્યાર સુધી કુલ ૨૨૨ સન્માન અપાયા છે. જોકે, મહિલા હોકી માટે આ સન્માન ખૂબ જ જૂજ ખેલાડીઓને મળ્યું છે. આ આંકડાઓ સાબિત કરે છે કે સવિતા પૂનિયાની આ સિદ્ધિ કેટલી અસાધારણ છે. લાંબા સમય સુધી સરકારી નોકરી વિના ટીમ માટે રમનાર સવિતા માટે આ સન્માન માત્ર એક મેડલ નથી, પરંતુ તેમના દાયકાઓના અથાક પ્રયાસોની જીત છે. સવિતા પૂનિયાએ સાબિત કરી દીધું છે કે જો મક્કમ નિર્ધાર અને પરિવારનો સાથ હોય, તો ગમે તેવા મુશ્કેલ સંજોગોમાં પણ સફળતા મેળવી શકાય છે. પદ્મશ્રી સન્માન મળ્યા બાદ હવે તેઓ વધુ ઉત્સાહ સાથે દેશ માટે રમવા તૈયાર છે. તેમની આ સફર આવનારી પેઢીની મહિલા ખેલાડીઓ માટે એક મશાલ સમાન છે. મીડિયા અહેવાલ મુજબ, આ સન્માન ભારતીય મહિલા હોકીના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય ઉમેરે છે. સવિતા પૂનિયાની આ સફળતા માત્ર હોકીના મેદાનની નથી, પણ ભારતીય મહિલાઓના અતૂટ મનોબળની પણ છે.

### ટેનિસ રોમાંચમાં એન્દ્રીવા પરાજિત

# વિમ્બલ્ડનમાં બાર્બોરા ક્રેજિકોવાની શાનદાર જીત

(એજન્સી) લંડન । તા. 02

વિમ્બલ્ડન ૨૦૨૬ના ગ્રાઉન્ડ પર બુધવારે ટેનિસ પ્રેમીઓને એક અત્યંત રોમાંચક મેચ જોવા મળી હતી. પૂર્વ વિમ્બલ્ડન ચેમ્પિયન બાર્બોરા ક્રેજિકોવાએ સંઘર્ષપૂર્ણ મુકાબલામાં યુવા ખેલાડી મીરા એન્દ્રીવાને ૪-૬, ૭-૫, ૬-૪થી પરાજય આપીને ટૂર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. આ મેચમાં ક્રેજિકોવાનો અનુભવ અને એન્દ્રીવાની યુવા શક્તિ વચ્ચેનો જંગ જોવા મળ્યો હતો.



મેચની શરૂઆત બાર્બોરા ક્રેજિકોવા માટે શાનદાર રહી હતી અને તેણે ૩-૦ની સરસાઈ મેળવી હતી, પરંતુ ત્યારબાદ ૧૯ વર્ષીય રશિયન ખેલાડી એન્દ્રીવાએ રમતમાં પરત ફરીને પ્રથમ સેટ પોતાના નામે કરી લીધો હતો. હાલમાં જ ફ્રેન્ચ ઓપન જીતનાર એન્દ્રીવા આત્મવિશ્વાસથી ભરેલી હતી, પરંતુ ક્રેજિકોવાએ હાર માનવાને બદલે બીજા સેટમાં પોતાની લય પાછી મેળવી હતી. તેણે ખૂબ જ પદ્ધતિસર રીતે એન્દ્રીવાના ગેમ પ્લાનને તોડી પાડ્યો હતો.

ત્રીજા અને નિર્ણાયક સેટમાં મેચ અત્યંત તણાવપૂર્ણ બની હતી. એન્દ્રીવાએ હાર ન માનતા છ મેચ પોઈન્ટ્સ બચાવ્યા હતા, પરંતુ ક્રેજિકોવાની નિશ્ચિત રમત સામે તે અંતે ટકી શકી ન હતી. આ જીત સાથે ક્રેજિકોવાએ યુવા ખેલાડી એન્દ્રીવા સામે પોતાની કારકિર્દીની બીજી જીત નોંધાવી છે. સેન્ટર કોર્ટ પર રમાયેલી આ મેચ પ્રેક્ષકો માટે ખરા અર્થમાં એક ટેનિસ રોમાંચ સમાન હતી. ૨૦૨૪ની વિમ્બલ્ડન ચેમ્પિયન ક્રેજિકોવા પાસે ફ્રેન્ચ ઓપન જીતવાનો પણ અનુભવ છે. તેના ખાતામાં રહેલા આ મોટા ટાઈટલ્સ મેદાન પર સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યા હતા.

## સાંપ્રદાયિક આફતથી શીખ પંથમાં રોષ, તપાસ કામગીરી માટે ભારતની કડક માગ

# પાકિસ્તાનમાં ઐતિહાસિક 125 વર્ષ જૂના ગુરુદ્વારા ધ્વંસ

(એજન્સી) શેખુપુરા । તા. 02

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આવેલા શેખુપુરા જિલ્લાના ફરૂખાબાદમાં ૧૨૫ વર્ષ જૂના ઐતિહાસિક 'ગુરુદ્વારા સિંહ સભા સાહિબ'ને તોડી પાડવાની ઘટનાએ ભારત સહિત સમગ્ર વિશ્વમાં વસતા શીખ સમુદાયમાં ભારે આક્રોશ પેદા કર્યો છે. એક સ્થાનિક બિઝનેસમેન દ્વારા કોઈ પણ પ્રકારની મંજૂરી વગર આ પવિત્ર ધાર્મિક સ્થળનો ભાગ તોડી પાડવામાં આવતા લઘુમતીઓની સુરક્ષા પર ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. ભારત સરકારના વિદેશ મંત્રાલયે આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ પાકિસ્તાન સરકાર સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો છે.

### સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા પર સવાલો

મીડિયા અહેવાલ મુજબ, જ્યારે આ ઐતિહાસિક ધરોહર પર હુમલો કરવામાં આવ્યો ત્યારે સ્થાનિક તંત્ર કે 'ઈવેક્યુઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ' (ETPB) દ્વારા કોઈ પણ



પ્રકારની કડક કાર્યવાહી કરવામાં આવી ન હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આ ઘટના કોઈ અકસ્માત નથી પરંતુ ધાર્મિક લઘુમતીઓને નિશાન બનાવવાનો એક ભાગ છે. પાકિસ્તાનમાં અગાઉ પણ આવા અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જ્યાં લઘુમતીઓના પૂજા સ્થાનોને જમીન માફિયાઓ દ્વારા ખતમ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વિવાદ વકરતા પાકિસ્તાન સરકાર દોડતી થઈ છે. પંજાબ (પાકિસ્તાન)ના અલ્પસંખ્યક બાબતોના મંત્રી રમેશ સિંહ અરોરાએ બુધવારે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને જીર્ણોદ્ધારની જાહેરાત કરી હતી. મંત્રીએ સ્વીકાર્યું હતું કે, સંબંધિત વિભાગ પાસેથી કોઈ પણ પ્રકારનું ના-વાંધા પ્રમાણપત્ર (NOC) લીધા વિના આ તોડફોડ કરવામાં આવી હતી. તેમણે મુખ્યમંત્રી મરિયમ નવાઝના હવાલાથી જણાવ્યું હતું કે, સરકાર લઘુમતીઓના મૂળભૂત અધિકારોની રક્ષા કરવા માટે કટિબદ્ધ છે.

જોકે, સ્થાનિક સ્તરે જમીન માલિકીના વિવાદો અને ઔકાફ વિભાગની ભૂમિકા શંકાના દાયરામાં છે. મંત્રીએ ઔકાફ વિભાગને આ મામલે તાત્કાલિક તપાસ કરી તથ્યો પર આધારિત અહેવાલ સોંપવા આદેશ આપ્યા છે. પ્રાથમિક તપાસમાં એવા સંકેતો મળ્યા છે કે આ મિલકત કદાચ ઔકાફ વિભાગની યાદીમાં યોગ્ય રીતે નોંધાયેલી ન હતી, જે વહીવટી ખામી તરફ પણ નિર્દેશ કરે છે.

ભારતે પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપી છે કે ધાર્મિક સ્થળોની સુરક્ષા એ તેમની બંધારણીય જવાબદારી છે. વિદેશ મંત્રાલયના મતે, આ માત્ર એક ઈમારત તોડવાની ઘટના નથી, પરંતુ શીખ ધર્મના લોકોની આસ્થા પરનો પ્રહાર છે. ભારતે પાકિસ્તાન સરકાર પાસે માંગ કરી છે કે, આ કૃત્યમાં સામેલ તમામ દોષિતો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવે.

૧૨૫ વર્ષ જૂનું આ ગુરુદ્વારા શીખ સમુદાય માટે માત્ર એક પૂજા સ્થાન જ નહીં, પરંતુ એક સાંસ્કૃતિક વિરાસત પણ હતું. આવા ઐતિહાસિક સ્થળોનો વિનાશ પાકિસ્તાનની ધાર્મિક સહિષ્ણુતા સામે અનેક પ્રશ્નો ઉભા કરે છે. નિષ્ણાતો માને છે કે જો પાકિસ્તાન સરકાર સમયસર અને અસરકારક પગલાં નહીં ભરે, તો લઘુમતીઓમાં વ્યાપેલ અસલામતીની લાગણી વધુ ઘેરી બનશે.

## ભારત-રશિયા વ્યાપારમાં નવો અધ્યાય

# ઈંધણ સંકટમાં રશિયાને ભારતનો મોટો સહારો



(એજન્સી) નવી દિલ્હી । તા. 02

યુક્રેન સાથેના સંઘર્ષ અને ત્યારબાદ સર્જાયેલી ભૌગોલિક રાજકીય સ્થિતિ વચ્ચે રશિયા હાલમાં ગંભીર ઈંધણ સંકટનો સામનો કરી રહ્યું છે. આ કટોકટીના સમયમાં ભારત ફરી એકવાર વિશ્વસનીય મિત્ર તરીકે સામે આવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર થયેલા ડ્રોન હુમલાઓને કારણે ત્યાં પેટ્રોલની ભારે અછત સર્જાઈ છે, જેને પહોંચી વળવા માટે ભારતે રશિયાને આશરે ૬૦,૦૦૦ મેટ્રિક ટન પેટ્રોલની નિકાસ કરી છે.

### ડ્રોન હુમલા અને રશિયાની ઈંધણ તંગી

છેલ્લા કેટલાક સમયથી યુક્રેન દ્વારા રશિયાની વિવિધ ઓઈલ રિફાઈનરીઓ પર સતત ડ્રોન હુમલા કરવામાં આવી રહ્યા છે. આ હુમલાઓની સીધી અસર રશિયાની રિફાઈનિંગ ક્ષમતા પર પડી છે, જેના કારણે સ્થાનિક સ્તરે પેટ્રોલ અને અન્ય ઈંધણનું ઉત્પાદન ખોરવાઈ ગયું છે. રશિયાના અનેક વિસ્તારોમાં ઈંધણનું રેશનિંગ કરવાની ફરજ પડી છે અને પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી રહી છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને પણ સ્વીકાર્યું છે કે આ હુમલાઓએ દેશની ઓઈલ રિફાઈનિંગ ક્ષમતાને પ્રભાવિત કરી છે, જેથી સ્થાનિક માંગને પહોંચી વળવા આયાત અનિવાર્ય બની છે.

ભારતે દરિયાઈ માર્ગે રશિયાને સહાય મોકલી છે. અત્યાર સુધીમાં બે મોટા દરિયાઈ ટેન્કરો દ્વારા આશરે ૬૦,૦૦૦ મેટ્રિક ટન ગેસોલિન મોકલવામાં આવ્યું છે. આ મદદ માત્ર વ્યાપારિક જ નહીં પરંતુ રણનીતિક રીતે પણ મહત્વની છે. ભારત અને રશિયા વચ્ચેના વર્ષો જૂના મૈત્રીપૂર્ણ સંબંધો આ કપરા કાળમાં વધુ મજબૂત બનતા જોવા મળી રહ્યા છે. રશિયા માત્ર ભારત પર નિર્ભર રહેવાને બદલે બેલારુસ જેવા અન્ય દેશો પાસેથી પણ મદદ મેળવવા પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ ભારત દ્વારા કરાયેલી આ તાત્કાલિક મદદ રશિયા માટે ખૂબ જ રાહતરૂપ સાબિત થઈ રહી છે.

આ સમગ્ર મામલામાં સૌથી મહત્વની બાબત એ છે કે ભારત રશિયાને પેટ્રોલ મોકલી રહ્યું છે, જ્યારે તે પોતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદનાર વિશ્વનો સૌથી મોટો દેશ પણ છે. આયાત અને નિકાસનું આ સંતુલન બંને દેશોની પરસ્પર નિર્ભરતા દર્શાવે છે. શિપ ટ્રેકિંગ ડેટા મુજબ, જૂન મહિનામાં ભારતે રશિયા પાસેથી દૈનિક ૨૭ લાખ બેરલ ક્રૂડ ઓઈલ આયાત કર્યું છે, જે એક વિક્રમજનક આંકડો છે. વૈશ્વિક બજારમાં ઈંધણના ભાવમાં અસ્થિરતા વચ્ચે ભારત માટે રશિયન ક્રૂડ ઓઈલ એક આર્થિક વિકલ્પ બની રહ્યું છે, જ્યારે રશિયા માટે ભારતની ઈંધણ નિકાસ જીવનરક્ષક બની છે.

રશિયન સરકારે ઈંધણની અછતને દૂર કરવા માટે ટેક્સના નિયમોમાં ફેરફાર અને સબસિડી જેવા મહત્વના નિર્ણયો લીધા છે. ઉનાળાની સીઝનમાં રશિયામાં દરરોજ અંદાજે ૧.૧૦ લાખ ટન ગેસોલિનની જરૂરિયાત રહે છે. આવી સ્થિતિમાં ભારત તરફથી મળતી સપ્લાય રશિયાના સ્થાનિક બજારને સ્થિર કરવામાં મદદરૂપ થશે. નિષ્ણાતો માને છે કે જો સંઘર્ષ લંબાય છે, તો ભારત અને રશિયા વચ્ચેના આ પ્રકારના વ્યાપારિક સંબંધો વધુ ગહન બનશે. ભારતીય રિફાઈનરીઓ આ સ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને માંગ મુજબ સપ્લાય ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે ભારત કટોકટીના સમયે પોતાના સહયોગી દેશોની પડખે ઉભું રહેવાની ક્ષમતા ધરાવે છે.

આ સમગ્ર પ્રક્રિયા વ્યાપારિક અને કુદરતી રીતે પારદર્શક રહી છે, જે ભારતની વધતી જતી આર્થિક શક્તિનું પ્રમાણ છે. રશિયામાં હાલની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી ભારત તરફથી મળતો આ ટેકો રશિયન અર્થતંત્ર માટે અત્યંત મહત્વનો સાબિત થશે.

## ન્યૂઝ બ્રીફ

### ભારતીય નાવિક રહસ્યમય મોત, અંગો થયા ગાયબ



દેવરિયા | વેનેઝુએલામાં ફરજ બજાવતા ઉત્તર પ્રદેશના દેવરિયાના એક ભારતીય નાવિકનું મોત હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર તપાસનો વિષય બન્યો છે. ૩૩ વર્ષીય રાકેશ ચૌહાણના મૃતદેહને જ્યારે ભારત લાવવામાં આવ્યો અને અહીં ફરીથી પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું, ત્યારે જે સત્ય બહાર આવ્યું તે જાણીને સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા છે. મૃતદેહમાંથી હૃદય, મગજ અને ફેફસાં જેવા મહત્વના આંતરિક અંગો ગાયબ હોવાનું સામે આવતા પરિવારજનોએ ગંભીર ગેરરીતિ અને અંગ તસ્કરીની શંકા વ્યક્ત કરી છે. રાકેશ ચૌહાણ નવેમ્બર ૨૦૨૫માં મર્ચન્ટ નેવીમાં નોકરી માટે વેનેઝુએલા ગયા હતા. મે ૨૦૨૬માં કંપનીએ પરિવારને તેમના મૃત્યુની જાણ કરી હતી. શરૂઆતમાં કંપનીએ મૃત્યુના અલગ-અલગ કારણો આપ્યા હતા, જેમાં ક્યારેક અકસ્માત તો ક્યારેક ગંભીર બિમારી હોવાનું જણાવાયું હતું. અંતે, સત્તાવાર દસ્તાવેજોમાં મૃત્યુનું કારણ 'કાર્ડિયક અરેસ્ટ' (હાર્ટ એટેક) હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. પરિવારને આ બાબતે પ્રથમથી જ શંકા હતી, જે મૃતદેહ દેવરિયા પહોંચ્યા બાદ સાચી ઠરી.

### સુપરસોનિક ઉડ્ડયન નવો યુગ લાવવા અમેરિકાનો મોટો નિર્ણય



વોશિંગ્ટન | વૈશ્વિક ઉડ્ડયન ક્ષેત્રે ટૂંક સમયમાં એક ક્રાંતિકારી પરિવર્તન આવવા જઈ રહ્યું છે. અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસા દ્વારા કરવામાં આવેલા એક સફળ પ્રયોગ બાદ હવે આકાશમાં અવાજની ગતિ કરતાં પણ વધુ ઝડપે વિમાનો ઉડાડવાનો માર્ગ મોકળો બન્યો છે. યુએસ સત્તાવાળાઓ દ્વારા છેલ્લા ૫૩ વર્ષથી અમલી એવા કડક નિયમોમાં ફેરફાર કરવાની હિલચાલ શરૂ કરવામાં આવી છે, જેનાથી વિશ્વભરમાં હવાઈ મુસાફરીનો સમય અડધો થઈ જશે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) દ્વારા વર્ષ ૧૯૭૩માં સુપરસોનિક ફ્લાઈટ્સ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પ્રકારના વિમાનો જ્યારે અવાજની ગતિ કરતાં વધુ ઝડપે ઉડે છે ત્યારે 'સોનિક બૂમ' નામનો ભયાનક ધડાકો પેદા થાય છે. આ અવાજ એટલો તીવ્ર હોય છે કે જમીન પર રહેલી ઈમારતોની બારીઓ તૂટી જવાનો અને માળખાને નુકસાન થવાનો ભય રહે છે. જો કે, તાજેતરમાં નાસા એક્સ-૫૯ પરીક્ષણ અંતર્ગત અવાજ કર્યા વિના અવાજ કરતાં વધુ ઝડપે ઉડતા પ્રયોગાત્મક વિમાનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

## કીવ પર રશિયાનો ભયાનક હવાઈ હુમલો, સીમા પર પોલેન્ડનું હાઈ સુરક્ષા એલર્ટ

# કીવ પર રશિયાનો અત્યાર સુધીનો સૌથી મોટો યુદ્ધવિનાશ

(એજન્સી) કીવ । તા. 02

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યું છે. ગુરુવારે વહેલી સવારે રશિયન સેનાએ યુક્રેનની રાજધાની કીવને નિશાન બનાવીને અત્યાર સુધીનો સૌથી ભીષણ હવાઈ હુમલો કર્યો છે. ડઝનબંધ ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલોના મારોથી સમગ્ર શહેર ગોઝારા અવાજો અને આગની જ્વાળાઓથી ધ્રૂજી ઉઠ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલામાં રહેણાંક ઈમારતો અને જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચ્યું છે, જેના કારણે માનવીય સંકટ ઘેરું બન્યું છે.



### હવાઈ હુમલો અને નાગરિકોની લાચારી

રાત્રિના શાંત વાતાવરણમાં શરૂ થયેલા આ હુમલાને કારણે કીવના આકાશમાં સતત એર રેડ સાયરન ગૂંજતા રહ્યા હતા. જીવ બચાવવા માટે હજારો નાગરિકોએ ભૂગર્ભ મેટ્રો સ્ટેશનો અને બંકરોમાં આશરો લેવો પડ્યો હતો. રશિયન મિસાઈલોને રોકવા માટે યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય થઈ હતી, પરંતુ મિસાઈલોનો આટલો મોટો મારો ઝીલવો મુશ્કેલ બની ગયો હતો. શહેરના મધ્ય ભાગમાં આવેલી એક જાણીતી હોટલ અને નવ માળની રહેણાંક ઈમારત પર મિસાઈલ પડતા ભારે આગ ફાટી નીકળી હતી, જેને કાબૂમાં લેવા અગ્નિશમન દળને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

### એમ્બ્યુલન્સ સ્ટેશન પણ હુમલાની ઝપેટમાં

યુદ્ધના નિયમોનું ઉલ્લંઘન કરતો આ હુમલો એટલો તીવ્ર હતો કે એક એમ્બ્યુલન્સ સ્ટેશનને પણ સીધી ટક્કર વાગી હતી, જેમાં એક પેરામેડિક સ્ટાફ સભ્ય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૧૧થી વધુ લોકો ઘાયલ હોવાના અહેવાલ છે, અને કાટમાળ નીચે દબાયેલા લોકોની શોધખોળ હજુ પણ ચાલુ હોવાથી આ આંકડો વધવાની ભીતિ સેવાઈ રહી છે. કીવના મેયર વિતાલી ક્લિત્સ્કોએ આ હુમલાને માનવતા વિરુદ્ધનું કૃત્ય ગણાવ્યું છે.

### ઝેલેન્સકીનું વળતું પગલું

સ્થિતિની ગંભીરતાને પારખીને, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ પોતાનો આયર્લેન્ડનો સત્તાવાર વિદેશ પ્રવાસ અધવચ્ચેથી જ ટૂંકાવી દીધો છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ગુપ્તચર એજન્સીઓએ અગાઉથી જ આવા મોટા હુમલાની સંભાવના વ્યક્ત કરી હતી, જે અંતે સાચી સાબિત થઈ. ઝેલેન્સકીએ તાત્કાલિક યુક્રેન પરત ફરીને સુરક્ષા દળો સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી છે અને પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા આદેશ આપ્યા છે.

### પોલેન્ડમાં સુરક્ષા એલર્ટ

આ હુમલાની અસર માત્ર યુક્રેન પૂરતી સીમિત નથી રહી. યુક્રેનની પશ્ચિમી સરહદો નજીક આટલો મોટો હુમલો થતા પડોશી દેશ પોલેન્ડમાં ભારે ખળભળાટ મચી ગયો છે. રશિયન મિસાઈલો ભૂલથી પણ પોતાની સરહદમાં પ્રવેશે નહીં તે માટે પોલેન્ડે પોતાની વાયુસેના અને સૈન્યને હાઈ સુરક્ષા એલર્ટ પર મૂકી દીધું છે. નાટોના સભ્ય દેશ તરીકે પોલેન્ડ માટે આ સ્થિતિ ખૂબ જ સંવેદનશીલ છે. નિષ્ણાતો માને છે કે જો યુદ્ધ આ રીતે ઉગ્ર બનતું રહેશે, તો તે સમગ્ર યુરોપની સુરક્ષા માટે મોટો ખતરો બની શકે છે.આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે રશિયા અને યુક્રેન વચ્ચેનો સંઘર્ષ કોઈ પણ જાતના વાટાઘાટો વગર વધુને વધુ વિનાશક બની રહ્યો છે.

## બાંગ્લાદેશ-ચીન સંરક્ષણ ડીલથી ભારતની સરહદો પર ખતરો, સ્ટ્રિંગ ઑફ પર્લ્સ રણનીતિ

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

પડોશી દેશ બાંગ્લાદેશ અને ચીન વચ્ચે વધી રહેલો સંરક્ષણ સહયોગ હવે ભારત માટે ચિંતાનો વિષય બન્યો છે. તાજેતરમાં બાંગ્લાદેશે ચીન પાસેથી J-10C ફાઈટર જેટ, અત્યાધુનિક Type-15 ટેન્ક અને અન્ય મિસાઈલ સિસ્ટમ ખરીદવાનો મોટો કરાર કર્યો છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ ડીલ માત્ર બાંગ્લાદેશની સૈન્ય ક્ષમતામાં વધારો નથી કરી રહી, પરંતુ ભારતની પૂર્વીય સરહદ પર એક નવો વ્યૂહાત્મક પડકાર પણ ઊભો કરી રહી છે. બાંગ્લાદેશ પોતાની વાયુસેનાના જૂના ફાઈટર જેટ્સને બદલવા માટે ચીન પાસેથી ૨.૨ અબજ ડૉલરના ખર્ચે ૨૦થી ૨૪ જેટલા J-10C મલ્ટીરોલ ફાઈટર જેટ મેળવી રહ્યું છે. આ વિમાનો AESA રડાર અને લાંબા અંતરની PL-15 મિસાઈલ જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ઉપરાંત, બાંગ્લાદેશ આર્મીને મળી રહેલી VT-5 લાઈટ ટેન્ક પહાડી અને દલદલવાળા વિસ્તારો માટે ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. મીડિયા અહેવાલ મુજબ, બાંગ્લાદેશ પોતાના 'ફોર્સીસ ગોલ ૨૦૩૦' હેઠળ ચીની હથિયારો પર પોતાની નિર્ભરતા સતત વધારી રહ્યું છે.

ચીન આ પગલાં દ્વારા ભારતને ઘેરવાની પોતાની 'સ્ટ્રિંગ ઑફ પર્લ્સ' એટલે કે મોતીઓની માળાની વ્યૂહરચનાને મજબૂત બનાવી રહ્યું છે. ગ્વાદર, હમ્બનટોટા અને હવે ચટગાંવ બંદર પર ચીની પ્રભાવ ભારત માટે વ્યૂહાત્મક રીતે ખતરનાક સાબિત થઈ શકે છે. ખાસ કરીને સિલીગુડી કોરિડોર, જે ભારતની મુખ્ય કડી છે, તેની નજીક આ હથિયારોની હાજરી સુરક્ષા માટે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બાંગ્લાદેશમાં થયેલા રાજકીય ફેરફારો બાદ ડ્રેગનનો ઝુકાવ ત્યાં વધ્યો છે, જેનો ઉપયોગ તે ભારતને દબાણમાં લાવવા માટે કરી રહ્યું છે.

## દોહામાં અમેરિકા-ઈરાન વાટાઘાટથી શાંતિની નવી આશા, કતાર મધ્યસ્થીથી સફળતા, તણાવમાં ઘટાડો લાવવા પ્રયાસ

(એજન્સી) દોહા । તા. 02

હોર્મુઝની સામુદ્રધુનીમાં તાજેતરમાં વધેલા તણાવ બાદ વૈશ્વિક શાંતિ માટે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. કતારની રાજધાની દોહામાં બે દિવસ સુધી ચાલેલી ઉચ્ચ સ્તરીય અમેરિકા-ઈરાન વાટાઘાટ બાદ બંને દેશોએ પરિસ્થિતિને થાળે પાડવા માટે સકારાત્મક સંકેતો આપ્યા છે. આ સમગ્ર પ્રક્રિયામાં કતાર અને પાકિસ્તાને મધ્યસ્થીની મહત્વની ભૂમિકા ભજવી હતી, જેના કારણે બંને પક્ષો વચ્ચે પરોક્ષ રીતે વાતચીતનો માર્ગ મોકળો થયો હતો.

દોહામાં આયોજિત આ બેઠકમાં વરિષ્ઠ રાજદ્વારીઓ અને ટેકનિકલ નિષ્ણાતો સામેલ થયા હતા. બંને દેશોના પ્રતિનિધિઓ સીધી રીતે આમને-સામને બેસવાને બદલે અલગ-અલગ રૂમમાં રહીને મધ્યસ્થીઓ દ્વારા પોતાના મુદ્દા રજૂ કરી રહ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ વાતચીતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના ગંભીર



મતભેદોને દૂર કરી સંવાદ સાધવાનો હતો. ઈરાનના ઉપ-વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ આ રાઉન્ડની વાર્તાને સકારાત્મક ગણાવતા જણાવ્યું હતું કે, ઈરાનની 6 અબજ ડોલરની ફ્રીઝ થયેલી સંપત્તિ મુક્ત કરવાના મુદ્દે સહમતિ સધાઈ છે. આ રકમનો ઉપયોગ દેશની આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે કરવામાં આવશે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી સમયમાં સંભવિત વિવાદો ટાળવા માટે બંને દેશો વચ્ચે એક નવી 'કોમ્યુનિકેશન ચેનલ' સ્થાપિત કરવામાં આવશે. આ માધ્યમથી કોઈ પણ કરારના ઉલ્લંઘનની સ્થિતિમાં તુરંત સંપર્ક સાધી શકાશે. જોકે, હજુ પણ પરમાણુ કાર્યક્રમ અને સુરક્ષા વ્યવસ્થા જેવા ગંભીર વિષયો પર નક્કર નિર્ણય લેવાના બાકી છે. બંને પક્ષોએ આગામી રાઉન્ડની બેઠક યોજવા પર સહમતિ દર્શાવી છે, જે ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતાની અંતિમવિધિ બાદ ટૂંક સમયમાં બોલાવવામાં આવશે.

અમેરિકા તરફથી હાલમાં આ દાવાઓ પર કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ રાજદ્વારી વર્તુળોમાં આ બેઠકને એક મોટી સફળતા તરીકે જોવામાં આવી રહી છે. નિષ્ણાતોના મતે, જો આ જ ગતિએ સંવાદ ચાલુ રહેશે, તો લાંબા સમયથી ચાલી આવતો આંતરરાષ્ટ્રીય તણાવ ઓછો થઈ શકે છે. કતારના વડાપ્રધાને પણ આ બેઠકને યોગ્ય દિશામાં એક પગલું ગણાવી છે. સમગ્ર વિશ્વની નજર હવે આગામી બેઠક પર છે, જે ભવિષ્યમાં મધ્ય-પૂર્વની રાજનીતિમાં મોટું પરિવર્તન લાવી શકે છે.

**અકસ્માત** | એક ક્રૂ મેમ્બર ગુમ, યુએસ નેવી બચાવ કામગીરી

# અરબ સાગરમાં યુએસ નેવીનું હેલિકોપ્ટર ક્રેશ થયું

(એજન્સી) અરબ સાગર । તા. 02

અરબ સાગરના જળસીમા વિસ્તારમાં આજે યુએસ નેવીના એક હેલિકોપ્ટરે કટોકટીના સંજોગોમાં દરિયામાં લેન્ડિંગ (ઈમરજન્સી વૉટર લેન્ડિંગ) કરવું પડ્યું હતું. આ ઘટના બાદ નૌકાદળ દ્વારા તાત્કાલિક અસરથી સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. પ્રાપ્ત અહેવાલો મુજબ, આ દુર્ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર ચારમાંથી ત્રણ ક્રૂ મેમ્બર્સનો બચાવ થયો છે, જ્યારે એક જવાન હજુ પણ ગુમ છે.

યુએસ નેવીના સેન્ટ્રલ કમાન્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ દુર્ઘટનાગ્રસ્ત MH-60S સીહોક હેલિકોપ્ટરે અમેરિકન એરક્રાફ્ટ કેરિયર 'યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ' પરથી નિયમિત ઉડાન ભરી હતી. ઉડાનના થોડા જ સમય બાદ, બપોરે એક વાગ્યાની આસપાસ હેલિકોપ્ટરમાં કોઈ અજ્ઞાત તકનીકી ખામી સર્જાઈ હતી.

પાયલોટે પરિસ્થિતિને પારખીને તાત્કાલિક દરિયાના પાણી પર લેન્ડિંગ કરવાનો નિર્ણય લીધો



હતો. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રકારના લેન્ડિંગમાં હેલિકોપ્ટર પલટી જવાની શક્યતા વધુ હોય છે, તેમ છતાં ત્રણ જવાનોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા જ નૌકાદળની બચાવ ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સુરક્ષિત બહાર કઢાયેલા ત્રણેય સભ્યોની તબિયત હાલ સ્થિર હોવાનું જાણવા મળે છે. નૌકાદળના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે, આ દુર્ઘટના પાછળ કોઈ બાહ્ય હુમલો અથવા તોડી પાડવામાં આવ્યું હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. હાલ ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે જેથી ટેકનિકલ ખામીનું સચોટ કારણ જાણી શકાય. મધ્ય-પૂર્વમાં વધતા જતા તણાવને ધ્યાનમાં રાખતા, અમેરિકન નૌકાદળના જહાજો આ વિસ્તારમાં પહેલેથી જ હાઈ એલર્ટ પર છે.

ગુમ થયેલા ચોથા ક્રૂ મેમ્બરની શોધખોળ માટે વ્યાપક સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. દરિયાઈ મોજાં અને અનુકૂળ ન હોય તેવી પરિસ્થિતિમાં પણ બચાવકર્મીઓ સતત પ્રયત્નશીલ છે. 'યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ' કેરિયર, જે એપ્રિલ મહિનાથી આ પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા જાળવવા માટે તહેનાત છે, તેના જવાનો સમગ્ર ઘટનાક્રમ પર બાજ નજર રાખી રહ્યા છે. ગુમ જવાનને શોધવા માટે આધુનિક ઉપકરણો અને એરિયલ સર્વેલન્સની મદદ લેવામાં આવી રહી છે. સમગ્ર દુનિયાની નજર હવે આ બચાવ કામગીરી પર ટકેલી છે.

# રશિયા ઈંધણ કટોકટી વચ્ચે ભારતની વહારે મદદ

(એજન્સી) મોસ્કો । તા. 02

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે હવે નવું વળાંક લીધું છે. યુક્રેનના ઘાતક ડ્રોન હુમલાઓને કારણે રશિયામાં ઈંધણની ગંભીર અછત સર્જાઈ છે. રશિયાની મહત્વની ઓઈલ રિફાઈનરીઓ અને ક્રૂડ ઓઈલ ભંડાર પર થયેલા આ હુમલાઓને પગલે સમગ્ર દેશમાં પેટ્રોલ પમ્પો પર લાંબી કતારો જોવા મળી રહી છે. આ કપરા સમયમાં રશિયાએ મદદ માટે ભારતનો સંપર્ક સાધ્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, યુક્રેને પોતાની સરહદથી ૧,૦૦૦ કિમી દૂર આવેલી ઉફા જેવી મહત્વની રિફાઈનરીઓને નિશાન બનાવી છે. આ હુમલાઓમાં ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે રશિયાના ઈંધણ ઉત્પાદન ક્ષમતામાં ૨૫ ટકા સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને પેટ્રોલના ઉત્પાદનમાં ૧૭ ટકાનો ઘટાડો થતાં રશિયાના અનેક શહેરોમાં પેટ્રોલની તીવ્ર અછત વર્તાઈ રહી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં લોકો એક વાહનમાંથી બીજા વાહનમાં પેટ્રોલ ટ્રાન્સફર કરતા અને પમ્પો પર ખાલી ટેન્ક સાથે રાહ જોતા નજરે પડે છે.

પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે રશિયાના ઓમસ્ક જેવા વિસ્તારોમાં વિતરકોએ પ્રતિ વાહન માત્ર ૪૦ લિટર ઈંધણ આપવાની મર્યાદા નક્કી કરી દીધી છે. ઈંધણના અભાવે જાહેર પરિવહન સેવાઓ પણ પ્રભાવિત થઈ છે અને અનેક શહેરોમાં બસના ભાડામાં પણ વધારો કરવામાં આવ્યો છે. રશિયન અધિકારીઓનું કહેવું છે કે નુકસાન પામેલી રિફાઈનરીઓના સમારકામમાં ઘણો લાંબો સમય લાગી શકે તેમ છે. આ આફતને ટાળવા માટે રશિયા હવે ભારત સહિતના મિત્ર દેશો પાસેથી ઈંધણની આયાત કરી રહ્યું છે.

## દાનમાં ગેરરીતિ અંગે સીપીઆઈ(એમ)નો મોટો આક્ષેપ

# રામ મંદિર દાન વિવાદ પર પીએમ મોદીએ જવાબ આપવો જોઈએ

નવી દિલ્હી: રામ મંદિર નિર્માણ માટે એકત્રિત કરવામાં આવેલા દાનમાં કથિત ગેરરીતિનો મામલો હવે રાજકીય ગરમાવો પકડી રહ્યો છે. સીપીઆઈ(એમ)ના રાજ્યસભા સાંસદ પી. સંતોષ કુમારે આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરતા કહ્યું છે કે આ માત્ર એક રાજકીય પ્રશ્ન નથી, પરંતુ દેશના કરોડો ભક્તોની આસ્થાનો વિષય છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે આ મામલે સ્પષ્ટતા કરવાની માંગ કરી છે.

મીડિયા અહેવાલો મુજબ, પી. સંતોષ કુમારે જણાવ્યું હતું કે ભારત અને વિદેશમાં વસતા લાખો રામ ભક્તોએ મંદિર નિર્માણ માટે ઉદાર હાથે દાન આપ્યું છે. કુમારે સવાલ ઉઠાવતા કહ્યું, "આ દેશ શ્રદ્ધાળુઓનો દેશ છે. દેશ-વિદેશના હજારો લોકોએ જે નાણાં અને કિંમતી વસ્તુઓ દાનમાં આપી છે, તેનો હિસાબ પારદર્શક હોવો જોઈએ." તેમણે વધુમાં ઉમેર્યું કે આ વિવાદ શાસક પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચેનો નથી, પરંતુ તે શાસક પક્ષ વિરુદ્ધ સમગ્ર દેશનો મામલો છે.

સીપીઆઈ(એમ) સાંસદે નાણાકીય વ્યવહાર અંગે ગંભીર શંકાઓ વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, "એક સ્ત્રોત મુજબ દાનની રકમ ૨,૦૦૦ કરોડ રૂપિયા છે, જ્યારે એપ્લિકેશન બનાવનાર વ્યક્તિના જણાવ્યા અનુસાર આ રકમ ૪,૫૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ છે. તો આટલી મોટી રકમનો દુરુપયોગ કેવી રીતે થયો? દાનમાં મળેલી ચાંદી અને હીરા ક્યાં ગયા?" તેમણે આને કરોડો ભારતીયોની આસ્થા સાથેનો મોટો છેડા હોવાનું ગણાવ્યું હતું.દરમિયાન, અયોધ્યા પોલીસમાં આ મામલે ફરિયાદ પણ નોંધાઈ છે. ફૈઝાબાદ બાર એસોસિએશને મંદિર દાનમાં કથિત ગેરરીતિ અંગે ફરિયાદ નોંધાવી છે. બાર એસોસિએશનના પ્રમુખ કાલિકા પ્રસાદ મિશ્રાએ જણાવ્યું હતું કે વકીલોના વિરોધ પ્રદર્શન બાદ પોલીસે ચાર વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. આ મામલાની તપાસ અત્યંત ગંભીરતાથી કરવામાં આવી રહી છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ને તપાસ પૂર્ણ કરવા માટે ૧૫ દિવસનો વધારાનો સમય આપવામાં આવ્યો છે.આ વિવાદ ૨૫ જૂનના રોજ નોંધાયેલી એફઆઈઆર બાદ વધુ વકર્યો હતો. આ ઘટનાની નૈતિક જવાબદારી સ્વીકારીને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. મીડિયા અહેવાલ મુજબ, પોલીસ આ સમગ્ર પ્રકરણમાં મુખ્ય વ્યક્તિઓના નિવેદનો પણ નોંધી રહી છે.

રામ મંદિર નિર્માણ સમગ્ર દેશ માટે ગૌરવનો વિષય છે, પરંતુ તેમાં સામે આવેલી નાણાકીય અનિયમિતતાની વાતોએ સામાન્ય ભક્તોમાં પણ રોષ જગાવ્યો છે. હવે જોવાનું એ રહે છે કે વડાપ્રધાન આ મામલે કોઈ પ્રતિક્રિયા આપે છે કે કેમ. સીપીઆઈ(એમ) સહિતના વિરોધ પક્ષો હવે આ મુદ્દાને લઈને સરકાર પર દબાણ બનાવી રહ્યા છે, જ્યારે તપાસ એજન્સીઓ સત્ય બહાર લાવવા માટે મથામણ કરી રહી છે. આ સમગ્ર ઘટનાક્રમ ભવિષ્યમાં રાજ્યના રાજકારણ પર અને મંદિર ટ્રસ્ટની વિશ્વસનીયતા પર મોટી અસર પાડી શકે તેમ છે.

## રામ મંદિર દાન ચોરી મામલે કેજરીવાલના PM પર આકરા પ્રહાર

નવી દિલ્હી: આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે રામ જન્મભૂમિ મંદિર દાન ચોરીના મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ગંભીર આક્ષેપો કર્યા છે. ગુરુવારે પત્રકારો સાથેની વાતચીતમાં કેજરીવાલે વડાપ્રધાનની સરખામણી મહાભારતના પાત્ર 'ધૃતરાષ્ટ્ર' સાથે કરતા કહ્યું કે, ઈન્ટેલિજન્સ બ્યુરો તરફથી સતત ચેતવણીઓ મળતી હોવા છતાં વડાપ્રધાને આંખ આડા કાન કર્યા હતા અને આ સમગ્ર મામલાને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. કેજરીવાલે સવાલ ઉઠાવ્યો કે, "શું આ દાન ચોરીના કેસમાં પ્રભાવશાળી લોકોને પકડવામાં આવશે? હું એમ નથી કહેતો કે નાણાં વડાપ્રધાન સુધી પહોંચ્યા છે, પરંતુ ઘટનાક્રમ દર્શાવે છે કે તેમણે આ બાબતને દબાવવામાં કોઈ કસર છોડી નથી." તેમણે દાવો કર્યો કે વડાપ્રધાને પોતે આ ટ્રસ્ટની રચના કરી હતી અને તેમાં તેમના નજીકના લોકો સામેલ છે. કેજરીવાલે ઉમેર્યું કે, "વડાપ્રધાન દેશના દરેક મતદાન મથક પર કોનું મત કાપવું તે જાણે છે, પરંતુ શું તેમને આટલા લાંબા સમયથી ચાલી રહેલી ચોરીની જાણ નહોતી? ઈન્ટેલિજન્સ બ્યુરોએ વડાપ્રધાનને ઘણી વખત માહિતી આપી હતી, પરંતુ તેઓ ધૃતરાષ્ટ્ર બનીને બેસી રહ્યા."આપ નેતાએ મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી જમીન ખરીદીમાં મોટા પાયે અનિયમિતતાનો આક્ષેપ લગાવ્યો છે. કેજરીવાલના મતે, ૨ કરોડ રૂપિયાની કિંમતની જમીન તેમના પક્ષ સાથે જોડાયેલા વ્યક્તિને વેચવામાં આવી અને ૧૦ મિનિટમાં જ તે જ જમીન ટ્રસ્ટને ૧૮ કરોડમાં વેચવામાં આવી. આવી જ રીતે ૯ કરોડની જમીન ૫૫ કરોડમાં વેચાઈ. આમ, ટ્રસ્ટે ૧૪ કરોડની જમીન માટે ૯૫ કરોડ ચૂકવ્યા હોવાનો દાવો કેજરીવાલે કર્યો છે.

## દિલ્હીની હોસ્પિટલોમાં સુવિધા સુધારવા હાઈકોર્ટનો મહત્વનો આદેશ અપાયો

નવી દિલ્હી: રાષ્ટ્રીય રાજધાનીમાં જાહેર આરોગ્ય સેવાઓની સ્થિતિ સુધારવા અને દર્દીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે દિલ્હી હાઈકોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે દિલ્હી સરકારને આદેશ આપ્યો છે કે તેઓ તેમની નવી અમલી બનાવવામાં આવેલી નેક્સ્ટ-જેન ઈ-હોસ્પિટલ મેનેજમેન્ટ સિસ્ટમ અને દિલ્હી આઈસીયુ બેડ્સ સારથી મોબાઈલ એપનું લાઈવ પ્રદર્શન કોર્ટ સમક્ષ રજૂ કરે. આ સાથે જ કોર્ટે દિલ્હી સ્ટેટ કેન્સર ઈન્સ્ટિટ્યૂટમાં લાખોના મોંઘા તબીબી ઉપકરણો તાલીમબદ્ધ કર્મચારીઓના અભાવે ધૂળ ખાઈ રહ્યા હોવાની ગંભીર નોંધ લીધી છે, જેને કારણે કેન્સરના દર્દીઓની સારવારમાં વિલંબ થઈ રહ્યો છે. ન્યાયમૂર્તિ પ્રતિભા એમ. સિંહ અને ન્યાયમૂર્તિ મનમીત પ્રિતમ સિંહ અરોરાની ડિવિઝન બેન્ચે દિલ્હીમાં આરોગ્ય સુવિધાઓ સંબંધિત જાહેર હિતની અરજીઓની સુનાવણી દરમિયાન આ મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતા. સુનાવણી દરમિયાન દિલ્હી સરકાર વતી એક સ્ટેટસ એફિડેવિટ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં જણાવાયું છે કે નેક્સ્ટ-જેન ઈ-હોસ્પિટલ મેનેજમેન્ટ સિસ્ટમ શહેરની ૩૮ સરકારી હોસ્પિટલોમાં સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે. આ ડિજિટલ પ્લેટફોર્મનો હેતુ હોસ્પિટલના વહીવટ અને દર્દીઓની સંભાળમાં સુધારો કરવાનો છે.

# News Brief

## તમિલનાડુમાં મોટો રાજકીય ફેરબદલ, અન્નાદ્રમુકના દિગ્ગજ નેતાઓ ટીવીકેમાં જોડાયા



મહાબલીપુરમ: તમિલનાડુના રાજકારણમાં ગુરુવારે એક મોટો વળાંક જોવા મળ્યો હતો, જ્યારે ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (અન્નાદ્રમુક) ના અનેક દિગ્ગજ નેતાઓ અને પૂર્વ ધારાસભ્યોએ સત્તાવાર રીતે તમિલગ વેત્રી કઝગમ (ટીવીકે) માં પ્રવેશ કર્યો હતો. મહાબલીપુરમની એક ખાનગી હોટલમાં આયોજિત ભવ્ય કાર્યક્રમમાં આ નેતાઓએ પક્ષપલટો કરતા રાજ્યના રાજકીય સમીકરણોમાં મોટી હલચલ મચી ગઈ છે.

ટીવીકેમાં જોડાયેલા નેતાઓમાં પૂર્વ અન્નાદ્રમુક મંત્રીઓ સી. વિજયભાસ્કર, એમ. આર. વિજયભાસ્કર, એમએસએમ આનંદન અને વલારમથીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પુડુકોટ્ટાઈ, પેરમ્બલુર અને ઓરથનાડુના જિલ્લા સચિવો તેમજ તિરુચિરાપલ્લીના પૂર્વ ડેપ્યુટી મેયર શ્રીનિવાસન પણ ટીવીકેમાં જોડાયા છે. પક્ષપલટો કરનારા પૂર્વ ધારાસભ્યોમાં શ્રીવિલીપુથુરના માનરાજ, કુંભકોણમના રામકુમાર, તિરુચુલીના રાજવર્મન અને પરમાકુડીના સાધન પ્રભાકર સહિત અનેક નેતાઓના નામ સામેલ છે. પક્ષમાં પ્રવેશ દરમિયાન મંત્રી અને અન્નાદ્રમુકના પૂર્વ નેતા સેંગોટ્ટિયનએ કહ્યું, "જ્યારે મને મારા પક્ષમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો ત્યારે અમારા નેતાએ મને મંત્રી બનાવ્યો. જેમને કોઈ રસ્તો નથી, તેમના માટે અમારા નેતા એક માર્ગ છે." તેમણે અન્નાદ્રમુક પર પ્રહાર કરતા કહ્યું કે જ્યારે અન્નાદ્રમુક પોતાના દુશ્મન પક્ષ સાથે ગઠબંધન કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે કાર્યકરોને દુઃખ થયું હતું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના નેતા કાયમી મુખ્યમંત્રી છે.

## રામ મંદિર દાન ચોરી મામલે મુખ્ય આરોપી અવિનાશ શુક્લાના રિમાન્ડ પર સુનાવણી

અયોધ્યા: શ્રી રામ જન્મભૂમિ મંદિર દાનમાં થયેલી કથિત ચોરી અને આર્થિક ગેરરીતિના કેસમાં તપાસ તેજ બની છે. આ કેસના મુખ્ય આરોપીઓમાંના એક અવિનાશ શુક્લાના પોલીસ રિમાન્ડ માટે ઉત્તર પ્રદેશ પોલીસે કરેલી અરજી પર આજે મહત્વની સુનાવણી યોજાઈ રહી છે. પોલીસ આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવા અને કાવતરામાં સામેલ અન્ય પાસાઓને બહાર લાવવા માટે આરોપીની પૂછપરછ કરવા માંગે છે. થોડા દિવસો પહેલા, સીઓ આશુતોષ કુમારના નેતૃત્વમાં એક ટીમ અયોધ્યામાં અવિનાશ શુક્લાના નિવાસસ્થાને પહોંચી હતી અને પુરાવા એકત્રિત કરવા માટે પૂછપરછ હાથ ધરી હતી. આ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ને તપાસ પૂર્ણ કરવા માટે ૧૫ દિવસનો વધારાનો સમય આપવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ વધારાનો સમય તપાસનો વ્યાપ વધારવા અને આ આર્થિક ગોટાળા સાથે જોડાયેલા દરેક પાસાની ઝીણવટભરી તપાસ કરવા માટે આપવામાં આવ્યો છે, જેથી કોઈ પણ ગુનેગાર બચી ન શકે.સરકારના નિર્દેશ પર આ કેસમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એફઆઈઆરમાં અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, ટીન્નુ યાદવ, મનીષ યાદવ અને અન્યના નામ સામેલ છે. અયોધ્યાના પૂર્વ સપા ધારાસભ્ય પવન પાંડેએ દાનમાં ૭ થી ૭.૫ કરોડ રૂપિયાની ઉચાપત થયાનો ગંભીર આરોપ લગાવ્યા બાદ આ સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

ગયા ૨૯ જૂનના રોજ અયોધ્યાની અદાલતે આ કેસમાં તમામ આરોપીઓને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા. મંદિર દાનમાં થયેલી આ નાણાકીય અનિયમિતતાઓ બાદ ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું આપી દીધું છે. પોલીસ અત્યાર સુધી ચંપત રાયના નિવેદન નોંધી ચૂકી છે, જ્યારે જરૂર પડ્યે અનિલ મિશ્રા સહિત ટ્રસ્ટના અન્ય વરિષ્ઠ હોદ્દેદારોના નિવેદનો પણ લેવામાં આવશે.શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા વારંવાર સ્પષ્ટતા કરવામાં આવી છે કે તેઓ આ કેસની નિષ્પક્ષ તપાસ માટે સંપૂર્ણ સહયોગ આપવા અને ભક્તોની આસ્થાનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે. રામ મંદિર નિર્માણ સમગ્ર દેશ માટે આસ્થાનું કેન્દ્ર છે, તેથી આ કેસમાં કડક તપાસ અને સત્ય બહાર લાવવું એ અત્યંત આવશ્યક છે. આજના રિમાન્ડ સુનાવણીના પરિણામ પર તમામની નજર ટકેલી છે, કારણ કે આરોપીના રિમાન્ડ મળવાથી તપાસ એજન્સીઓને કૌભાંડના મૂળ સુધી પહોંચવામાં ઘણી મદદ મળી શકે તેમ છે.

## મંત્રીઓ સાથે ખુલ્લી ચર્ચા કરવા જતા અટવાયા નેતા

# તેલંગાણામાં બીઆરએસ નેતાઓની અટકાયત, મંત્રીઓ સાથેની ચર્ચા પહેલા વિવાદ

હૈદરાબાદ: તેલંગાણાના રાજકારણમાં ગુરુવારે ભારે ગરમાવો જોવા મળ્યો હતો. ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) ના નેતાઓ, જેમાં પૂર્વ મંત્રી ટી. હરીશ રાવનો પણ સમાવેશ થાય છે, તેમને પોલીસે તેલંગાણા ભવન ખાતેથી નિવારક અટકાયતમાં લીધા હતા. આ નેતાઓ રાજ્યના મંત્રીઓ સાથે નિર્ધારિત ચર્ચા કરવા માટે ગન પાર્ક તરફ જઈ રહ્યા હતા, તે દરમિયાન પોલીસે તેમને અટકાવ્યા હતા.પોલીસે હરીશ રાવ અને અન્ય બીઆરએસ નેતાઓને એક ડીસીએમ વાહનમાં બેસાડીને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. બીઆરએસના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે તેમને કયા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી રહ્યા છે, તેની કોઈ જાણકારી આપવામાં આવી ન હતી. નોંધનીય છે કે, આ ચર્ચા ગુરુકુળ શૈક્ષણિક સંસ્થાઓમાં કથિત ભ્રષ્ટાચારના મુદ્દાઓ પર થવાની હતી, જેમાં કોંગ્રેસના મંત્રીઓ અને ધારાસભ્યો પણ ગન પાર્ક પહોંચ્યા હતા.આ સમગ્ર વિવાદની શરૂઆત બીઆરએસના કાર્યકારી અધ્યક્ષ કે. ટી. રામારાવ (કેટીઆર) દ્વારા મુખ્યમંત્રી રેવંત રેડ્ડીને આપવામાં આવેલા પડકારથી થઈ હતી. મુખ્યમંત્રીએ તેલંગાણાને 'નાદાર રાજ્ય' ગણાવતા આપેલા નિવેદન બાદ કેટીઆર ભડક્યા હતા. તેમણે કોંગ્રેસ સરકારની વહીવટી નિષ્ફળતાઓ, ખેડૂતોની કફોડી હાલત અને રાજ્યની એકંદર શાસન વ્યવસ્થા પર ખુલ્લી ચર્ચા કરવાનો પડકાર ફેંક્યો હતો. કેટીઆરે મુખ્યમંત્રીને પડકાર ફેંકતા કહ્યું હતું કે, "જો રેવંત રેડ્ડીમાં હિંમત હોય તો સમય, સ્થળ અને વિષય તેઓ નક્કી કરે, હું ત્યાં હાજર રહીશ." એટલું જ નહીં, કેટીઆરે જાહેરાત કરી હતી કે જો તેઓ તથ્યો અને પુરાવા સાથે કોંગ્રેસ સરકારની નિષ્ફળતાઓને ખુલ્લી પાડવામાં નિષ્ફળ જશે.

## પોલીસ અત્યાચાર સામે પૂર્વ મુખ્યમંત્રીનો આક્રોશ

# આંધ્રમાં જંગલ રાજ હોવાનો જગન મોહન રેડ્ડીનો સરકાર પર આરોપ

વિજયવાડા: આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને વાયએસઆરસીપીના અધ્યક્ષ વાય. એસ. જગન મોહન રેડ્ડીએ રાજ્યની વર્તમાન સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. ગુરુવારે તેઓ પેરપોગુ ક્રાંતિ કુમાર નામના ટેક્સી ચાલકના પરિવારને મળવા પહોંચ્યા હતા, જેણે કથિત રીતે પોલીસના અત્યાચારથી કંટાળીને જીવન ટૂંકાવી લીધું હતું. આ મુલાકાત બાદ મીડિયા સાથે વાત કરતા જગન મોહન રેડ્ડીએ રાજ્યમાં 'જંગલ રાજ' હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો અને પોલીસની ભૂમિકા અંગે અનેક સવાલો ઉઠાવ્યા હતા.જગન મોહન રેડ્ડીએ રાજ્યની કથળતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે બે તાજેતરની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો–એક પોલીસ કસ્ટડીમાં થયેલું મૃત્યુ અને બીજી ટેક્સી ચાલકની આત્મહત્યા. આ બંને ઘટનાઓ રાજ્યમાં પોલીસના વધતા જતા અત્યાચારનું પ્રતિબિંબ હોવાનું તેમણે જણાવ્યું હતું. મીડિયા અહેવાલો મુજબ, રેડ્ડીએ તીખા શબ્દોમાં કહ્યું હતું કે, "જંગલ રાજ શબ્દ બિહાર જેવા રાજ્યો માટે નહીં, પરંતુ આજે ચંદ્રબાબુ નાયડુના શાસન હેઠળના આંધ્રપ્રદેશ માટે વાપરવો જોઈએ. શહેરમાં જે પ્રકારના અત્યાચાર થઈ રહ્યા છે, તે રાજ્યની નિષ્ફળ ગયેલી કાયદો અને વ્યવસ્થાને દર્શાવે છે."

પૂર્વ મુખ્યમંત્રીએ આ સમગ્ર પ્રકરણમાં કોઈ મોટી સાજીશ હોવાની આશંકા વ્યક્ત કરી છે. તેમણે આરોપ લગાવ્યો કે પોલીસ સ્ટેશનના મહત્વના વીડિયો ફૂટેજ ગાયબ છે, જે આ કેસમાં મોટા ષડયંત્ર તરફ ઈશારો કરે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં પ્રશ્ન કર્યો કે, "શા માટે મુખ્યમંત્રી આટલા ગંભીર વિષય પર મૌન છે? પોલીસનો ઉપયોગ કરીને જે રીતે ઘટનાઓને દબાવવામાં આવી રહી છે, તે અત્યંત શરમજનક છે." તેમણે આ મામલે પોલીસની નિષ્ક્રિયતા સામે કડક પગલાં લેવાની માંગ કરી છે.

## ઈલેક્ટ્રિક વાહનો ખરીદવા પર મળશે મોટું પ્રોત્સાહન

# દિલ્હીમાં સામાન્ય માનવી માટે આર્થિક ફાયદાકારક નવી ઈવી પોલિસી

નવી દિલ્હી: દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ ગુરુવારે રાજ્યની નવી 'દિલ્હી ઈલેક્ટ્રિક વાહન પોલિસી ૨૦૨૬' અંગે મહત્વની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે આ નીતિ માત્ર પર્યાવરણને શુદ્ધ રાખવા માટે નથી, પરંતુ તે સામાન્ય નાગરિકોના આર્થિક ભલા માટે તૈયાર કરવામાં આવી છે. આ નવી પહેલ હેઠળ વાહનોની ખરીદ કિંમત ઘટાડવા અને તેની જાળવણી ખર્ચમાં રાહત આપવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક વાહન ખરીદતા પહેલા લોકોના મનમાં સૌથી મોટો પ્રશ્ન એ હોય છે કે શું તેનાથી નાણાંની બચત થશે? નવી પોલિસી આ પ્રશ્નનો સકારાત્મક ઉત્તર આપે છે. આ નીતિમાં ખરીદી માટે પ્રોત્સાહન, જૂના પ્રદૂષણ ફેલાવતા વાહનોને ભંગારમાં આપવા પર બોનસ, લાઈફટાઈમ રોડ ટેક્સમાંથી મુક્તિ અને રજિસ્ટ્રેશન ફીમાં રાહત જેવા અનેક લાભોનો સમાવેશ થાય છે. પરિણામે, મધ્યમ અને નીચલી આવક ધરાવતા પરિવારો માટે ઈલેક્ટ્રિક વાહન એક સમજદારીભર્યો આર્થિક વિકલ્પ બની રહેશે. આ પોલિસી હેઠળ અલગ-અલગ વાહન શ્રેણીઓ માટે આકર્ષક લાભો જાહેર કરવામાં આવ્યા છે:ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર: લાભાર્થીઓને ૩૦,૦૦૦ રૂપિયા સુધીનું ખરીદી પ્રોત્સાહન અને ૧૦,૦૦૦ રૂપિયાનું સ્ક્રેપિંગ પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત રોડ ટેક્સ અને રજિસ્ટ્રેશન ફી માફ થવાથી કુલ ૫૦,૦૦૦ રૂપિયાથી વધુની બચત થશે.ઈલેક્ટ્રિક ઓટો-રિક્ષા (L-5 શ્રેણી): ૫૦,૦૦૦ રૂપિયા સુધીનું ખરીદી પ્રોત્સાહન અને ૨૫,૦૦૦ રૂપિયાનું સ્ક્રેપિંગ બોનસ મળશે. આમ, ટેક્સ લાભ સિવાય ૭૫,૦૦૦ રૂપિયાથી વધુની બચત શક્ય બનશે.ઈલેક્ટ્રિક N-1 ગુડ્સ કેરિયર: વેપારીઓ અને ડિલિવરી પાર્ટનર્સ માટે આ એક મોટી રાહત છે. આમાં ૧ લાખ રૂપિયા સુધીનું પ્રોત્સાહન અને ૫૦,૦૦૦ રૂપિયાનું સ્ક્રેપિંગ બોનસ મળીને ૧.૫૦ લાખ રૂપિયા સુધીની પ્રારંભિક બચત થશે.

# અયોધ્યામાં રામ મંદિર દાન ચોરી મામલે ટ્રસ્ટના હોદ્દેદારો સામે ફરિયાદ

અયોધ્યા: રામ મંદિર નિર્માણ માટે એકત્રિત કરાયેલા દાનમાં કથિત ગેરરીતિનો મામલો વધુ ગંભીર બન્યો છે. ગુરુવારે ફૈઝાબાદ બાર એસોસિએશને રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય, પૂર્વ ટ્રસ્ટી અનિલ મિશ્રા અને વહીવટકર્તા ગોપાલ રાવ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. વકીલોએ આ મામલે કડક કાનૂની કાર્યવાહીની માંગ સાથે વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું.ફૈઝાબાદ બાર એસોસિએશને ફરિયાદ નોંધાવતા પહેલા બાર એસોસિએશન હોલમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. ત્યારબાદ વકીલોનો સમૂહ પોલીસ સ્ટેશન તરફ કૂચ કરવા નીકળ્યો હતો. રસ્તામાં પોલીસે તેમને અટકાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં વકીલો પોતાની માંગ પર અડગ રહ્યા હતા. બાર એસોસિએશનના પ્રમુખ કાલિકા પ્રસાદ મિશ્રાએ જણાવ્યું હતું કે, "અમે હવે એવા વળાંક પર છીએ કે જ્યાંથી પાછા હટી શકીએ તેમ નથી. પોલીસને અમારી ફરિયાદ મળી ગઈ છે અને અમને આશ્વાસન મળ્યું છે કે ટૂંક સમયમાં એફઆઈઆર નોંધવામાં આવશે."કાલિકા પ્રસાદ મિશ્રાએ વધુમાં જણાવ્યું હતું કે આ ફરિયાદમાં નવા તથ્યોને આધારે નવી એફઆઈઆર નોંધવાની માંગ કરવામાં આવી છે. આટલું જ નહીં, બાર એસોસિએશને આ આર્થિક અનિયમિતતાઓની ઊંડી તપાસ માટે સીબીઆઈ તપાસની પણ માંગ કરી છે. જો આ ફરિયાદ પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહીં આવે તો કાયદાકીય માર્ગ અપનાવવાની તૈયારી પણ વકીલોએ દર્શાવી છે.બીજી તરફ, ઉત્તર પ્રદેશ ભાજપના પ્રમુખ પંકજ ચૌધરીએ જણાવ્યું છે કે યોગી આદિત્યનાથ સરકાર આ મામલે અત્યંત ગંભીર છે. ગેરરીતિની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ને ૧૫ દિવસનો વધારાનો સમય આપવામાં આવ્યો છે જેથી તપાસનો વ્યાપ વધારી શકાય અને તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ થઈ શકે. સરકારી અધિકારીઓનું કહેવું છે કે કોઈ પણ દોષિતને છોડવામાં આવશે નહીં.આ વિવાદ ૨૫ જૂનના રોજ નોંધાયેલી પ્રથમ એફઆઈઆર બાદ ચર્ચામાં આવ્યો હતો.

# NFR એ સંત્રાગાછી-નાહરલાગુન સ્પેશિયલ ટ્રેન લંબાવી મુસાફરોની ભીડ ઓછી કરવા માટે

માલીગાંવ, 2 જુલાઈ

મુસાફરોની વધારાની ભીડ ઓછી કરવા માટે, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ હાલના દિવસો, સમય, સ્ટોપેજ અને કોચ રચના સાથે એક ખાસ ટ્રેનની સેવાઓ લંબાવવાનો નિર્ણય લીધો છે. ટ્રેન નંબર 08047/08048 (સંત્રાગાછી-નાહરલાગુન-સંત્રાગાછી) સ્પેશિયલ ટ્રેન 03 જુલાઈથી 01 ઓગસ્ટ, 2026 સુધી દરેક દિશામાં વધુ 05 ટ્રીપ માટે લંબાવવામાં આવી છે. આ ખાસ ટ્રેનનું વિસ્તરણ પશ્ચિમ બંગાળ, આસામ અને અરુણાચલ પ્રદેશ વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને વધુ કનેક્ટિવિટી અને વધારાની મુસાફરી સુવિધા પ્રદાન કરશે.



તદનુસાર, ખાસ ટ્રેન નં. ૦૮૦૪૭ (સંત્રાગાચી - નાહરલગુન) ૩ જુલાઈથી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી દર શુક્રવારે સાંજે ૬:૦૦ વાગ્યે સંત્રાગાચીથી ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૮:૫૦ વાગ્યે નાહરલગુન પહોંચશે. પરત ફરતી વખતે, ખાસ ટ્રેન નં. ૦૮૦૪૮ (નહરલગુન - સાંત્રાગાચી) ૪ જુલાઈથી ૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી દર શનિવારે રાત્રે ૮:૫૫ વાગ્યે નાહરલગુનથી ઉપડશે અને સોમવારે સવારે ૮:૧૫ વાગ્યે સાંત્રાગાચી પહોંચશે.

આ ટ્રેન સેવાઓના વિસ્તરણથી આ દિશામાં દોડતી અન્ય ટ્રેનોના રાહ જોવામાં આવતા મુસાફરોને લાભ થશે. આ ટ્રેનોના સ્ટોપેજ અને સમયની વિગતો IRCTC વેબસાઈટ પર ઉપલબ્ધ છે અને N. F. રેલ્વેના વિવિધ અખબારો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ સૂચિત કરવામાં આવી રહી છે. મુસાફરોને વિનંતી છે કે તેઓ તેમની મુસાફરી શરૂ કરતા પહેલા વિગતો ચકાસે. ઉત્તર પૂર્વ સીમાંત રેલવે (NFR) એ મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને એક મહત્વનો નિર્ણય લીધો છે. મુસાફરોની સુવિધામાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે, રેલવે પ્રશાસને સંત્રાગાછી-નાહરલાગુન-સંત્રાગાછી સ્પેશિયલ ટ્રેન (નંબર ૦૮૦૪૭/૦૮૦૪૮) ની સેવાઓને લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ ટ્રેનને હાલના સમયપત્રક, સ્ટોપેજ અને કોચ રચના સાથે આગામી સમય માટે લંબાવવામાં આવી છે.રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ ખાસ ટ્રેન સેવાઓ ૩ જુલાઈથી ૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી દરેક દિશામાં વધુ ૫ વધારાની ટ્રીપ માટે લંબાવવામાં આવી છે. આ નિર્ણયથી પશ્ચિમ બંગાળ, આસામ અને અરુણાચલ પ્રદેશ વચ્ચે મુસાફરી કરતા હજારો મુસાફરોને મોટી રાહત મળશે અને કનેક્ટિવિટીમાં સુધારો થશે. રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર, જે મુસાફરો અન્ય ટ્રેનોમાં લાંબી વેઈટિંગ લિસ્ટને કારણે પરેશાન હતા, તેમને આ સ્પેશિયલ ટ્રેન સેવાઓથી ઘણો લાભ થશે.

## હવે વાલીઓએ આપવો પડશે સાથ ! CBSEનો નવો નિયમ, 2026-27 માટે નવું પેરેન્ટિંગ કેલેન્ડર લોન્ચ

નવી દિલ્હી: કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા નવા શૈક્ષણિક સત્ર 2026-27 માટે 'પેરેન્ટિંગ કેલેન્ડર' લોન્ચ કરવામાં આવ્યું છે. આ નવી પહેલનો મુખ્ય હેતુ બાળકોને માત્ર ભણતર પૂરતા સીમિત રાખવાનો નથી, પરંતુ તેમનો માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ પણ મજબૂત કરવાનો છે. બોર્ડનું માનવું છે કે જ્યારે શાળા અને પરિવાર બંને સાથે મળીને બાળકો માટે કામ કરશે, ત્યારે તેમનો આત્મવિશ્વાસ વધશે અને શીખવાની ક્ષમતા પણ વધુ સારી બનશે.સીબીએસઈના જણાવ્યા મુજબ, આ પેરેન્ટિંગ કેલેન્ડરની શરૂઆત સત્ર 2025-26માં કરવામાં આવી હતી. તે સમયે શાળાઓ, શિક્ષકો અને વાલીઓ તરફથી આ આયોજનને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. વાલીઓ અને શિક્ષકો પાસેથી મળેલા તે જ ફીડબેકને ધ્યાનમાં રાખીને આ વખતે કેલેન્ડરમાં ઘણા મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે, જેથી આ કેલેન્ડર વાલીઓ માટે વધુ ઉપયોગી અને સરળ બની શકે. નવા કેલેન્ડરમાં એવી ઘણી બધી એક્ટિવિટી સામેલ કરવામાં આવી છે, જેમાં વાલીઓએ પોતે ઉત્સાહપૂર્વક ભાગ લેવો પડશે. આ પ્રવૃત્તિઓનો અસલી હેતુ બાળકોના ભણતરની સાથે તેમની વર્તણૂક, માનસિક સ્વાસ્થ્ય, આત્મવિશ્વાસ અને સામાજિક કૌશલ્યને સુધારવાનો છે. શિક્ષણ બોર્ડ ઈચ્છે છે કે માતા-પિતા માત્ર પરીક્ષા કે રિઝલ્ટના સમયે જ નહીં, પરંતુ આખું વર્ષ બાળકોની શીખવાની આ પ્રક્રિયામાં તેમની સાથે જોડાયેલા રહે.આ વખતના કેલેન્ડરમાં બદલાતા શૈક્ષણિક વાતાવરણ અનુસાર બાળકોને તૈયાર કરવા જેવા વિષયો ઉમેરાયા છે. આ ઉપરાંત, અલગ-અલગ ક્ષમતા ધરાવતા (દિવ્યાંગ કે વિશેષ) બાળકોની જરૂરિયાતોને સમજવા અને તેમને વધુ સારો સહયોગ આપવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. વાલીઓ પોતાના બાળકોની જરૂરિયાતોને વધારે સારી રીતે સમજી શકે તે માટે શાળાઓમાં ખાસ વર્કશોપ અને જાગૃતિ કાર્યક્રમો યોજવાની પણ સલાહ આપવામાં આવી છે.બોર્ડે પોતાની સાથે જોડાયેલી તમામ શાળાઓને આદેશ આપ્યો છે કે તેઓ આ પેરેન્ટિંગ કેલેન્ડરનો નિયમિત અમલ કરે અને તેમાં આપેલી પ્રવૃત્તિઓ આખા શૈક્ષણિક સત્ર દરમિયાન સ્કૂલમાં યોજતા રહે. બોર્ડનું કહેવું છે કે આનાથી શાળા અને વાલીઓ વચ્ચેનો સંવાદ મજબૂત થશે. આજના સમયમાં બાળકો સામે ભણતર સિવાય પણ ઘણા પડકારો છે, તેથી જો પરિવાર અને શાળા સાથે મળીને કામ કરશે તો બાળકોને દરેક સ્તરે યોગ્ય સપોર્ટ મળી રહેશે.

# સિટી એક્સપ્રેસ

FRIDAY 03 JULY-2026

AHMEDABAD






# મેનેજરે પુત્ર અને પુત્રવધૂ સાથે મળીને ઠગાઈ આચરી

અમદાવાદ | અમદાવાદમાં રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા વૃદ્ધ વેપારીને પાણીની બોટલ બનાવવાનો નવો ધંધો શરૂ કરવા અને તેમાં 50 ટકા નફાની ભાગીદારીની લાલચ આપી 1.55 કરોડથી વધુની રકમ પડાવી છે. આ છેતરપિંડી આચરનાર અન્ય કોઈ નહીં પરંતુ વેપારીની જ ઓફિસના કોમ્પ્લેક્ષમાં છેલ્લા 10 વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતા શખ્સે પોતાના પુત્ર અને પત્ની સાથે મળીને કરી હતી જે અંગે EOWએ ફરિયાદ નોધી તપાસ હાથ ધરી છે.

શેલામાં રહેતા અને રિયલ એસ્ટેટનો ધંધો કરતા 60 વર્ષીય પરેશભાઈ પ્રમુખભાઈ પટેલ સાથે આ છેતરપિંડી થઈ છે. તેમની સાથે છેતરપિંડી કરનાર અન્ય કોઈ નહીં પણ તેમની જ ઓફિસના કોમ્પ્લેક્ષમાં છેલ્લા 10 વર્ષથી મેનેજર તરીકે નોકરી કરતા સંદીપભાઈ ચંદ્રકાંતભાઈ પરીખ, તેમનો પુત્ર ઉજાસ સંદીપભાઈ પરીખ અને ઉજાસની પત્ની અમીબેન પરીખ છે. સંદીપભાઈ અને તેમના પુત્ર ઉજાસે પરેશભાઈને સારસ ફૂડ એન્ડ બેવરેજીસ નામના પાણીની બોટલો બનાવવાના ધંધામાં રોકાણ કરવા લાલચ આપી હતી.

તેમણે સીડલ કંપનીનું 1,14,60,000નું નવું પેટ બ્લોઈંગ મશીન ખરીદવાની વાત કરી, 50 ટકા નફાની ભાગીદારી નક્કી કરી હતી. ત્યારબાદ એપ્રિલ 2023થી જુલાઈ 2024 દરમિયાન પરેશભાઈ અને તેમના પત્ની પાસેથી ચેક અને બેંક ટ્રાન્સફર મારફતે રૂપિયા 1,47,00,000 અને ફેક્ટરીના મેઈન્ટેનન્સ પેટે રોકડા 8,12,394 સહિત કુલ 1.55 કરોડ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી.



# માંજલપુર વિધાનસભા સીટની પેટાચૂંટણી જાહેર

## 30મીએ વોટિંગ અને 3 ઓગસ્ટે રિઝલ્ટ; યોગેશ પટેલના નિધનથી ખાલી પડી છે સીટ

ગાંધીનગર | વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક માટે ચૂંટણીપંચે પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલના નિધન બાદ ખાલી પડેલી બેઠક માટે હવે ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 6 જુલાઈ, 2026ના રોજ નોટિફિકેશન પ્રસિદ્ધ થશે. આ સાથે ચૂંટણી પ્રક્રિયાનો ઔપચારિક પ્રારંભ થશે. ત્યાર બાદ 30 જુલાઈ, 2026ના રોજ મતદાન અને 3 ઓગસ્ટે પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા 4 ઓગસ્ટ સુધી પૂર્ણ કરવામાં આવશે.

13 જુલાઈ સુધી ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ રહેશે. ત્યારબાદ 14 જુલાઈએ ઉમેદવારીપત્રોની ચકાસણી (સ્ક્રુટિની) હાથ ધરાશે, જ્યારે 16 જુલાઈ ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થયા બાદ ચૂંટણી પ્રચાર તેજ બનશે.

હવે આ બેઠક પર યોજાનારી પેટાચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષોમાં ઉમેદવારની પસંદગી અને ચૂંટણી રણનીતિને લઈને ચહલપહલ શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પંચ દ્વારા કાર્યક્રમ જાહેર થતાં જ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે અને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાનની તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી છે. હવે સૌની નજર ઉમેદવારોની જાહેરાત અને માંજલપુરમાં જામનારા ચૂંટણી જંગ પર કેન્દ્રિત થઈ છે. આ પહેલાં ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું 6 માર્ચ, 2026ના રોજ અવસાન થતાં બેઠક ખાલી પડી હતી. જોકે 5 મેના રોજ આવેલા પેટાચૂંટણીના પરિણામો બાદ તેમના પુત્ર હર્ષદ પરમારની જીત થઈ હતી.

આમ સભ્ય સંખ્યા 182 થઈ ગઈ હતી. પરંતુ આ પેટા ચૂંટણીના 27 દિવસમાં જ યોગેશ પટેલનું નિધન થતાં ફરી વિધાનસભા ખંડિત થઈ ગઈ હતી. આ ચૂંટણી માટે ભાજપમાંથી યોગેશ પટેલના ઉત્તરાધિકારી કોણ બનશે તેને લઈ ચર્ચાઓ ચાલી રહી છે. જેમાં ભાજપના વર્તમાન શહેર પ્રમુખ ડો. જયપ્રકાશ સોની અને પૂર્વ શહેર પ્રમુખ ડો. વિજય શાહના નામો પણ ચર્ચાઈ રહ્યા છે.જ્યારે કેટલાક લોકો આ બંનેને પ્રબળ દાવેદાર માની રહ્યા છે.

### પૂર્વ મેયર નિલેશ રાઠોડ અને પૂર્વ કોર્પોરેટર ઘનશ્યામ પટેલ પણ રેસમાં

સ્વ. યોગેશ પટેલના ખાસ વ્યક્તિઓમાં પૂર્વ મેયર નિલેશ રાઠોડનું નામ મોખરે છે. આ ઉપરાંત પૂર્વ કાઉન્સિલર ઘનશ્યામ પટેલ પણ યોગેશ પટેલના અંગત માનવામાં આવતા હતા. ત્યારે યોગેશ કાકાના ઉત્તરાધિકારી તરીકે આ બંને રાજકારણીઓના નામ પણ ચર્ચામાં જોવા મળી રહ્યા છે.

જોકે, આ ઉપરાંત મહિલાઓના નામ ઉપર પસંદગીનો કળાશ ઢોળાય તો મહિલા મોરચાના શહેર અધ્યક્ષ સ્નેહલ પટેલનું નામ પણ ચર્ચામાં જોવા મળી રહ્યું છે. જો યોગેશ પટેલની આસપાસના વર્તુળમાંથી નિમણુંક ન અપાય તો પૂર્વ ધારાસભ્ય જીતુ સુખડિયાના પુત્ર હિરેન સુખડીયા કે જેઓ હાલમાં જ કોર્પોરેટર તરીકે ચૂંટાયા છે તેઓનું નામ પણ ચર્ચામાં ચાલી રહ્યું છે.

જો કોઈ હોદ્દો ભોગવી ચૂકેલા હોદ્દેદારોની બાદબાકી થાય તો સત્યમ શિવમ સુન્દરમ, શિવજી કી સવારીમાં જેમ કાકાના ઉત્તરાધિકારી તરીકે કેડાઇના મયંક પટેલની પણ પસંદગી થઇ શકે છે તેવી ચર્ચા ચાલી રહી છે. જો કે હાલમાં સંગઠન શું વિચારી રહ્યું છે તેના ઉપર સૌની નજર છે. હજુ આગામી વિધાનસભાની ચૂંટણીને અંદાજે દોઢ વર્ષ જેટલો સમય છે, આગામી ડિસેમ્બર 2027માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે ત્યારે ત્યાં સુધીમાં આ બેઠક ઉપર કોઈ નવા નામની અપેક્ષા જોવા મળી રહી છે. વિધાનસભાની આ ટર્મમાં માંજલપુર વિધાનસભાના ઉમેદવાર તરીકે યોગેશ પટેલનું નામ અંતિમ ક્ષણે જાહેર કરવામાં આવ્યું હતું.

યોગેશ કાકા ભાજપે જાહેર કરેલા વાય મર્યાદાના નિયમમાં બંધ બેસતા ન હતા તેમ છતાં અંતિમ ક્ષણે તેઓના નામ ઉપર મહોર મારવામાં આવી હતી. આ ટર્મમાં યોગેશ કાકા સિવાય પૂર્વ સ્થાયી ચેરમેન ડો. હિતેન્દ્ર પટેલ, કે.પી.પટેલ, અને હિમાંશુ પટેલના નામો ચર્ચામાં હતા જેઓની ટિકિટ કાપી સીધી કાકાને ઉમેદવાર ઘોષિત કરવામાં આવ્યા હતા.

# દહેજ -દીકરાની માંગે યુવતીનું જીવન બનાવ્યું નર્ક

## આસપાસના લોકોને જાણ ન થાય તે માટે પતિ ડોક્ટર પત્નીને મોઢે કપડું બાંધી માર મારતો, પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ...




### 'બીજા લગ્ન કરવા પડશે' કહી ત્રાસ આપ્યો

'તું વંશને આગળ વધારી નહીં શકે, મારે બીજા લગ્ન કરવા પડશે' કહીને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. સાથે જ દહેજની માંગણી પણ કરવામાં આવતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

સાસરિયાઓનો ત્રાસ સહન કર્યા બાદ યુવતી પતિથી અલગ રહેવા લાગી હતી અને ફતેવાડી વિસ્તારમાં પોતાનું ક્લિનિક શરૂ કર્યું હતું. આ દરમિયાન અહેમદ ( નામ બદલ્યું છે) પોતાની બીજી પત્નીને લઈને યુવતીના ક્લિનિક બહાર પહોંચ્યો હતો. ત્યારે યુવતીએ પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા અહેમદ ( નામ બદલ્યું છે) ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

અમદાવાદ | અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહેતી એક મહિલા ડોક્ટરે પતિ સહિત છ સાસરિયાઓ સામે ઘરેલુ હિંસા અને દહેજની માંગણીની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે. પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, લગ્નના થોડા દિવસો બાદથી જ પતિ અને સાસરિયાઓ દ્વારા શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

ફરિયાદ મુજબ યુવતીના લગ્ન વર્ષ 2016માં અહેમદ ( નામ બદલ્યું છે) સાથે થયા હતા. લગ્નના દસ દિવસ બાદથી જ પતિએ મારઝૂડ શરૂ કરી દીધી હતી. પડોશીઓ સુધી અવાજ ન પહોંચે તે માટે તે યુવતીનું મોઢું કપડાથી બાંધીને માર મારતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. યુવતીએ બે દીકરીઓને જન્મ આપ્યા બાદ સાસરિયાઓ દ્વારા મેણાટોણા મારવાનું શરૂ કરવામાં આવ્યું હતું.

'તું વંશને આગળ વધારી નહીં શકે, મારે બીજા લગ્ન કરવા પડશે' કહીને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. સાથે જ દહેજની માંગણી પણ કરવામાં આવતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સાસરિયાઓનો ત્રાસ સહન કર્યા બાદ યુવતી પતિથી અલગ રહેવા લાગી હતી અને ફતેવાડી વિસ્તારમાં પોતાનું ક્લિનિક શરૂ કર્યું હતું. આ દરમિયાન અહેમદ ( નામ બદલ્યું છે) પોતાની બીજી પત્નીને લઈને યુવતીના ક્લિનિક બહાર પહોંચ્યો હતો. ત્યારે યુવતીએ પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા અહેમદ ( નામ બદલ્યું છે) ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ છે કે બંને દીકરીને ગેરકાયદે રીતે લઈ જવાના ઈરાદે સોસાયટીની આસપાસ પતિ આંટાફેરા કરતો હતો. વધુમાં તેણે ત્રણ વખત તલાકની નોટિસ મોકલી હતી, જેમાં યુવતીએ માત્ર એક વખત સ્વીકાર કર્યો હતો.લાંબા સમયથી ચાલતા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને અંતે યુવતીએ પતિ, સસરા અને અન્ય 4 સામે પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# મહિલાઓ અને બાળકો માટે ભયમુક્ત ડિજિટલ ઈકોસિસ્ટમ બનાવવા ગુજરાત પોલીસે શરૂ કર્યું

### ૨૮ દિવસીય રાજ્યવ્યાપી અભિયાન હેઠળ મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે સાયબર સેફ્ટી, જાગૃતિ અને ટેક્નોલોજી આધારિત પોલીસિંગ પર ધ્યાન કેન્દ્રિત કરાશે

ગાંધીનગર | રાજ્યમાં મહિલાઓ અને બાળકો ન માત્ર રસ્તાઓ પર સુરક્ષા અનુભવે પણ ઓનલાઈન અને સાયબરસ્પેશ પર પણ સુરક્ષાનો અનુભવ કરે તે માટે ગુજરાત પોલીસે રાજ્યભરમાં ૨૮ દિવસીય અભિયાન 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય સમગ્ર રાજ્યમાં સુરક્ષિત ડિજિટલ ઈકોસિસ્ટમ બનાવવાનો છે.

૧ જુલાઈથી ૨૮ જુલાઈ, ૨૦૨૬ સુધી ચાલનારા આ અભિયાનનો હેતુ સામુદાયિક જોડાણ, ટેક્નોલોજી આધારિત દેખરેખ, પીડિતો સુધી પહોંચ, સાયબર જાગૃતિ અને ઝડપી કાનૂની કાર્યવાહી દ્વારા મહિલાઓ અને બાળકોને સાયબર ક્રાઈમથી બચાવવાનો છે. 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' એ સાયબર ગુનાઓને રોકવા, ડિજિટલ પ્લેટફોર્મ પર લોકોનું રક્ષણ કરવા અને જનતાનો વિશ્વાસ વધારવા માટે રચાયેલ એક કેન્દ્રિત અને ઈન્ટેલિજન્સ-આધારિત પહેલ છે.

'આ ઓપરેશનનો ઉદ્દેશ્ય ડિજિટલ ઈકોસિસ્ટમમાં જાહેર સુરક્ષાને મજબૂત કરવાનો છે, ખાસ કરીને મહિલાઓ અને બાળકો માટે, જેઓ ઓનલાઈન શોષણ, સાયબરસ્ટોકિંગ, નાણાકીય છેતરપિંડી, આઈડેન્ટિટી થેફ્ટ અને અન્ય સાયબર-સંબંધિત ગુનાઓનો વધુને વધુ ભોગ બની રહ્યા છે. સીઆઈડી (ક્રાઈમ અને રેલવે)ના ડીજીપી શ્રી ડૉ. કે. એલ. એન. રાવના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવી રહેલા આ અભિયાનનો હેતુ સંભવિત પીડિતોની અગાઉથી ઓળખ કરવાનો, નાણાકીય નુકસાન અટકાવવાનો, સાયબર જાગૃતિ સુધારવાનો અને દરેક સ્તરે સંકલિત કાર્યવાહી દ્વારા પોલીસનો તાત્કાલિક હસ્તક્ષેપ સુનિશ્ચિત કરવાનો છે, તેમ CID ક્રાઈમ (મહિલા સેલ)નાં એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ શ્રી અજય ચૌધરીએ જણાવ્યું હતું.

# નાસિરનગર ડિમોલિશનમાં રાજ્ય સરકાર કેમ એક્ટિવ નથી? હાઈકોર્ટ : તપાસ કમિટીનો રિપોર્ટ ભીનું સંકેલવાનો પ્રયાસ, એક મહિના પછી પણ પોલીસ ફરિયાદ કેમ નથી લેતી? ગંભીરતા ક્યાં?



અમદાવાદ | સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા વિવાદિત ડિમોલીશનનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો છે. ત્યારે આજે યોજાયેલી સુનાવણી દરમિયાન કોર્ટે સુરત મહાનગરપાલિકા અને સુરત પોલીસને આકરા સવાલો કર્યા હતા. ડિમોલીશનની તપાસ માટે ડેપ્યુટી કમિશરના અધ્યક્ષ સ્થાને રચાયેલી કમિટીને લઈ પણ કોર્ટે સવાલ ઉઠાવ્યો છે અને કહ્યું કે, આમાં રાજ્ય કેમ એક્ટિવ નથી. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, આ લોકલ અધિકારીનું કામ નથી, કોઈને ટેકો હોવો જોઈએ.

ડિમોલીશન સમયે પોલીસની કથિત હાજરીને લઈ કોર્ટે સવાલ ઉઠાવ્યો છે. સાથે કહ્યું છે કે, એક મહિનો કરતા વધુ સમય વિત્યો પણ પોલીસ ફરિયાદ નથી થઈ. તમે હજું તપાસ જ કરો છો. ગંભીરતા ક્યાં છે. સાથે સવાલ કરતા કહ્યું કે, લોકોનું ઘર તોડી નાખવું એ ફોજદારી ગુનો નથી? સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કહ્યું હતું કે, આ પ્રથમદર્શી ગેરકાયદે ડિમોલીશન છે. અરજદારોને દબાણકર્તા કહેવા યોગ્ય નથી. અસરકર્તાઓને મૂળ સ્થળે અથવા બીજે વસાવવાનો પ્લાન રજૂ કરો.

સુરત નાસીરનગર ડિમોલિશન મુદ્દે 26 અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. જેમાં રાજ્ય, SMC, સુરત પોલીસ કમિશ્નર, SOGના DCP રાજદીપસિંહ નકુમ, બિલ્ડર, પોલીસ અને SMCના કર્મચારીઓ તેમજ ટોરેન્ટ પાવરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.29 જૂનની સુનવણીમાં સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, પોલીસ સમક્ષ રજૂઆત 1 જૂને નહીં પરંતુ 10 જૂને આવી છે. વળી આ અરજી સુરત પોલીસ જનરલ રજિસ્ટ્રીને અપાઈ હતી. તેને 16 જૂને DCP ઝોન 3 અને છેલ્લે 19 જૂને PI ચોક્બઝારને મોકલાઈ હતી. આ કેસમાં તપાસ ચાલુ છે અને 10થી વધુ પોલીસ કર્મચારીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે.

**હાઈકોર્ટમાં કોણે અરજી કરી અને કોની સામે?** સુરત નાસીરનગર ડિમોલિશન મુદ્દે 26 અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. જેમાં રાજ્ય, SMC, સુરત પોલીસ કમિશ્નર, SOGના DCP રાજદીપસિંહ નકુમ, બિલ્ડર, પોલીસ અને SMCના કર્મચારીઓ તેમજ ટોરેન્ટ પાવરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.29 જૂનની સુનવણીમાં સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, પોલીસ સમક્ષ રજૂઆત 1 જૂને નહીં પરંતુ 10 જૂને આવી છે. વળી આ અરજી સુરત પોલીસ જનરલ રજિસ્ટ્રીને અપાઈ હતી. તેને 16 જૂને DCP ઝોન 3 અને છેલ્લે 19 જૂને PI ચોક્બઝારને મોકલાઈ હતી. આ કેસમાં તપાસ ચાલુ છે અને 10થી વધુ પોલીસ કર્મચારીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે.

# ગુનેગારોને જેલમાં ધકેલવા માટે આધુનિક હથિયાર: બે વર્ષમાં 37 હજારથી વધુ ક્રાઈમ સીન પર પહોંચી મોબાઈલ ફોરેન્સિક વેન...

અમદાવાદ | પોલીસ જ્યારે કોઈ પણ ગુનાની તપાસ કરે ત્યારે સમયસર પુરાવા મળે તે જરૂરી છે, અને સાથોસાથ એ પણ જરૂરી છે કે તેમાં કોઈ પણ પ્રકારની ભેળસેળ કે અશુદ્ધિકરણ (Contamination) ન થાય. આ ઉદ્દેશને પૂર્ણ કરવા માટે ગુજરામાં 47 ફોરેન્સિક વેન (MFVs) પોલીસ તપાસમાં સહયોગ માટે કાર્યરત છે, જે સુનિશ્ચિત કરે છે કે ગુનાના સ્થળે પુરાવાનું ઝડપી સંરક્ષણ થાય, સમયસર તેનું પ્રાથમિક સ્ક્રિનિંગ થાય અને પ્રાથમિક અભિપ્રાય મળે જેથી પોલીસ તપાસમાં ઝડપી સહયોગ મળી શકે. રાજ્યમાં ફોરેન્સિક વિજ્ઞાનનો વ્યાપ વધે તે માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દીર્ઘ દ્રષ્ટિપૂર્વક ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી



(GSFU)ની સ્થાપના કરી હતી, જેને હવે કેન્દ્રીય યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. પોલીસ કામગીરી અને લૉ એન્ડ ઓર્ડરમાં ફોરેન્સિક વિજ્ઞાનનો વ્યાપક રીતે ઉપયોગ થાય, તે ઉદ્દેશ સાથે તેમના વિઝનરી માર્ગદર્શનમાં આ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમયાનુકૂળ નવા ફોજદારી કાયદાઓ અમલમાં આવ્યાં છે. નવા ફોજદારી કાયદાઓમાં કન્વીક્શન રેટ વધારવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ગુનાઓની તપાસને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. આ કાયદાઓના અમલમાં 7 વર્ષથી વધુ સજાપાત્ર ગુનામાં ફોરેન્સિક તપાસ ફરજિયાત બનાવવામાં આવી છે ત્યારે ફોરેન્સિક વિજ્ઞાનની ભૂમિકા વધી છે. વડાપ્રધાનશ્રીના વિઝનને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ વધારી રહ્યા છે. વર્ષ 2024માં 47 પૈકી 28 મોબાલઈલ ફોરેન્સિક વેનને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના દિશાનિર્દેશો અનુસાર અપગ્રેડ કરવામાં આવી હતી. છેલ્લા બે વર્ષમાં MFVs 37,269 ક્રાઈમ સીન/સ્પોટ પર પહોંચી ચૂકી છે. વિવિધ સ્પોટ મુલાકાતમાં ગુનાવાર આંકડા આ પ્રમાણે છે: મર્ડર (1529), બળાત્કાર/પૉસ્કો/બાળ અત્યાચાર (3746), હત્યાનો પ્રયાસ (1583), લૂંટ (728), ઘરફોડ/ચોરી (2758), ફાયરિંગ (154), વિસ્ફોટ (43), આગ (2893), નાર્કોટિક્સ (1968) અને ફેટલ-જીવલેણ કિસ્સાઓ (9022). તે સિવાય 10,457 અન્ય સ્પોટ મુલાકાતોમાં આકસ્મિક મૃત્યુ, કસ્ટોડીયલ ડેથ, અપ્રાકૃતિક મૃત્યુ, શંકાસ્પદ ઘટનાઓ અને અન્ય કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફોરેન્સિક તપાસ સામેલ છે.\

# પીપનું ઢાંકણું નીચે નાખી દેવા બાબતે હત્યા : અમદાવાદમાં મોઢું ધોવા આવેલા યુવકને ટોકતા બબાલ થઈ

અમદાવાદ | અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં રબારી કોલોની પાસે મોડી રાત્રે મોઢું ધોવા માટે પાણીના પીપળાનું ઢાંકણું નીચે નાખી દેવા બાબતે યુવકની હત્યા કરવામાં આવી છે. મૃતક યુવકના ઘરની બહાર અન્ય યુવક મોઢું ધોવા માટે આવ્યો ત્યારે પીપના ઢાંકણાને નીચે નાખી દેવાનો અવાજ આવ્યો હતો. જેને લઈને બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આરોપીએ મૃતકને છરી મારી દીધી હતી. જેના કારણે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ થઈ ગયું હતું. અમરાઈવાડી પોલીસને જાણ થતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. હાલ પોલીસે આરોપીની ધરપકડની તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ અમરાઈવાડીના રબારી કોલોની પાસે વાઘજીભાઈ એસ્ટેટમાં સંગીતાબેન ચૌહાણ તેમના પતિ અને આઠ મહિનાના બાળક સાથે રહે છે. રાત્રિના સમયે ઘરની બહાર કંઈક અવાજ આવ્યો હતો જેથી બંને પતિ-પત્ની ઘરની બહાર આવ્યા હતા. ત્યારે પાંચેક જેટલા છોકરાઓ ઘરની આગળ ઊભા હતા. જેમાં 19થી 20 વર્ષની ઉંમરનો એક છોકરો જે અગાઉ ત્યાં દુકાન પાસે બેસતો હતો તેને સંગીતાબેન ઓળખતા હતા. યુવકે તેમના ઘરની આગળ રાખેલા પાણીના પીપમાં હાથ નાખીને મોઢું ધોતો હતો અને ઢાંકણું નીચે નાખી દીધું હતું જેથી સંગીતાબેનના પતિ કિશનભાઈએ તેને ટોક્યો હતો.

